# ચૌદમી ગુજરાત વિધાનસભા

## ત્રીજું સત્ર, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નોત્તરી

### મંગળવાર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯

**જવાબ આપનાર મંત્રીશ્રીઓઃ**

| | |
|---|---|
| **(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી** | **:** સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ-ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેક્નોલોજી, તમામ નીતિઓ અને કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો |
| **(૨) માનનીય મંત્રીશ્રી** | **:** મહેસૂલ |
| **(૩) માનનીય મંત્રીશ્રી** | **:** શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ |
| **(૪) માનનીય મંત્રીશ્રી** | **:** સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) |
| **(૫) માનનીય મંત્રીશ્રી (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો)** | **:** પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરીટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ |

# ૧

**રાજ્યમાં ઓનલાઇન એન.એ.**

* ૧૧૪૮૪ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ઓનલાઇન એન.એ. ની કાર્યપદ્ધતિ ક્યારથી અમલમાં આવી, અને | (૧) તા.૧૨-૧૨-૨૦૧૮ થી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઓનલાઇન એન.એ. કાર્યપદ્ધતિને કારણે રાજ્યના નાગરિકોને શું ફાયદો થયેલ છે ? | (૨) (૧) ઓનલાઇન એન.એ. કાર્યપદ્ધતિને કારણે રાજ્યના નાગરિકોને કચેરીઓની મુલાકાતમાંથી મુક્તિ મળેલ છે.<br>(૨) અરજદારોને મહેસુલી રેકર્ડ રજુ કરવામાંથી મુક્તિ મળેલ છે.<br>(૩) નિર્ણય પ્રક્રિયા ઝડપી બનેલ છે.<br>(૪) રાજ્યના નાગરિકોને ઘરબેઠા નેટ બેન્કિંગ દ્વારા અરજી ફી અને અન્ય કરવેરાની ભરપાઇ માટે ઓનલાઇન પેમેન્ટની સેવા મળેલ છે.<br>(૫) અરજી પ્રક્રિયાની એસએમએસ-ઇ.મેઇલ દ્વારા અરજદારોને જાણકારી મળે છે. |

---------

# ૨

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી**

* ૧૨૧૬૦ **શ્રી ભુપેન્દ્રસિંહ ખાંટ** (મોરવાહડફ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી. |

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩

## ભરૂચ અને વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન

* ૧૨૨૧૮ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા અને ભરૂચ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી,

(૨) ઉક્ત પ્રોજેક્ટ અન્વયે કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોએ જમીન સંપાદન અંગે વાંધા ફરિયાદો રજૂ કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે જમીન સંપાદન પ્રક્રિયા ચાલુમાં છે,

**જિલ્લો–વડોદરા**

| નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | વડોદરા (ગ્રામ્ય) | ૨૬–૧૫–૭૯ |
| ૨ | વડોદરા (સીટી) | ૧૬–૧૧–૫૯ |
| ૩ | કરજણ | ૨૮–૬૫–૧૫ |
| ૪ | પાદરા | ૨૧–૨૮–૯૨ |
| | **કુલ** | **૯૨–૨૧–૪૫** |

**જિલ્લો–ભરૂચ**

| નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૬૦–૩૬–૨૧ |
| ૨ | અંકલેશ્વર | ૩૩–૬૧–૯૫ |
| ૩ | આમોદ | ૧૯–૩૯–૧૦ |
| | **કુલ** | **૧૧૩–૩૭–૨૬** |

(૨) વડોદરા અને ભરૂચ જિલ્લામાં અનુક્રમે હે.૯૨–૨૧–૪૫ આરે.ચોમી. અને હે.૧૧૩–૩૭–૨૬ આરે.ચોમી. જમીન સંપાદન કરવાની થાય છે.

(૩) નીચેની વિગતે તાલુકાવાર વાંધા/ફરીયાદો મળેલ છે.

**જિલ્લો–વડોદરા**

| | | |
|---|---|---|
| ૧ | વડોદરા (સીટી) | ૧૬૬ |
| ૨ | વડોદરા (ગ્રામ્ય) | ૧૧૬ |
| ૩ | પાદરા | ૮૨ |
| ૪ | કરજણ | ૧૩૫ |
| | **કુલ** | **૪૯૯** |

**જિલ્લો–ભરૂચ**

| | | |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૬૩ |
| ૨ | અંકલેશ્વર | ૭૦ |
| ૩ | આમોદ | ૧૭૫ |
| | **કુલ** | **૪૦૮** |

---------

# ૪

## ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ માટે અનુદાન ફાળવવા કેન્દ્ર સરકારને કરેલ રજૂઆત

* ૧૨૦૮૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વર્ષ–૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માટેનું અનુદાન ફાળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

**જવાબ**

(૧) શહેરી વિકાસ મંત્રાલય ભારત સરકારનાં તા.૧૦–૦૬–૨૦૧૬ ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માટે ગ્રાન્ટની ફાળવણી કરી શકાય તેમ નથી આથી જૂન–૨૦૧૬ બાદ છેલ્લા બે વર્ષમાં કોઇ રજૂઆત/દરખાસ્ત કેન્દ્ર સરકારમાં કરવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૫

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખનીજ ઉત્ખનન માટેની લીઝ

* ૧૩૦૩૮ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઇ ખનીજ ઉત્ખનન માટે કેટલી લીઝ આપવામાં આવી,

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ | ખનીજ | આપવામાં આવેલ લીઝની સંખ્યા |
|---|---|---|---|
| ગાંધીનગર | ૨૦૧૭ | સાદી રેતી | ૬ |
| | ૨૦૧૮ | સાદી રેતી | ૧૫ |
| મહેસાણા | ૨૦૧૭ | સાદી રેતી | ૧ |
| | ૨૦૧૮ | સાદી રેતી | ૯ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ગેરકાયદેસર ખનીજ ઉત્ખનન કરતાં કેટલા ઇસમો પકડાયા અને પકડાયેલ ઇસમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લો | વર્ષ | ઇસમ | દંડકીય નોટીસ | દંડકીય હુકમ | દંડકીય વસુલાત | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ગાંધીનગર | ૨૦૧૭ | ૮ | ૨ | ૦ | ૬ | – |
| | ૨૦૧૮ | ૧૬ | ૫ | ૦ | ૧૧ | – |
| મહેસાણા | ૨૦૧૭ | ૪૦ | ૧૯ | ૬ | ૧૪ | ૧ LRC ઇસ્યુ કરેલ છે. |
| | ૨૦૧૮ | ૧૬ | ૫ | ૩ | ૬ | ૨ FIR દાખલ કરેલ છે. |

(૩) ઉક્ત પકડાયેલા ઇસમો પાસેથી ઉક્ત સ્થિતિએ કુલ કેટલી દંડની રકમ વસુલ કરવામાં આવી ?

(૩) ઉક્ત પકડાયેલ ઇસમો પાસેથી ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ રૂ.૧૧૪.૪૨ લાખની વસુલાત કરવામાં આવી. ગાંધીનગર જિલ્લામાં કુલ રૂ.૭૪.૯૦ લાખની વસુલાત કરવામાં આવી.

---------

# ૬

## બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ/સંશોધન ક્ષેત્રે પગલા

* ૧૧૩૭૪ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા કોઇ પગલા લીધેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે શાં પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)
- રાજ્યમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના બાયોટેકનોલોજી મિશન દ્વારા છેલ્લા બે વર્ષોમાં, કુલ રૂ.૧૧૮ લાખના ખર્ચે રાજ્યની ૧૨ (બાર) શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓને બાયોઇન્ફોર્મેટીક્સ લેબની રચના માટે સહાય આપવામાં આવેલ છે.
- રાજ્યની ૩ (ત્રણ) જુદી–જુદી સંસ્થાઓમાં સુપર કોમ્પ્યુટીંગ ફેસેલીટી સ્થાપવામાં આવી છે.

- બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે રાજ્ય સરકારે ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરની રચના કરી છે. જેમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે સંશોધન માટેની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.
- ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરને ''શેયર્ડ ફેસેલીટી'' તરીકે જાહેર કરવામાં આવેલ છે.

---------

# ૭

## અમદાવાદ શહેરમાં પોલીસ વિભાગ માટે બિનરહેણાંકના કામો

* ૧૩૧૦૧ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯માં અમદાવાદ શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ ૦૨ બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂ.૧૪૯૬.૭૨ લાખ. |

---------

# ૮

## નલીયા સેક્સકાંડ અંગેના જસ્ટીસ દવે કમિશનના ખર્ચ બાબત

* ૧૨૧૧૫ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના નલીયા ખાતે થયેલ ગુનાહિત સેક્સકાંડ અંગે રાજ્ય સરકારે જસ્ટીસ દવે કમિશનની નિમણૂંક કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કમિશન રચાયા પછી ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયો, અને | (૨) રૂ.૭૦,૨૭,૨૩૮/– |
| (૩) આ કમિશનની પ્રથમ બેઠક ક્યારે મળેલ છે ? | (૩) તા.૧૯–૦૩–૨૦૧૮. |

---------

# ૯

## છોટાઉદેપુર જિલ્લામાં રસ્તા બનાવવા રજૂઆત/માંગણીઓ

* ૧૩૦૫૦ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ખાણ–ખનીજ વિભાગની ગ્રાન્ટમાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા રસ્તા બનાવવા માટે ક્યારે રજૂઆત/માંગણીઓ સરકારને મળી,

**જવાબ**

(૧)

| વર્ષ | રસ્તાનું નામ | રજુઆત મળ્યા તારીખ |
|---|---|---|
| તા.૦૧–૦૨–૨૦૧૭ થી તા.૩૧–૦૧–૨૦૧૮ | (૧) ચીસાડીયા થી હરપાલપૂરા થઇ નાની સઢલી ગામ ને જોડતો ૫.૦૦ કિલોમીટર રસ્તો. | ૧૭–૦૫–૨૦૧૭ |
| | (૨) રંગપુર ગામણ પોલીસ સ્ટેશન પાછળથી ધનક ફળિયા થઇ ટુંડવા તરફ જતાં ડામર રસ્તો ૩.૦૦ કિલોમીટર રસ્તો | ૧૭–૦૫–૨૦૧૭ |
| | (૩) રજૂવાંટથી દિયાવાંટ થી એમપી માં સાજનપૂર ગામને જોડતો ૬.૦૦ કિલોમીટર રસ્તો | ૧૭–૦૫–૨૦૧૭ |
| | (૪) જેતપુરપાવી–કદવાલ રસ્તાને જોડતો ઘૂટણવડ ગામનો ગ્રેનાઇટ ક્વોરી સુધીનો રસ્તો ૨.૦૦ કિલોમીટર | ૧૭–૦૫–૨૦૧૭ |

| વર્ષ | રસ્તાનું નામ | રજુઆત મળ્યા તારીખ |
|---|---|---|
| તા.૦૧-૦૨-૨૦૧૭ થી તા.૩૧-૦૧-૨૦૧૮ | (૫) મેંગેનીજ ખાણ ધરાવતા વડોથ-નાની ખાંડી-કદવાલ-બાકરોલ રસ્તાને મજબૂતી કરણ અને પહોળો કરવાનું કામ ૪.૦૦ કિલોમીટર | ૧૭-૦૫-૨૦૧૭ |
| | (૬) મોટીબેજ ગામથી કોસુમપાણી રાયપુર ગામમાં પટેલ ફળિયાથી ગ્રેનાઇટ માઇન્સ સુધીનો રસ્તો ૨.૦૦ કિલોમીટર | ૧૭-૦૫-૨૦૧૭ |
| | (૭) છોટાઉદેપુર તાલુકામાં મલાજાથી ઝેર ગામને જોડતા ૬.૫૦ કિલોમીટર રસ્તાના કામ શરૂ કરવા માટે | ૧૧-૧૦-૨૦૧૭ |
| | (૮) સંખેડા જૂના ચોળાથી બાયપાસ લીઝ સુધીનો નવીન રસ્તો તથા મજબૂતીકરણ તથા પહોળાઇ વધારવાનું કામ ૧.૦૦ કિલોમીટર | ૩૦-૦૧-૨૦૧૮ |
| | (૯) દમોલી થી કોટાલી ગામ સુધી ડામર સપાટી તથા વાઇડનીંગનું કામ ૧.૦૫ કિલોમીટર | ૩૦-૦૧-૨૦૧૮ |
| તા.૦૧-૦૨-૨૦૧૮ થી તા.૩૧-૦૧-૨૦૧૯ | (૧૦) ચીસડીયા થી હરપાલપૂરા થઇ નાની સઢલી ગામને જોડતો ૫.૦૦ કિલોમીટર રસ્તો. | ૦૭-૦૨-૨૦૧૮, ૦૫-૧૨-૨૦૧૮, ૨૨-૦૧-૨૦૧૯ |
| | (૧૧) રંગપુર ગામણ પોલીસ સ્ટેશન પાછળથી ધનક ફળિયા થઇ ટુંડવા તરફ જતાં ડામર રસ્તો ૩.૦૦ કિલોમીટર | ૦૭-૦૨-૨૦૧૮, ૨૨-૦૧-૨૦૧૯ |
| | (૧૨) રજૂવાંટથી દિયાવાંટ થી એમપી માં સાજનપૂર ગામને જોડતો ૬.૦૦ કિલોમીટર રસ્તો | ૦૭-૦૨-૨૦૧૮, ૦૫-૧૨-૨૦૧૮, ૨૨-૦૧-૨૦૧૯. |
| | (૧૩) જેતપુરપાવી-કદવાલ રસ્તાને જોડતો ઘૂટણવડ ગામનો ગ્રેનાઇટ ક્વોરી સુધીનો રસ્તો ૨.૦૦ કિલોમીટર | ૦૭-૦૨-૨૦૧૮ |
| | (૧૪) મેંગેનીજ ખાણ ધરાવતા વડોથ-નાની ખાંડી-કદવાલ-બાકરોલ રસ્તાને મજબૂતી કરણ અને પહોળો કરવાનું કામ ૪.૦૦ કિલોમીટર | ૦૭-૦૨-૨૦૧૮ |
| | (૧૫) મોટીબેજ ગામથી કોસુમપાણી રાયપુર ગામમાં પટેલ ફળિયાથી ગ્રેનાઇટ માઇન્સ સુધીનો રસ્તો ૨.૦૦ કિલોમીટર | ૦૭-૦૨-૨૦૧૮ |
| | (૧૬) ટુંડવા થી બોડગામને જોડતો બોર્ડર એરીયાનો રસ્તો ૪.૫૦ કી.મી. નાળા સહિત માટી મેટલનો બનેલ છે. | ૨૨-૦૧-૨૦૧૯ |
| | (૧૭) કનાસ ગામે મોટી કનાસ થી રંગપુર તરફનો રસ્તો નાળા સહિત માટી મેટલનો બનેલ છે. | ૨૨-૦૧-૨૦૧૯ |
| | (૧૮) ભોરદલી થી બીલવાંટ ગામને જોડતો રસ્તો ૫.૦૦ કી.મી. નાળા સહિત માટી મેટલનો બનેલ છે. | ૨૨-૦૧-૨૦૧૯ |
| | (૧૯) કસારા એપ્રોચ રોડ ૪.૦૦ કી.મી. નાળા સહિત માટી મેટલનો બનેલ છે. | ૨૨-૦૧-૨૦૧૯ |

| વર્ષ | રસ્તાનું નામ | રજુઆત મળ્યા તારીખ |
|---|---|---|
| તા.૦૧-૦૨-૨૦૧૮ થી તા.૩૧-૦૧-૨૦૧૯ | (૨૦) કનાસ ગામે અલીરાજપુર મેઇન હાઇવે રોડથી નાની કનાસ ગામ તરફનો ૪.૦૦ કી.મી. રસ્તો નાળા સહિત માટી મેટલનો બનેલ છે. | ૨૨-૦૧-૨૦૧૯ |
| | (૨૧) ઝેર ગામે બનેલા માટી મેટલ નાળા સાથેના એપ્રોચ રોડ ઉપર ડામરનો રસ્તો બનાવી આપવા અંગે | ૨૯-૦૧-૨૦૧૯ |

(૨) ઉક્ત સ્થિતિએ માંગણીવાળા રસ્તાઓ બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે કે કેમ,

(૨) ના, જી.

(૩) જો ના તો ગ્રાન્ટ ન ફાળવવાના કારણો શાં છે, અને

(૩)

| | |
|---|---|
| ખંડ-૧ ના અનુ.૧ થી ૬ અને અનુ.૧૦ થી ૧૫ | સુચિત ખર્ચની સરખામણીમાં રોયલ્ટીની પર્યાપ્ત આવક ન હોવાથી |
| ખંડ-૧ ના અનુ.૭ અને ૮ | હાલમાં પાકો રસ્તો ઉપલબ્ધ છે, જેની પહોળાઇ વધારવાની કાર્યવાહી ચાલુમાં છે. |
| ખંડ-૧ ના અનુ.૯ | સુચિત ખર્ચની સરખામણીમાં રોયલ્ટીની પર્યાપ્ત આવક ન હોવાથી |
| ખંડ-૧ ના અનુ.૧૬ થી ૨૧ | અનુ. ૧૬ થી ૨૦ અંગે તા.૨૨-૦૧-૨૦૧૯ અને અનુ. ૨૧ અંગે તા.૨૯-૦૧-૨૦૧૯ ના રોજ રજૂઆતો મળેલ હોઇ હાલ વિચારણા હેઠળ છે. |

(૪) ઉક્ત કામગીરી માટે ગ્રાન્ટ ફાળવણી ક્યારે કરવાનું આયોજન છે ?

(૪) અનુ. ૧ થી ૬ અને ૯ થી ૧૫ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અનુ. ૭, ૮, ૧૬ થી ૨૧ : માર્ગ અને મકાન વિભાગ પાસેથી અંદાજીત ખર્ચની વિગતો મેળવ્યા બાદ તાંત્રિક દ્રષ્ટિએ ચકાસણી કરી ગ્રાન્ટ ફાળવણી સંબંધી નિર્ણય કરવાનું આયોજન છે.

---------

# ૧૦

## બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ/સંશોધન ક્ષેત્રે પગલા

* ૧૧૩૭૬ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા કોઇ પગલા લીધેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે શા પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)
- રાજ્યમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના બાયોટેકનોલોજી મિશન દ્વારા છેલ્લા બે વર્ષોમાં, કુલ રૂ.૧૧૮ લાખના ખર્ચે રાજ્યની ૧૨ (બાર) શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓને બાયોઇન્ફોર્મેટીક્સ લેબની રચના માટે સહાય આપવામાં આવેલ છે.
- રાજ્યની ૩ (ત્રણ) જુદી-જુદી સંસ્થાઓમાં સુપર કોમ્પ્યુટીંગ ફેસેલીટી સ્થાપવામાં આવી છે.
- બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે રાજ્ય સરકારે ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરની રચના કરી છે. જેમાં બાયોઇન્ફોર્મેટીક્સ ક્ષેત્રે સંશોધન માટેની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

- ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરને ''શેયર્ડ ફેસેલીટી'' તરીકે જાહેર કરવામાં આવેલ છે.

---------

# ૧૧

## કચ્છ જિલ્લાની નગરપાલિકાઓને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાંટ

* ૧૧૩૮૭ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પરત્વે કેટલાં કામો મંજુર થયેલ છે, અને

(૩) તે પૈકી કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ
– વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ.૩૦.૭૮ કરોડ અને ૨૦૧૮–૧૯માં રૂ.૨૨.૦૯ કરોડ મળી કુલ રૂ.૫૨.૮૭ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.
– વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ.૩૦.૨૭ કરોડ અને ૨૦૧૮–૧૯માં રૂ.૧૦.૪૫ કરોડ મળી કુલ રૂ.૪૦.૭૨ કરોડની રકમ ચુકવવામાં આવેલ છે.

(૨) – વર્ષ ૨૦૧૭–૧૮ માં ૨૭૦ કામો અને
– વર્ષ ૨૦૧૮–૧૯ માં ૧૮૬ કામો મળી કુલ ૪૫૬ કામો મંજુર થયેલ છે.

(૩) – વર્ષ ૨૦૧૭–૧૮ માં ૨૪૦ કામો અને
– વર્ષ ૨૦૧૮–૧૯ માં ૦૧ કામ મળી કુલ ૨૪૧ કામો પૂર્ણ થયેલ છે.

---------

# ૧૨

## ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના કામો માટે ગ્રાન્ટ

* ૧૧૪૦૧ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન.ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે ક્યારથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ આ ગ્રાન્ટમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન.ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે વર્ષ ૧૯૮૯–૯૦ થી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૨) યોજના શરૂ થઈ ત્યારથી તા.૩૧–૧૨–૧૮ સુધીમાં યોજના હેઠળ અપાતી ધારાસભ્ય દીઠ વાર્ષિક ગ્રાન્ટમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ધારાસભ્યશ્રી દીઠ નિયત કરેલ ગ્રાંટ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ૧૯૮૯–૯૦ | ૧૦.૦૦ |
| ૨ | ૧૯૯૦–૯૧ થી ૧૯૯૧–૯૨ | ૫.૦૦ |
| ૩ | ૧૯૯૨–૯૩ થી ૧૯૯૪–૯૫ | ૧૦.૦૦ |
| ૪ | ૧૯૯૫–૯૬ થી ૧૯૯૬–૯૭ | ૧૫.૦૦ |
| ૫ | ૧૯૯૭–૯૮ | ૨૦.૦૦ |
| ૬ | ૧૯૯૮–૯૯ થી ૧૯૯૯–૨૦૦૦ | ૨૫.૦૦ |
| ૭ | ૨૦૦૦–૨૦૦૧ થી ૨૦૦૧–૦૨ | ૩૦.૦૦ |
| ૮ | ૨૦૦૨–૨૦૦૩ થી ૨૦૧૩–૧૪ | ૫૦.૦૦ |
| ૯ | ૨૦૧૪–૧૫ થી ૨૦૧૭–૧૮ | ૧૦૦.૦૦ |
| ૧૦ | ૨૦૧૮–૧૯ થી | ૧૫૦.૦૦ |

---------

# ૧૩

## વિઠ્ઠલાપુર ખાતેની હોન્ડા મોટર પ્રા.લિ. ને રાજ્ય સરકાર દ્વારા અપાયેલ લાભો

* ૧૨૧૮૩ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ જિલ્લાના વિઠ્ઠલાપુર ખાતે હોન્ડા મોટર સાયકલ અને સ્કુટર ઈન્ડિયા પ્રા.લિ. સાથે તા.૩૦–૦૯–૨૦૧૪ ના રોજ થયેલ એગ્રીમેન્ટ મુજબ તા.૩૦–૧૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ક્યા લાભો આપવામાં આવ્યા ? | કોઈ લાભ આપવામાં આવેલ નથી. |

---------

# ૧૪

## સુરત જિલ્લામાં એમએસએમઇ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૧૨ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૨,૬૭૪ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૧,૯૧૦ એકમોને ૩.૯૭૬૨.૯૩ લાખ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

# ૧૫

## મોરબી અને રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માં બંધ યુનિટ

* ૧૨૧૬૭ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લામાં આવેલી જી.આઇ.ડી.સી.માં જિલ્લાવાર કેટલા યુનિટો બંધ હાલતમાં છે, અને | (૧) મોરબી–૨૯<br>રાજકોટ–૧૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર બંધ યુનિટો પૈકી કેટલા યુનિટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયા ? | (૨) મોરબી–૫<br>રાજકોટ–૧૭ |

---------

# ૧૬

## આશારામ આશ્રમમાં બે બાળકોના મોત અંગે નીમેલ શ્રી ડી.કે. ત્રિવેદી પંચનો અહેવાલ

* ૧૨૧૦૮ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે આશારામ આશ્રમમાં અભ્યાસ કરતા બે બાળકોના તાંત્રિક વિધિથી મોત નિપજાવવાની ગુનાઈત ઘટનામાં રાજ્ય સરકારે નિમેલ શ્રી ડી.કે. ત્રિવેદી પંચનો અહેવાલ રાજ્ય સરકારને મળ્યા પછી પણ તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ એ અહેવાલ જાહેર કરવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ અહેવાલ ક્યાં સુધીમાં પ્રસિદ્ધ કરવાનું આયોજન છે ?

(૨) અને (૩) મળેલ તપાસ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

---------

# ૧૭

## નવસારી જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન

* ૧૨૨૧૬ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૧૨−૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નવસારી જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી,

(૨) ઉક્ત પ્રોજેક્ટ અન્વયે કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોએ જમીન સંપાદન અંગે વાંધા ફરિયાદો રજૂ કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧−૧૨−૨૦૧૮ની સ્થિતિએ નવસારી જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન પ્રક્રિયા ચાલુમાં છે.

| **નં.** | **તાલુકો** | **ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)** |
|---|---|---|
| ૧ | નવસારી | ૨૮−૫૧−૭૨ |
| ૨ | ગણદેવી | ૪૨−૨૪−૭૧ |
| ૩ | જલાલપોર | ૫−૮૩−૦૮ |
| ૪ | ચીખલી | ૭−૬૦−૨૧ |
| | **કુલ** | **૮૪−૧૯−૭૨** |

(૨) નવસારી જિલ્લામાં હાલના તબક્કે હે.૮૪−૧૯−૭૨ આરે.ચો.મી. જમીન સંપાદન કરવાની થાય છે.

(૩) નીચેની વિગતે તાલુકાવાર વાંધા/ફરીયાદો મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | નવસારી | ૧૦૮ |
| ૨ | ગણદેવી | ૯૦ |
| ૩ | જલાલપોર | ૦૦ |
| ૪ | ચીખલી | ૦૦ |
| | **કુલ** | ૧૯૮ |

---------

# ૧૮

## સુરત જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ

* ૧૩૧૦૮ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૧૨−૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત ગ્રામ્ય જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૪૯૪.

---------

# ૧૯

## વડોદરા જિલ્લામાં અખંડ ફાર્મ હાઉસમાં પકડાયેલ દારૂ બાબત

* ૧૨૧૦૦ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) સને ડીસેમ્બર−૨૦૧૬માં વડોદરા જિલ્લામાં અખંડ ફાર્મ હાઉસમાં દારૂની મહેફીલ માણતા અંદાજે ૨૬૦ લોકોને ઝડપી પાડ્યા હતા તે અન્વયે તા.૩૧−૧૨−૨૦૧૮ ની સ્થિતિએ તપાસ કાર્યવાહી કયા તબક્કે છે,

**જવાબ**

(૧) પકડાયેલ વ્યક્તિઓ વિરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા છે, કેટલાને પકડવાના બાકી છે, અને

(૨)

| પકડવામાં આવેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|
| ૧૨૯ | ૧૪ |

(૩) બાકી આરોપીઓને પકડવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પકડવાના બાકી આરોપીઓના રહેણાંક સરનામે, મિત્રવર્તુળ, સગાસંબંધી, મળી આવવાના સ્થળે હ્યુમન ઇન્ટેલીજન્સ અને ટેકનોલોજીના માધ્યમથી પકડવાના પ્રયાસો કરેલ છે.

---------

# ૨૦

## અમદાવાદ અને ખેડા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન

* ૧૨૨૧૯ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ અને ખેડા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જમીન સંપાદન પ્રક્રિયા ચાલુમાં છે.

**જિલ્લો–અમદાવાદ**

| નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૦૯–૬૨–૯૬ |
| ૨ | મણીનગર | ૦૩–૭૧–૧૧ |
| ૩ | સાબરમતી | ૦૧–૫૬–૧૫ |
| ૪ | અસારવા | ૦૧–૯૨–૭૨ |
| ૫ | ઘાટલોડીયા | ૧૦–૬૪–૨૦ |
| ૬ | વટવા | ૦૭–૬૪–૧૫ |
| | **કુલ** | **૩૫–૧૧–૨૯** |

**જિલ્લો–ખેડા**

| નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ખેડા | ૦૫–૨૫–૫૪ |
| ૨ | માતર | ૦૦–૦૮–૪૩ |
| ૩ | વસો | ૦૩–૯૫–૦૨ |
| ૪ | મહેમદાબાદ | ૩૩–૭૬–૯૫ |
| ૫ | નડિયાદ | ૬૨–૪૬–૮૧ |
| | **કુલ** | **૧૦૫–૫૨–૭૫** |

(૨) ઉક્ત પ્રોજેક્ટ અન્વયે કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે, અને

(૨) અમદાવાદ જિલ્લામાં હાલના તબક્કે અનુક્રમે હે.૩૫–૧૧–૨૯ આરે.ચો.મી. અને હે.૧૦૫–૫૨–૭૫ જમીન સંપાદન કરવાની થાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોએ જમીન સંપાદન અંગે વાંધા ફરિયાદો રજૂ કરેલ છે ?

(૩) નીચેની વિગતે તાલુકાવાર વાંધા/ફરીયાદો મળેલ છે.

**જિલ્લો–અમદાવાદ**

| | | |
|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૪ |
| ૨ | મણીનગર | ૩ |
| ૩ | સાબરમતી | ૩ |
| ૪ | અસારવા | ૨ |
| ૫ | ઘાટલોડીયા | ૧ |
| ૬ | વટવા | ૨ |
| | **કુલ** | **૧૫** |

**જિલ્લો–ખેડા**

| | | |
|---|---|---|
| ૧ | ખેડા | ૦૩ |
| ૨ | માતર | ૦૦ |
| ૩ | વસો | ૦૩ |
| ૪ | મહેમદાબાદ | ૧૮ |
| ૫ | નડિયાદ | ૧૯ |
| | **કુલ** | **૪૩** |

---------

# ૨૧

## સુરત અને અમદાવાદ જિલ્લામાં એફ.એસ.આઈ. વધારવા દરખાસ્તો

* ૧૨૦૫૩ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સુરત અને અમદાવાદ શહેરમાં શહેરવાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ કાયદો–૧૯૭૬ની કલમ ૨૯/૧ હેઠળ જુદી જુદી નગરરચનાઓમાં એફ.એસ.આઈ. વધારી વધુ માળ બાંધવા માટેની છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી દરખાસ્તો આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ક્યા શહેરની કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી,

(૩) ઉક્ત મંજૂરી આપવામાં આવેલ કેસ/દરખાસ્તવાર કેટલા ચો.મી. વધારાનું બાંધકામ થઈ શકશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો છેલ્લાં બે વર્ષથી પડતર છે અને ઉક્ત દરખાસ્તો પડતર રહેવાના કારણો શા છે?

**જવાબ**

(૧)

| અ.નં. | શહેર | સમયગાળો | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરત | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | ૫૨ |
| | | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | ૦૦ |
| ૨ | અમદાવાદ | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | ૦૪ |
| | | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | ૦૦ |

(૨)

| અ.નં. | શહેર | સમયગાળો | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરત | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | ૫૨ |
| | | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | ૦૦ |
| ૨ | અમદાવાદ | તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | ૦૩ |
| | | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | ૦૦ |

(૩) સુરત– ક્ષે.૯૪૫૩૦૬.૬૯ ચો.મી.
અમદાવાદ– ક્ષે.૨૭૧૨૧.૧૩ ચો.મી.

(૪) સુરત– કુલ–૦
અમદાવાદ– કુલ–૧
(પરવાનગી માંગવામાં આવેલ નથી)

---------

# ૨૨

## વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં પ્રોજેક્ટ બાબત

* ૧૧૪૧૫ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયા,

(૨) તે પૈકી કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને

**જવાબ**

(૧) કુલ ૪૦૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે.

(૨) કુલ ૧૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ?

(૩) કુલ ૩૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૨૩

## જુનાગઢ જિલ્લાને રેતીની ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવેલ રકમ

* ૧૧૪૪૨ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સમયગાળામાં જુનાગઢ જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૯૫%

(૨) રૂ. ૩.૦૭ કરોડ

---------

# ૨૪

## મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોની વસુલવાની બાકી રકમ

* ૧૨૧૮૬ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમોની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રકમ પૈકી કેટલી રકમ સરકાર પાસેથી અને કેટલી રકમ ખાનગી એજન્સીઓ પાસેથી વસુલવાની બાકી છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા સરકારી અને ખાનગી કાર્યક્રમો થયા,

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યક્રમો અન્વયે કુલ કેટલી રકમ ભાડા પેટે વસુલવામાં આવી અને કેટલી રકમ વસુલવાની બાકી છે, અને

(૫) ઉક્ત સ્થિતિએ એજન્સીઓ ઉક્ત રકમો ચુકવતી ન હોઈ તો કોની સામે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિર ખાતે વર્ષ ૨૦૧૩થી લઈને કુલ રૂા. ૫,૪૫,૫૪,૫૪૭.૦૦ની રકમ વસુલ કરવાની બાકી છે.

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રકમ પૈકી સરકાર પાસેથી રૂા.૩,૯૨,૨૭,૦૫૭.૦૦ અને ખાનગી એજન્સીઓ પાસેથી રૂા.૧,૫૩,૨૭,૪૯૦.૦૦ની રકમ વસુલવાની બાકી છે.

(૩) તા.૧ જાન્યુઆરી, ૨૦૧૭ થી તા.૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ અને તા.૧ જાન્યુઆરી, ૨૦૧૮ થી તા.૩૧ ડિસેમ્બર, ૨૦૧૮ દરમિયાન એમ છેલ્લા બે વર્ષમાં ૫૨ (બાવન) સરકારી અને ૫૨ (બાવન) ખાનગી કાર્યક્રમો થયા.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યક્રમો અન્વયે કુલ રૂા. ૧૨,૩૨,૩૪,૯૫૪.૦૦ની રકમ ભાડા પેટે વસુલવામાં આવી અને રૂા. ૧,૩૧,૦૪,૯૯૬.૦૦ની રકમ વસુલવાની બાકી છે.

(૫) રકમ વસુલ કરવાની કાર્યવાહી તરીકે એજન્સીઓને સમયાંતરે બાકી રકમ ચૂકવવા અંગે પત્ર દ્વારા જાણ કરવામાં આવે છે.

---------

# ૨૫

## સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોની વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૦૫ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

**જવાબ**

(૧) ૬,૦૨૧

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| વર્ષ | અરજી મંજુર કરેલ હોય તેવા એકમોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૨૭૮૫ |
| ૨૦૧૮ | ૨૪૮૬ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩) ૧૨,૬૨૯ એકમોને રૂ.૨૨૫.૦૩ કરોડની વ્યાજ સહાયની રકમની ચૂકવણી કરવામાં આવી.

---------

# ૨૬

## અમદાવાદ શહેરમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

* ૧૩૧૦૨ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

(૨) ૫૧૪૯

---------

# ૨૭

## વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં પ્રોજેક્ટ બાબત

* ૧૧૪૨૯ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૧) કુલ ૪૦૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે.

(૨) તે પૈકી કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને

(૨) કુલ ૧૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ?

(૩) કુલ ૩૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૨૮

## ક્રાઈમ અને ક્રિમીનલ નેટવકર્સ સીસ્ટમ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૧૨૧૧૯ **મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્રાઈમ અને ક્રિમીનલ નેટવકર્સ સીસ્ટમ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૧) હા, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

(૨) તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ના સમયગાળા માટે કુલ રૂ.૨૩૯.૭૦ લાખની રકમ અને તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ સુધીના સમયગાળા માટે કુલ રૂ.૨૭૧.૮૭ લાખની રકમ મળેલ છે.

---------

# ૨૯

## રાજ્યમાં લોકરક્ષક દળની લેખિત પરીક્ષાની મોકૂફી બાબત

* ૧૨૦૯૭ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર–૨૦૧૮માં રાજ્યમાં લોકરક્ષક દળની ભરતી માટેની લેખિત પરીક્ષા રદ/મોકૂફ કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો ઉક્ત પરીક્ષા રદ કરવાના શા કારણો હતા, અને | (૨) તા.૦૨–૧૨–૨૦૧૮ના રોજની લોકરક્ષકની લેખિત પરીક્ષાનું પ્રશ્ન પત્ર લીક થઈ જવાથી ઉમેદવારોના હિત ખાતર સદરહુ પરીક્ષા રદ કરવામાં આવેલ. |
| (૩) તા.૨૫–૦૧–૨૦૧૯ની સ્થિતિએ તે પૈકી જવાબદાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ? | (૩) તા.૨૫–૦૧–૨૦૧૯ની સ્થિતિએ કુલઃ૨૦ આરોપીઓને અટક કરવામાં આવેલ છે અને ૧૬ આરોપીઓને અટક કરવાના બાકી છે. |

---------

# ૩૦

## દલિત સમાજની મહિલાઓને એવોર્ડ

* ૧૨૨૪૪ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ દલિત સમાજની મહિલાઓને તેમના વિશિષ્ઠ યોગદાન માટે એવોર્ડ આપવાની યોજના સરકારે અમલમાં મુકી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કઈ યોજના અમલમાં છે, | (૨) સાવિત્રીબાઈ ફૂલે દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ. |
| (૩) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા એવોર્ડ આપવામાં આવ્યા, અને | (૩) |

| વર્ષ | એવોર્ડની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧ |
| ૨૦૧૭–૧૮ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત એવોર્ડમાં કેટલી રકમ આપવામાં આવે છે? | (૪) રૂ.૧,૦૦,૦૦૦/–(રૂ.એક લાખ પુરા) તથા પ્રશસ્તિ પત્ર. |

---------

# ૩૧

## અમદાવાદ શહેરનું કર્ણાવતી નામ કરવા રજૂઆત

* ૧૨૦૬૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને કેટલી દરખાસ્ત માંગણી કરવામાં આવી, અને | (૧) એકપણ નહી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૩૨

## અમદાવાદ શહેરમાં પોલીસ વિભાગ માટે રહેણાંક મકાનો

* ૧૩૦૯૨ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯માં અમદાવાદ શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ ૪૮ રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) કુલ રૂ.૫૫૨.૧૫ લાખ. |

---------

# ૩૩

## રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા બાબત

* ૧૨૧૮૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪માં રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનો કરાર થયો હતો તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ આ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) ચાઈના સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝીસ સંસ્થાએ ૨૦૦.૮૨ હેક્ટર જરૂરીયાત પૈકી ૫૫.૨૮ હેક્ટર જમીન ખરીદી છે. બાકીની જમીન મેળવવાનું કામ ચાલુ છે. |
| (૩) ઉક્ત પાર્ક કયા સ્થળે ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ? | (૩) સાણંદ નજીક,<br>બાકીની જમીન સંપાદન થયે પાર્ક બનાવવાની કામગીરી કરવામાં આવશે. |

---------

# ૩૪

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જી.આઈ.ડી.સી.માં બંધ યુનિટ

* ૧૨૧૭૦ **શ્રી ધવલસિંહ ઝાલા** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જીલ્લાવાર કેટલા યુનિટો બંધ હાલતમાં છે, અને | (૧) અરવલ્લી – ૩૩<br>સાબરકાંઠા – ૨૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર બંધ યુનિટો પૈકી કેટલા યુનિટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયા? | (૨) અરવલ્લી – ૭<br>સાબરકાંઠા – ૪ |

----------

# ૩૫

## સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોની વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૦૬ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી, | (૧) ૬,૦૨૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| વર્ષ | અરજી મંજુર કરેલ હોય તેવા એકમોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૨૭૮૫ |
| ૨૦૧૮ | ૨૪૮૬ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩) ૧૨,૬૨૯ એકમોને રૂ. ૨૨૫.૦૩ કરોડની વ્યાજ સહાય રકમની ચૂકવણી કરવામાં આવી.

---------

# ૩૬

## રાજુલા તાલુકામાં ઔદ્યોગિક એકમોની લીઝ

* ૧૨૨૦૨ **શ્રી અમરીષભાઈ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ રાજુલા તાલુકામાં ઔદ્યોગિક એકમોની લીઝો આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પૈકી ઔદ્યોગિક એકમની લીઝ ક્યા સ્થળે આવેલી છે,

(૩) તે પૈકી લીઝવાર ક્યા ઔદ્યોગિક એકમ દ્વારા ક્યા પ્રકારનું કેટલું ખનિજ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કાઢવામાં આવ્યું, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે અન્વયે રાજ્ય સરકારને વર્ષવાર રોયલ્ટીની કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અલ્ટ્રાટેક સિમેન્ટ લિ. ની લાઇમસ્ટોન/માર્લ ખનિજની લીઝ રાજુલા તાલુકાના કોવાયા તથા જાફરાબાદ તાલુકાના બાબરકોટ, વાંઢ, વારાસ્વરૂપ, ભાકોદર ગામે જુદા જુદા સર્વે નંબરોમાં બંન્ને તાલુકામાં સંયુક્ત આવેલી છે.

(૩)

| ક્રમ | વર્ષ | લાઇમસ્ટોન(મે.ટનમાં) | માર્લ(મે.ટનમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭ | ૩૬૪૭૪૫૩ | ૧૨૧૫૭૧૦ |
| ૨ | ૨૦૧૮ | ૩૭૨૯૫૪૭ | ૧૨૪૩૦૯૬ |

(૪)

| ક્રમ | વર્ષ | આવક (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૭ | ૩૧૮૦.૩૯ |
| ૨ | ૨૦૧૮ | ૩૬૩૭.૧૪ |

---------

# ૩૭

## ટાટા મોટર્સ લી.ને પ્રથમ ફેઝ અને બીજા ફેઝમાં મૂડીરોકાણ

* ૧૨૧૯૫ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારના તા.૦૧–૦૧–૨૦૦૯ના ઠરાવની શરતો પૈકી શરત નં. ૧૨ની અન્ય શરતો મુજબ ટાટા મોટર્સ લી. ને પ્રથમ ફેઝ અને બીજા ફેઝમાં કેટલું મૂડીરોકાણ કરવાનું હતું, અને

(૨) તે અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ પ્રથમ ફેઝ અને બીજા ફેઝમાં કેટલું મૂડીરોકાણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ટાટા મોટર્સ લી. એ પ્રથમ અને બીજા ફેઝમાં ઠરાવની શરત નં.૧૨ની અન્ય શરતો મુજબ મૂડીરોકાણ ન કર્યુ હોય તો સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) ફેઝ–૧માં રોકાણઃ ૨૯૦૦ કરોડ

ફેઝ–૨માં રોકાણઃ ૧૧૦૦ કરોડ

(૨) ફેઝ–૧માં રોકાણઃ ૩૯૫૪ કરોડ

ફેઝ–૨માં રોકાણઃ કંપનીની પોતાની મૂડી રોકાણની પ્રક્રિયા ચાલુ હોઈ તેમજ કંપનીના જણાવ્યા મુજબ સ્ટેટ્યુટરી ઓડીટર દ્વારા ઓડીટ ન થયેલ હોઈ વિગતો આપી શકાય તેમ નથી.

(૩) ઠરાવની શરત નં. ૧૨માં સદર બાબતનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. તેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૮

## વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત હેલ્થ–કેર એન્ડ ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં પ્રોજેક્ટ

* ૧૧૪૧૬ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત હેલ્થ–કેર એન્ડ ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયા, | (૧) કુલ ૩૦૦ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને | (૨) કુલ ૧૩૧ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ? | (૩) કુલ ૮૨ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૩૯

## ધોલેરા એસ.આઈ.આર. માં જમીન સંપાદન

* ૧૨૧૯૮ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોલેરા એસ.આઈ.આર(સર)માં સરકાર દ્વારા જમીન સંપાદન અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા ખેડૂતોને કેટલું વળતર આપવામાં આવ્યું, | (૧) ૪૧૪ જમીન માલિકોને કુલ રૂપિયા ૩૭,૫૩,૯૪,૫૫૭/– વળતર આપવામાં આવ્યું. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલાં ખેડૂતોને વળતર ચુકવવાનું બાકી છે, | (૨) વળતર ચૂકવવાનાં બાકીમાં નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને વળતર ચુકવવાનું બાકી હોવાના કારણો શા છે, અને | (૩) લાગુ પડતુ નથી. |
| (૪) ઉક્ત બાકી રહેલા ખેડૂતોને ક્યાં સુધીમાં વળતર ચુકવવામાં આવશે? | (૪) લાગુ પડતુ નથી. |

---------

# ૪૦

## ગીર સોમનાથ અને જૂનાગઢ જીલ્લામાં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી

* ૧૨૧૫૩ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ગીર–સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૪૧

## દેવભુમિ દ્વારકા જીલ્લામાંથી ખનીજ ચોરીની વસુલવાની રકમ

* ૧૨૨૦૪ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જીલ્લામાંથી ખનીજ ચોરી પેટે કરવામાં આવેલ દંડ અને ખનીજ ચોરીની કેટલી રકમ વસુલવાની બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી રકમ પૈકી કેટલા ઇસમો પાસેથી કેટલી રકમ એક વર્ષ, ત્રણ વર્ષ અને પાંચ વર્ષ કરતાં વધુ સમયની વસુલવાની બાકી છે, અને

(૩) આવા ઇસમો ખનીજ ચોરી અને દંડની રકમ સમયસર ન ભરતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તેમની સામે શા પગલા લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) રૂ. ૧૯૧૨૪.૪૦ લાખ.

(૨) **(રકમ રૂ. લાખમાં)**

| **૧ થી ૩ વર્ષ** | | **૩ થી ૫ વર્ષ** | | **૫ વર્ષથી વધુ** | |
|---|---|---|---|---|---|
| **ઇસમો** | **રકમ** | **ઇસમ** | **રકમ** | **ઇસમ** | **રકમ** |
| ૧૩ | ૧૫૪૫૧.૧૯ | ૦ | ૦ | ૧ | ૩૬૭૩.૨૧ |

(૩) અપીલ/રીવીઝન/કોર્ટ કેસ સહિતની તમામ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસુલવાની થતી હોય છે.

---------

# ૪૨

## ડાંગ જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૧૧૪૭૩ **શ્રી અરવિંદભાઇ પટેલ** (ધરમપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૫૨૪

(૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

---------

# ૪૩

## સાબરકાંઠા જિલ્લામાં ગૌણ ખનિજનો જાહેર હરાજીથી નિકાલ

* ૧૧૪૪૮ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તે માટે સરકાર દ્વારા કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સન ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખનિજોનો જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં સાદી રેતી અને ગ્રેનાઇટ ખનિજોનો જાહેર હરાજીથી નિકાલની પ્રક્રિયા હેઠળ છે.

| **વર્ષ** | **ખનિજ** | **જાહેર હરાજી માટે મૂકવામાં આવેલ બ્લોક** | **જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવેલ બ્લોકની સંખ્યા** |
|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | સાદી રેતી | ૧૦ | ૦૦ |
| ૨૦૧૮–૧૯ (તા.૩૧–૧૨–૧૮ ની સ્થિતિએ) | સાદી રેતી | ૦૩ | ૧૩ |
| | ગ્રેનાઇટ | ૧૬ | હરાજીની પ્રક્રિયા ચાલુમાં છે. |
| | **કુલ** | **૨૯** | **૧૩** |

---------

# ૪૪

## અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પુરૂ પાડવાનો પ્રોજેક્ટ

* ૧૨૦૭૩ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પુરુ પાડવાના પ્રોજેક્ટ અન્વયે પાયલોટ પ્રોજેક્ટ તરીકે જોધપુર વોર્ડ પસંદ કરી પાઈપ લાઈન નાંખવાની કામગીરી પુર્ણ થયેલ છે તે વોર્ડમાં ૨૪ કલાક પીવાનું પાણી પુરુ પાડવા માટે તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ રજૂઆતો અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી,

(૩) ઉક્ત સ્થિતિએ ૨૪ કલાક પાણી પુરૂ પાડવા ઉક્ત પાયલોટ પ્રોજેક્ટ અન્વયે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ દિવસ દરમ્યાન કેટલા કલાક પાણી પુરુ પાડવામાં આવે છે, અને ૨૪ કલાક પાણી ક્યાં સુધીમાં પુરુ પાડવા શું આયોજન છે?

**જવાબ**

(૧) ૪ (ચાર).

(૨) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા (૧) આનંદનગર (૨) નોવેક્ષ (૩) ગોકુલ આવાસ (૪) જોધપુર ગામતળ અને (૫) ઘરવિહોણા ખાતે જુદી જુદી ક્ષમતાની પાંચ નંગ ઓવરહેડ ટાંકી બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને દરેક ઓવરહેડ ટાંકીને સંલગ્ન જરૂરી ઈલેક્ટ્રીક/મીકેનીકલ કામગીરી સાથે ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક નાંખવાની સમગ્ર કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. નવી બનાવવામાં આવેલ પાંચ ઓવરહેડ ટાંકી પૈકી આનંદનગર ઓવરહેડ ટાંકીના ડીએમએમાં સૌપ્રથમ હાઉસ સર્વિસ કનેક્શન આપવાની કામગીરી પૂર્ણ કરી જરૂરી ટ્રાયલ રન લઈ ક્રમશઃ પ્રથમ ચાર કલાક અને હાલમાં પાંચ કલાક પાણી વિતરણ કરવામાં આવે છે. ત્યારબાદ નોવેક્ષ ઓવરહેડ ટાંકીનો ટ્રાયલ રન લઈ ક્રમશઃ પ્રથમ ચાર કલાક અને હાલમાં સાડા છ કલાક પાણી વિતરણ કરવામાં આવે છે. ઘરવિહોણા તથા ગામતળ ડીએમએનું ત્રણવાર ટેસ્ટીંગ કરવામાં આવેલ છે. ઘરવિહોણા, ગામતળ અને ગોકુલ આવાસ એમ ત્રણ ઓવરહેડ ટાંકીના ડીએમએમાં આવતી સોસાયટીઓને હાઉસ સર્વિસ કનેક્શન આપવાની કામગીરી ચાલુ છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ સદર સ્કીમ અમલમાં આવ્યેથી.

(૩) રૂ.૩૫/– કરોડ

(૪) જોધપુર વોર્ડના આનંદનગર ડીએમએમાં સૌપ્રથમ ચાર અને હાલમાં પાંચ કલાક પાણી વિતરણ કરવામાં આવે છે. ત્યારબાદ નોવેક્ષ ઓવરહેડ ટાંકીનો ટ્રાયલરન લઈ ક્રમશઃ પ્રથમ ચાર કલાક અને હાલમાં સાડા છ કલાક પાણી વિતરણ કરવામાં આવે છે. બાકી રહેલ ડીએમએમાં હાઉસ સર્વિસ કનેક્શન કરવાની કામગીરી પૂર્ણ કરી વોટર પોલિસી અમલમાં આવ્યેથી.

---------

# ૪૫

## વાયબ્રન્ટ સમિટ–૨૦૧૯ માં ભાગ લીધેલ દેશોના પ્રતિનિધિ

* ૧૩૧૨૯ **શ્રી જવાહરભાઈ ચાવડા** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૯માં કેટલા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો,

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૯માં ૧૩૫ થી વધારે દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો,

(૨) ઉક્ત સમિટ દરમિયાન પાર્ટનર દેશો કયા હતા,

(૨) ઉક્ત સમિટ દરમ્યાન ૧૫ પાર્ટનર દેશો હતા, જે નીચે મુજબ છે.
(૧) ઓસ્ટ્રેલિયા (૨) કેનેડા (૩) સીચેક રિપબ્લિક (૪) ડેનમાર્ક (૫) ફ્રાન્સ (૬) જાપાન (૭) મોરોક્કો (૮) નોર્વે (૯) પોલેન્ડ (૧૦) દક્ષિણ આફ્રિકા (૧૧) કોરીયા (૧૨) થાઈલેન્ડ (૧૩) નેધરલેન્ડ (૧૪) યુએઇ (૧૫) ઉઝબેકિસ્તાન

(૩) આ સમિટ દરમ્યાન કેટલા અને કયા સેમીનાર યોજવામાં આવ્યા હતા, અને

(૩) આ સમિટ દરમિયાન ૧૮ થીમ સેમિનાર, ૦૬ સ્ટેટ સેમિનાર અને ૨૪ કન્ટ્રી સેમિનાર યોજવામાં આવ્યા હતા, જે નીચે મુજબ છે.

**થીમ સેમિનાર**

(૧) ઈન્ટરનેશનલ રાઉન્ડટેબલ એન્ડ કોન્ફરન્સ ઓન સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરીંગ એન્ડ મેથેમેટીક્સ (સ્ટીમ)
(૨) મેક ઇન ઇન્ડિયા–મેકીંગ ઇન્ડિયા એ ગો–ટુ ડેસ્ટીનેશન ફોર મેન્યુફેક્ચરીંગ
(૩) પોર્ટ લીડ ડેવલપમેન્ટ એન્ડ સ્ટ્રેટીજીક્સ ટુ એસ્ટાબ્લિશ ઇન્ડિયા એસ ધ ટ્રાન્સીપમેન્ટ હબ ઓફ એશિયા
(૪) ગીફ્ટ ઇન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસીસ સેન્ટરઃ એ ન્યૂ ફાયનાન્સિયલ ગેટવે ઓફ ઇન્ડિયા
(૫) ઓર્પોચ્યુનિટીસ ફોર ઇન્ડસ્ટ્રી ઇન ડેફેન્સ એન્ડ એરોસ્પેસ
(૬) આફ્રિકા ડે
(૭) એમએસએમઇ કન્વેન્શન
(૮) ગ્લોબલ કોન્કલેવ ઓફ ઇન્ટરનેશનલ ચેમ્બર્સ
(૯) ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઇએસએ) ફોરમ
(૧૦) ગુજરાત સ્પ્રિન્ટ–૨૦૨૨
(૧૧) સેમિનાર ઓન બાયલેટ્રલ ટ્રેડ (ટ્રેડ એન્ડ એક્ષ્પોર્ટ્સ)
(૧૨) શેપિંગ એ ન્યૂ પેરાડિગ્મ ઇન મેડીકલ એન્ડ ફાર્મા સર્વિસીસ
(૧૩) મોબિલિટી લેડ અર્બન ડેવલપમેન્ટ
(૧૪) ટેક્ષ્ટાઇલ કોન્કલેવ – એક્ષપ્લોરીંગ ગ્રોથ પોટેન્સિયલ ઓફ ટેક્ષ્ટાઇલ ફોર બિલ્ડીંગ ન્યૂ ઇન્ડિયા
(૧૫) રિન્યુએબલ એનર્જી–ઓપોર્ચ્યુનિટીસ ઇન ગુજરાત એન્ડ ઇન્ડિયા
(૧૬) રિપોસીશનીંગ ઇન્ડિયન ટેલેન્ટ પુલ ઓન એ ગ્લોબલ ફ્રાઉન્ટર
(૧૭) સસ્ટેનેબલ ટેક્નોલોજી ડ્રિવન એગ્રિકલ્ચર ફોર ન્યૂ ઇન્ડિયા
(૧૮) સેમિનાર ઓન હેલ્થકેર (આફ્રિકા ડે)

**સ્ટેટ સેમિનાર**

(૧) હિમાચલ પ્રદેશ (૨) આંધ્રપ્રદેશ (૩) હરિયાણા (૪) કર્ણાટક (૫) ઝારખંડ (૬) ઓરિસ્સા

**કન્ટ્રી સેમિનાર**

(૧) ઓસ્ટ્રેલિયા (૨) કેનેડા (૩) સીચેક રિપબ્લિક (૪) ડેનમાર્ક (૫) ફ્રાન્સ (૬) જાપાન (૭) મોરોક્કો (૮) નોર્વે (૯) પોલેન્ડ (૧૦) દક્ષિણ આફ્રિકા (૧૧) કોરીયા (૧૨) થાઈલેન્ડ (૧૩) નેધરલેન્ડ (૧૪) યુએઇ (૧૫) ઉઝબેકિસ્તાન (૧૬) સાયપ્રસ (૧૭) માલ્ટા

(૧૮) ટાયટ્રા (૧૯) ફ્રી સ્ટેટ ઓફ ગેટવે ટુ યુરોપીયન માર્કેટ એન્ડ ઇનોવેશન (૨૦) યુએસઆઇબીસી (૨૧) યુએસઆઇએસપીએફ (૨૨) સીડબલ્યુઇઆઇસી (૨૩) એસઆઇસીસીઆઇ (૨૪) ડ્યુકમ (ઓમાન).

(૪) ઉક્ત યોજાયેલ સેમિનાર દીઠ પાર્ટનર કોણ હતા ?

(૪) ઉક્ત યોજાયેલ સેમિનાર દીઠ પાર્ટનર નીચે મુજબ હતા.

(૧) ડેનમાર્ક કન્ટ્રી સેમિનાર(સીઆઇઆઇ)
(૨) ઉઝબેકિસ્તાન કન્ટ્રી સેમિનાર (ફિક્કી)
(૩) ઓસ્ટ્રેલિયા કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૪) નેધરલેન્ડ કન્ટ્રી સેમિનાર (ફિક્કી)
(૫) જાપાન કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૬) યુએએસ ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (યુએસઆઇબીસી) કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૭) ઝારખંડ સ્ટેટ સેમિનાર (સીઆઇઆઇ)
(૮) યુએઇ કન્ટ્રી સેમિનાર (ફિક્કી)
(૯) સાઉથ કોરીયા કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૧૦) મહારાષ્ટ્ર સ્ટેટ સેમિનાર (સીઆઇઆઇ)
(૧૧) સીઝેક રિપબ્લિક કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૧૨) થાઇલેન્ડ કન્ટ્રી સેમિનાર (ફિક્કી)
(૧૩) નોર્વે કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૧૪) તાઇવાન એક્ષ્ટર્નલ ટ્રેડ ડેવલપમેન્ટ કાઉન્સિલ (ટાયટ્રા) કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૧૫) પોલેન્ડ કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૧૬) હિમાચલ પ્રદેશ સ્ટેટ સેમિનાર (ફિક્કી)
(૧૭) ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઇએસએ) ફોરમ સેમિનાર (ફિક્કી)
(૧૮) ફ્રાન્સ કન્ટ્રી સેમિનાર (ફિક્કી)
(૧૯) યુએસ–ઇન્ડિયા સ્ટ્રેટીજીક પાર્ટનરશીપ ફોરમ (યુએસઆઇએસપીએફ) સેમિનાર (સીઆઇઆઇ)
(૨૦) કર્ણાટક સ્ટેટ સેમિનાર (સીઆઇઆઇ)
(૨૧) કેનેડા યોર સ્ટાર્ટઅપ ગેટવે સેમિનાર (ફિક્કી)
(૨૨) દક્ષિણ આફ્રિકા કન્ટ્રી સેમિનાર (સીઆઇઆઇ)
(૨૩) મોરોક્કો કન્ટ્રી સેમિનાર (ફિક્કી)
(૨૪) આંધ્રપ્રદેશ સ્ટેટ સેમિનાર (ફિક્કી)
(૨૫) પંજાબ સ્ટેટ સેમિનાર (સીઆઇઆઇ)
(૨૬) સિંગાપોર ઇન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (એસઆઇસીસીઆઇ) સેમિનાર (ફિક્કી)
(૨૭) ઇકોનોમિક એન્ડ ઇન્વેસ્ટમેન્ટ પોટેન્સિયલ ઓફ ટાયુમેન રિઝન (રશિયા) સેમિનાર (ફિક્કી)
(૨૮) ધ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન ઓફ ડાયકમ (ઓમાન) સેમિનાર (ફિક્કી)
(૨૯) મિનિસ્ટ્રી ઓફ શીપીંગ સેમિનાર (સીઆઇઆઇ)
(૩૦) હરિયાણા સ્ટેટ સેમિનાર (સીઆઇઆઇ)
(૩૧)સાયપ્રસ કન્ટ્રી સેમિનાર (ફિક્કી)

---------

# ૪૬

## ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસ કામો માટે ગ્રાન્ટ

* ૧૧૩૯૫ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન. ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે ક્યારથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને

(૨) તા.૩૧–૧૨–૧૮ની સ્થિતિએ આ ગ્રાન્ટમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન. ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે વર્ષ ૧૯૮૯–૯૦ થી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૨) યોજના શરૂ થઇ ત્યારથી તા.૩૧–૧૨–૨૦૧૮ સુધીમાં યોજના હેઠળ અપાતી ધારાસભ્ય દીઠ વાર્ષિક ગ્રાન્ટમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ધારાસભ્યશ્રી દીઠ નિયત કરેલ ગ્રાન્ટ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ૧૯૮૯–૯૦ | ૧૦.૦૦ |
| ૨ | ૧૯૯૦–૯૧ થી ૧૯૯૧–૯૨ | ૫.૦૦ |
| ૩ | ૧૯૯૨–૯૩ થી ૧૯૯૪–૯૫ | ૧૦.૦૦ |
| ૪ | ૧૯૯૫–૯૬ થી ૧૯૯૬–૯૭ | ૧૫.૦૦ |
| ૫ | ૧૯૯૭–૯૮ | ૨૦.૦૦ |
| ૬ | ૧૯૯૮–૯૯ થી ૧૯૯૯–૨૦૦૦ | ૨૫.૦૦ |
| ૭ | ૨૦૦૦–૨૦૦૧ થી ૨૦૦૧–૦૨ | ૩૦.૦૦ |
| ૮ | ૨૦૦૨–૨૦૦૩ થી ૨૦૧૩–૧૪ | ૫૦.૦૦ |
| ૯ | ૨૦૧૪–૧૫ થી ૨૦૧૭–૧૮ | ૧૦૦.૦૦ |
| ૧૦ | ૨૦૧૮–૧૯ થી | ૧૫૦.૦૦ |

---------

# ૪૭

## અમદાવાદ જિલ્લામાં એમએસએમઇ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૩૯ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપિટલ સબસીડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૨૨૫૮ અરજીઓ મંજુર કરવામાં આવી.

(૨) ૧૨૫૪ એકમોને રૂ. ૫૬૫૪.૮૬ લાખનું ચુકવણું કરવામાં આવ્યું.

---------

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ?

**જવાબ**

(૧) કુલ ૨૭૧ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન થયેલ છે.

(૨) કુલ ૪૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૩) કુલ ૧૨૩ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૧૦૮

**વાઈબ્રન્ટ સમીટ-૨૦૧૭ અંતર્ગત ઇન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોજી સેક્ટરમાં પ્રોજેક્ટ**

* ૧૧૪૨૪ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ઇન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોજી સેક્ટરમાં મંજૂર થયેલ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન પૈકી તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ?

**જવાબ**

(૧) કુલ ૭૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૨) કુલ ૨૪ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૧૦૯

**સુરત અને જામનગર જિલ્લામાં વિદેશી દારૂના પરવાના**

* ૧૨૦૮૩ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ સુરત અને જામનગર જીલ્લામાં જીલ્લાવાર વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના પરવાનેદારો કેટલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જીલ્લાવાર વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવાના કેટલા નવા પરવાનાઓ આપવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| જીલ્લા | પરવાનેદારની સંખ્યા |
|---|---|
| સુરત | ૦૫ |
| જામનગર | ૦૨ |

(૨) એકપણ નહીં.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવામાં આવ્યુ, અને

(૩)

| વિદેશી દારૂ (કિલો લીટર) | બિયર (કિલો લીટર) |
|---|---|
| ૨૭૪.૪૯૨ | ૪૩૧૮.૨૬૩ |

(૪) ઉક્ત સ્થિતિએ સરકારને છેલ્લાં બે વર્ષમાં ઉક્ત પેટે કુલ કેટલી આવક મળી ?

(૪) રૂ. ૯.૭૫ કરોડ

---------

# ૧૧૦

## વાયબ્રન્ટ સમીટ–૨૦૧૭ અને ૨૦૧૯માં ઊભી થયેલ રોજગારી

* ૧૩૧૨૩ **ડો.અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને–૨૦૧૭ અને ૨૦૧૯માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં સમિટવાર કુલ કેટલી રોજગારી ઊભી થવાનો અંદાજ હતો, અને

(૨) તે પૈકી તા.૩૧–૦૧–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત સમિટવાર અંદાજ સામે કેટલી રોજગારી ઉભી થઈ ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૭માં ૪૨,૯૭,૮૨૪ની કુલ સુચિત રોજગારી હતી.
વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૯માં ૨૦,૯૦,૩૩૯ની કુલ સુચિત રોજગારી હતી.

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૭માં તા. ૩૧–૦૧–૨૦૧૯ ની સ્થિતિએ ઉત્પાદનમાં ગયેલ ૧૪૮૧૬ પ્રોજેક્ટોમાં ૨,૯૫,૨૨૮ની રોજગારી ઊભી થઇ.
વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૯માં મંજુર થયેલ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન હાલ પ્રાથમિક તબક્કામાં છે.

---------

# ૧૧૧

## જામનગર જિલ્લાની નગરપાલિકાઓને પાણી પુરવઠા યોજના માટે મંજૂર થયેલ રકમ

* ૧૧૩૮૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા** (જામનગર–ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાની કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ યોજનાવાર કેટલો ખર્ચ થયેલ છે,

(૩) ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાની મંજૂરી બે વર્ષ અગાઉ આપેલ હોઈ છેલ્લા બે વર્ષમાં કોઈ મંજૂરી આપેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૧૨

## રાજ્યના નવા જાહેર કરેલા બંદરો

* ૧૨૧૪૧ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નવા કયા બંદરો જાહેર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કયા બંદરો ખાનગી એકમો દ્વારા કયા હેતુ માટે વિકસાવવાનું આયોજન છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કોઈ નવા બંદર જાહેર કરવામાં આવ્યા નથી.

(૨) લાગુ પડતુ નથી.

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ કયા બંદર વિકસાવવાની યોજના પડતી મૂકવામાં આવી છે ? | (૩) ઉક્ત સ્થિતિએ કોઈ પણ બંદર વિકસાવવાની યોજના પડતી મૂકવામાં આવી નથી. |

---------

# ૧૧૩

**ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોને તાલીમ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

* ૧૨૨૪૦ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કૌશલ્ય વર્ધન કેન્દ્રોને અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોની સ્થાપના, અપગ્રેડેશન, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને સોફ્ટ સ્કીલ તાલીમ માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, કે કેમ, | (૧) ના જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૧૪

**વાઈબ્રન્ટ સમીટ–૨૦૧૭ અંતર્ગત ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોજી સેક્ટરમાં પ્રોજેક્ટ**

* ૧૧૪૨૩ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોજી સેક્ટરમાં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને | (૧) કૂલ ૭૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ? | (૨) કૂલ ૨૪ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૧૧૫

**રાજ્યમાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કારીગર તાલીમ માટે રકમ**

* ૧૨૨૩૯ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કારીગર તાલીમ માટે ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૧૬

**વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત હેલ્થ–કેર એન્ડ ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં પ્રોજેક્ટ**

* ૧૧૪૧૭ **શ્રી જીતેન્દ્ર સુખડીયા** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત હેલ્થ–કેર એન્ડ ફાર્માસ્યુટીકલ સેકટરમાં કેટલા ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન મંજૂર થયા, | (૧) કુલ ૩૦૦ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને | (૨) કુલ ૧૩૧ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે? | (૩) કુલ ૮૨ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૧૧૭

**વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત કેમિકલ્સ પેટ્રોકેમિકલ્સ એન્ડ જીઆઈડીસી લાર્જ પ્રોજેક્ટ**

* ૧૧૪૩૭ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત કેમિકલ્સ પેટ્રોકેમિકલ્સ એન્ડ જીઆઈડીસી લાર્જ પ્રોજેક્ટ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા, | (૧) કુલ ૨૭૧ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન થયેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને | (૨) કુલ ૪૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ? | (૩) કુલ ૧૨૩ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૧૧૮

**રાજ્યમાં નવા બંદરો વિકસાવવા બાબત**

* ૧૨૧૩૧ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કયા નવા બંદરો જાહેર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કોઈ નવા બંદર જાહેર કરવામાં આવ્યા નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા બંદરો ખાનગી એકમો દ્વારા કયા હેતુ માટે વિકસાવવાનું આયોજન છે, અને | (૨) લાગુ પડતુ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કયા બંદરને વિકસાવવાની યોજના પડતી મૂકવવામાં આવી છે? | (૩) ઉક્ત સ્થિતિએ કોઈ પણ બંદર વિકસાવવાની યોજના પડતી મૂકવામાં આવી નથી. |

---------

# ૧૧૯

**મુલ્કી સચિવાલયમાં ઉપસચિવ વર્ગ–૧ની મંજૂર જગ્યાઓ**

* ૧૨૧૨૪ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ મુલ્કી સચિવાલયમાં ઉપસચિવ વર્ગ–૧ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૧૮૬. |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ભરાયેલ– ૧૬૯
ખાલી– ૧૭

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની નિયત ટકાવારી મુજબ પ્રતિનિધિત્વ જળવાતું નથી તે હકીકત સાચી છે, અને

(૩) ના, જી.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ અનામતની જોગવાઈ મુજબ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૨૦

## વલસાડ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન

* ૧૨૨૧૫ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે, જમીન સંપાદન પ્રક્રિયા ચાલુમાં છે.

| નં. | તાલુકો | ક્ષેત્રફળ(હે.આરે.ચોમી) |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૯–૧૪–૮૪ |
| ૨ | પારડી | ૨૬–૪૪–૪૦ |
| ૩ | વાપી | ૩૧–૫૫–૦૬ |
| ૪ | ઉમરગામ | ૧૨–૨૪–૬૩ |
| | **કુલ** | **૧૦૯–૩૮–૯૩** |

(૨) ઉક્ત પ્રોજેક્ટ અન્વયે કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે, અને

(૨) વલસાડ જિલ્લામાં હાલના તબક્કે હે.૧૦૯–૩૮–૯૩ આરે.ચોમી જમીન સંપાદન કરવાની થાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોએ જમીન સંપાદન અંગે વાંધા ફરિયાદો રજૂ કરેલ છે?

(૩) નીચેની વિગતે તાલુકાવાર વાંધા/ફરીયાદો મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૪૩ |
| ૨ | પારડી | ૩૯ |
| ૩ | વાપી | ૩૨ |
| ૪ | ઉમરગામ | ૦૦ |
| | **કુલ** | **૨૧૪** |

---------

# ૧૨૧

## અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટની કામગીરી

* ૧૨૦૬૭ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : ૧૩મી વિધાનસભાના પ્રથમ સત્ર (બીજી બેઠકમાં) તા.૨૫–૨–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૭૬૨૨ (અગ્રતાક્રમ–૫૯) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટની કામગીરી અન્વયે પ્રથમ તબક્કાનું કામ સને ૨૦૧૮ સુધી પુર્ણ કરવાનું આયોજન હતું તે કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ પ્રથમ તબક્કાની બાંધકામની કામગીરી ચાલી રહી છે.

(૨) ઉકત સ્થિતિએ પ્રથમ તબક્કાની કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ થનાર છે અને રેલ ક્યાં સુધીમાં ચાલુ થશે ?

(૨) પ્રથમ તબક્કાનો વસ્ત્રાલથી એપેરલ પાર્ક સુધીનો ૬.૫ કિ.મીટર સુધીનો રૂટ માર્ચ, ૨૦૧૯ સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે.

---------

# ૧૨૨

## સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયોન ધોલેરાને ફાળવેલ જમીન

* ૧૨૧૯૬ **શ્રી ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી જમીન શા ભાવે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયોન, (સર) ધોલેરાને ફાળવવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોઈ જમીન સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન, (સર)ને ફાળવવામાં આવતી નથી. |
| (૨) ફાળવવામાં આવેલ જમીન પૈકી ધોલેરા સર દ્વારા કેટલી જમીન કોને શા ભાવે ફાળવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ તે અન્વયે રાજ્ય સરકારને ઉકત વર્ષવાર જમીન ફાળવણીમાં સ્ટેમ્પ ડ્યુટી અને અન્ય કેટલી આવક થઈ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૨૩

## કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી

* ૧૨૧૪૬ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૨૪

## ગીર સોમનાથ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંક મકાનો

* ૧૩૦૯૬ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ માં ગીર સોમનાથ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ–૫૬ રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) ઉકત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ– રૂ.૫૩૯.૯૨ લાખ |

---------

# ૧૨૫

## જામનગર મહાનગરપાલિકામાં ધારાસભ્યશ્રી દ્વારા અન્ય મત વિસ્તારમાં સુચવાયેલા વિકાસના કામો

* ૧૨૦૫૫ **શ્રી વલ્લભભાઈ ધારવિયા** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧–૦૧–૨૦૦૫ ના ઠરાવ મુજબ મહાનગરપાલિકાના વિસ્તારના ધારાસભ્યશ્રીઓ મહાનગરપાલિકાના અન્ય મત વિસ્તારોમાં વિકાસના કામો સુચવી શકે છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો જામનગર મહાનગરપાલિકામાં જામનગરના ધારાસભ્યશ્રીઓ દ્વારા મહાનગરપાલિકાના અન્ય મત વિસ્તારોમાં સુચવવામાં આવેલ વિકાસના કામોને ધ્યાને લેવામાં આવતા નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત ફરીયાદ નિવારવા છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) લાગુ પડતું નથી.

---------

# ૧૨૬

## બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે શિક્ષણ/સંશોધન ક્ષેત્રે પગલા

* ૧૧૩૭૫ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે શા પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

- રાજ્યમાં બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના બાયોટેકનોલોજી મિશન દ્વારા છેલ્લા બે વર્ષોમાં, કુલ રૂ. ૧૧૮ લાખના ખર્ચે રાજ્યની ૧૨ (બાર) શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓને બાયોઈન્ફોર્મેટીકસ લેબની રચના માટે સહાય આપવામાં આવેલ છે.
- રાજ્યની ૩ (ત્રણ) જુદી–જુદી સંસ્થાઓમાં સુપર કોમ્પ્યુટીંગ ફેસેલીટી સ્થાપવામાં આવી છે.
- બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે રાજ્ય સરકારે ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરની રચના કરી છે. જેમાં બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે સંશોધન માટેની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.
- ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરને ‘‘શેયર્ડ ફેસેલીટી’’ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

---------

# ૧૨૭

## વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩માં પ્રોજેકટ ઉત્પાદન બાબત

* ૧૨૨૦૯ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩માં ઓઈલ અને ગેસ ક્ષેત્રે ૧૪૪ પ્રોજેકટ એમ.ઓ.યુ. થયા હતા તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા પ્રોજેકટ ઉત્પાદનમાં ગયા અને છેલ્લાં બે વર્ષમાં વાર્ષિક ઓઈલ અને ગેસનો કેટલો જથ્થો મળ્યો,

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩માં ઓઈલ અને ગેસ ક્ષેત્રે ૧૪૪ એમ.ઓ.યુ./પ્રોજેકટની સંખ્યા થયેલી હતી જે પૈકી ૩૧–૧૨–૨૦૧૮ના રોજની સ્થિતિએ ૧૨૦ પ્રોજેકટ Commissioned થયેલ છે. જ્યારે ૫ પ્રોજેકટ Under Implementation / Preliminary Stage પર છે.

આમ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩માં ઓઈલ અને ગેસ ક્ષેત્રે વિવિધ કંપનીઓ દ્વારા થયેલ પ્રોજેકટો ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતા છે જેને ઓઈલ અને ગેસના જથ્થાના ઉત્પાદન સાથે નિસ્બત નથી.

(૨) ઉત્પાદનમાં ગયેલ ઉકત પ્રોજેકટ કોના દ્વારા ક્યા સ્થળે સ્થાપવામાં આવેલ છે,

(૨) Commissioned થયેલ ૧૨૦ પ્રોજેક્ટ વિવધ કંપનીઓ દ્વારા કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

૧) ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ૧૧૭ શહેરી ગેસ વિતરણને લગતા પ્રોજેક્ટો Commissioned થયેલ છે જેમાં અમદાવાદ, આણંદ, ભાવનગર, ગાંધીનગર, જામનગર, ખેડા, નવસારી, રાજકોટ, સુરેન્દ્રનગર, વલસાડ જેવા વિવિધ જીલ્લાઓનો સમાવેશ થાય છે.

૨) સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા ૧ શહેરી ગેસ વિતરણને લગતો પ્રોજેક્ટ Commissioned થયેલ છે જે ગાંધીનગર જીલ્લા માટે કરવામાં આવેલ હતો.

૩) GSPL, GITL અને GIGL દ્વારા ૧ કંટ્રોલરૂમનો પ્રોજેક્ટ Commissioned થયેલ છે જે ગાંધીનગર જીલ્લા માટે કરવામાં આવેલ હતો તેમજ

૪) GSPC અને GEDA દ્વારા ૧ વિન્ડ પાવર પ્રોજેક્ટ Commissioned થયેલ છે જે ગુજરાત રાજ્ય માટે કરવામાં આવેલ હતો.

(૩) ૧૪૪ એમ.ઓ.યુ.–પ્રોજેકટ પૈકી ઉકત સ્થિતિએ કેટલા પ્રોજેકટ સ્થાપવા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, અને

(૪) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા એમ.ઓ.યુ.–પ્રોજેકટ પડતા મુકવામાં આવ્યા અને તેના કારણો શા છે ?

(૩) અને (૪)

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩માં ઓઈલ અને ગેસ ક્ષેત્રે થયેલ ૧૪૪ એમ.ઓ.યુ. / પ્રોજેક્ટ પૈકી ૧૯ પ્રોજેક્ટ Dropped થયેલ છે. જેના મુખ્ય કારણો Technical Commercial Feasibility, Change in Policy, License not granted, Management Decision વગેરે છે.

---------

# ૧૨૮

## ખંભાત બંદર વિકસાવવા માટેની કામગીરી

* ૧૨૧૩૪ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખંભાત બંદર વિકસાવવા માટે ખાનગી વિકાસકારો પાસેથી ખાનગી મુડીરોકાણથી ઓફરો મંગાવવામાં આવેલ હતી તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત ઓફરો માટે કેટલા ઈરાદાપત્ર આપવામાં આવેલ છે,

(૨) સરકારશ્રીની મંજુરી મેળવી ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા IL&FS ને તા.૧૯–૧૨–૨૦૦૮ ના રોજ ઈરાદાપત્ર આપવામાં આવેલ.

(૩) ઉકત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ખંભાતના અખાતમાં ખાનગી મૂડીરોકાણથી બંદર વિકસાવવા ખાનગી વિકાસકારને ઈરાદાપત્ર પાઠવવામાં આવેલ હતો. પરંતુ સૂચિત બંદરનું સ્થળ કલ્પસર પ્રોજેક્ટની પથરેખાનાં ઉપરવાસમાં આવતુ હોઈ, કલ્પસર વિભાગ દ્વારા કલ્પસર પ્રોજેક્ટની પથરેખાનાં નીચાણવાસમાં બંદરનું સ્થળ ફેર કરવાનું નક્કી કરેલ છે. આમ, આખરીકરણ થયા બાદ જ બંદર સ્થળ નક્કી થઈ શકે તેમ હોઈ હાલ સુચિત બંદર વિકસાવવાની કામગીરી સ્થગિત રાખવામાં આવેલ છે.

(૪) ઉકત કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે ?

(૪) કલ્પસર પ્રોજેકટ આખરી કરણ થયા પછી ખંભાત બંદરને વિકસાવવા અંગે યોગ્ય અભ્યાસ બાદ નિર્ણય થઈ શકાશે.

---------

# ૧૨૯

## છોટાઉદેપુર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

* ૧૩૧૦૪ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૫૧૪૦ |

---------

# ૧૩૦

## વાયબ્રન્ટ સમીટ–૨૦૧૭ અંતર્ગત એમએસએમઈ સેકટરમાં પ્રોજેકટ

* ૧૧૪૦૪ **શ્રી શશીકાંત પંડયા** (ડીસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૭ અંતર્ગત માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ સેકટરમાં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિ કેટલા પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા, અને | (૧) કુલ ૧૩૩૯૮ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે ? | (૨) કુલ ૧૬૭૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૧૩૧

## નડિયાદ શહેરની ભૂગર્ભ યોજના માટે મંજૂર થયેલ રકમ

* ૧૧૩૮૫ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નડિયાદ શહેરની ભૂગર્ભ ગટર યોજનાએ કેટલી રકમ માટે મંજુરી આપવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નડિયાદ શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે રૂ.૧૦૨૮૧.૬૯ લાખ માટે મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ મંજુર થયેલ ઉકત યોજનાના કામોની સ્થિતિ શું છે, | (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ કામો પૈકી ભાગ–૧ અંતર્ગત નડિયાદ શહેરની ભૂગર્ભ ગટર યોજના તથા ભાગ–૨ અંતર્ગત STP ના કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે,અને | (૩) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત ભાગ–૧ માટે રૂ.૫૭૦૫.૮૪ લાખ તથા ભાગ–૨ માટે રૂ.૪૩૬૭.૯૩ લાખનો કુલ ખર્ચ થયેલ છે. |
| (૪) ઉકત યોજના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૩૨

## વાયબ્રન્ટ સમિટ–૨૦૧૧ અંતર્ગત પ્રોજેક્ટના અમલ બાબત

* ૧૨૧૮૯ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૧–૦૨–૨૦૧૪ ના વારામાં ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન નં.૮૦૪૩, (અગ્રતા–૧૧૨) અન્વયે **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૧ અંતર્ગત ૮૩૮૦ એમ.ઓ.યુ. થયા હતા તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટ અમલમાં આવ્યા અને કેટલા પ્રોજેક્ટ પડતા મુકાયા, અને

(૨) રૂ.૨૦૮૩૧૮૨.૭૨ કરોડના અપેક્ષિત મુડીરોકાણ માટે એમ.ઓ.યુ. થયેલ હતા તો ઉક્ત અમલમાં આવેલ પ્રોજેક્ટોમાં કેટલું મુડીરોકાણ આવેલ છે ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧ અંતર્ગત ૮૩૮૦ ઇનવેસ્ટમેન્ટ ઈન્ટેનશન મંજુર થયા હતા, તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ ૪૨૩૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને ૪૦૫૩ પ્રોજેક્ટો ડ્રોપ થયા.

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧ અંતર્ગત રૂ.૨૦૮૩૧૮૨.૭૨ કરોડના અપેક્ષિત મુડી રોકાણ સામે, તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ ઉત્પાદનમાં ગયેલ ૪૨૩૩ પ્રોજેક્ટોમાં ૨૪૮૯૬૮.૧૬ કરોડનું રોકાણ થયું.

---------

# ૧૩૩

## વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેકટરમાં પ્રોજેક્ટ બાબત

* ૧૧૪૧૪ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેકટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયા,

(૨) તે પૈકી કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ?

**જવાબ**

(૧) કુલ ૪૦૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે.

(૨) કુલ ૧૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૩) કુલ ૩૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૧૩૪

## ભાવનગર જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવેલ રકમ

* ૧૧૪૪૩ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ – ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સમયગાળામાં ભાવનગર જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૯૫%.

(૨) રૂ.૧.૨૧ કરોડ.

---------

# ૧૩૫

## અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે અરજીઓ

* ૧૧૫૪૭ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા.૧–૪–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ દરમિયાન કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૩૫૦

(૨) ઉકત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૩૦૮

(૩) ઉકત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૩) કુલ ૩૦૮ લાભાર્થીઓને રૂ.૯,૩૨,૧૬૨/– (અંકે રૂપિયા નવ લાખ બત્રીસ હજાર એકસો બાસઠ પુરા) ની રકમ ચૂકવવામાં આવી.

---------

# ૧૩૬

## નડિયાદ શહેરની ભૂગર્ભ યોજના માટે મંજૂર થયેલ રકમ

* ૧૧૩૮૬ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નડિયાદ શહેરની ભુગર્ભ ગટર યોજનાએ કેટલી રકમ માટે મંજુરી આપવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ મંજુર થયેલ ઉકત યોજનાના કામોની સ્થિતિ શું છે,

(૩) આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૪) ઉકત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નડિયાદ શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે રૂ.૧૦૨૮૧.૬૯ લાખ માટે મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ કામો પૈકી ભાગ–૧ અંતર્ગત નડિયાદ શહેરની ભૂગર્ભ ગટર યોજના તથા ભાગ–૨ અંતર્ગત STP ના કામો પૂર્ણ થયેલ છે.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત ભાગ–૧ માટે રૂ.૫૭૦૫.૮૪ લાખ તથા ભાગ–૨ માટે રૂ.૪૩૬૭.૯૩ લાખનો કુલ ખર્ચ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૩૭

## હજીરા (સુરત) ખાતે કોસ્ટ ગાર્ડ સ્ટેશન સ્થાપવા બાબતે કેન્દ્ર સરકારને રજૂઆત

* ૧૨૧૦૯ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર – ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી હજીરા (સુરત) ખાતે કોસ્ટ ગાર્ડ સ્ટેશન સ્થાપવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૩૮

## અમદાવાદ અને સુરત મહાનગરપાલિકામાં સફાઈ કર્મચારીઓને સહાય

* ૧૨૦૬૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નામદાર સુપ્રિમ કોર્ટ સફાઈ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, રીટ પીટીશન (સીવીલ) નં.૫૮૩–૨૦૦૩ના કેસમાં ગટર સફાઈ કામદારોના થઈ રહેલા મોતના વળતર બદલ રૂ.૧૦,૦૦,૦૦૦/– નું વળતર ચૂકવવા આદેશ આપેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ અને સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મૃત્યુ પામેલ કેટલા સફાઈ કર્મચારીઓના કિસ્સામાં રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવાનું બાકી છે,

(૨)

| અ.નં. | શહેર | વળતર ચુકવવાનું બાકી |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૩ |
| ૨ | સુરત | ૧૬ |

(૩) ઉકત સ્થિતિએ વળતર ચુકવવાનું બાકી રહેવાના કારણો શાં છે, અને

(૩) મૃતકના વારસદારો દ્વારા મૃત્યુના કારણ અંગેના આધાર પુરાવા, વારસાઈની વિગતો/પુરાવા તેમજ વારસદારો ઉપલબ્ધ થયેલ ન હોવાથી.

(૪) ઉકત બાકી રહેલ ચુકવવાનું વળતર ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે ?

(૪) ઉક્ત પારા (૩) માં દર્શાવેલ વિગતો/આધાર રજુ થયેથી.

---------

# ૧૩૯

## પંચમહાલ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ

* ૧૧૩૬૨ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલાં કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૧૦ |
| (૨) સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૨ |
| (૩) ઉક્ત કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૩) ૨૩,૨૬૯ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? | (૪) ૨૩,૨૬૯ |

---------

# ૧૪૦

## વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત એમએસએમઈ સેકટરમાં પ્રોજેક્ટ બાબત

* ૧૧૪૨૨ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ સેકટરમાં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ પૈકી તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને | (૧) કુલ ૧૩૩૯૮ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ? | (૨) કુલ ૧૬૭૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૧૪૧

## રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં સિનિયર સિટિઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસ યોજનામાં રાહત

* ૧૧૪૫૭ **શ્રી શંભુજી ઠાકોર**(ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યના સિનિયર સિટિઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસમાં રાહત આપવા અંગે કોઈ યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત યોજના અંગર્ગત કેટલી રાહત આપવામાં આવે છે, અને | (૨) ''શ્રવણ તીર્થ દર્શન યોજના'' હેઠળ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને બે રાત્રિ અને ત્રણ દિવસની મર્યાદામાં વર્ષમાં એકવાર એસ.ટી. |

(૩) તે હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં કેટલા યાત્રિકોએ ઉક્ત યોજનાનો લાભ લીધો ?

નિગમની સુપર બસ (નોન એ.સી.) ના ભાડાની રકમ અથવા ખાનગી ટ્રાવેલ્સની બસનું ભાડું એ બે માંથી જે ઓછુ હોય તેના ૫૦ % રકમની રાહત આપવામાં આવે છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધી રાજકોટ જિલ્લામાં ૧૪,૯૦૯ અને ગાંધીનગર જિલ્લામાં ૬,૦૯૬ યાત્રિકોએ લાભ લીધો છે.

---------

# ૧૪૨

## ભાવનગર જિલ્લામાં એમએસએમઈ એકમોની કેપીટલ સબસીડી યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૧૦ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપિટલ સબસીડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૨૬૪ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૧૮૪ એકમોને રૂ. ૧૦૮૪.૨૧ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

# ૧૪૩

## દરિયાઈ/સરહદી સુરક્ષા અંગેની સમીક્ષા માટે રચાયેલ વિભાગ કક્ષાની સમિતિ

* ૧૨૧૧૭ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ દરિયાઈ/સરહદી સુરક્ષા અંગેની સમીક્ષા માટે રચાયેલ વિભાગ કક્ષાની સમિતિની બેઠક દર ચાર માસે મળવી જોઈએ તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી બેઠક મળી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બેઠકો સમયસર ન મળતી હોય તો તેના કારણો શા છે ? | |

---------

# ૧૪૪

## ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસ કામો માટે ગ્રાન્ટ

* ૧૧૩૯૬ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન. ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે ક્યારથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને | (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન.ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે વર્ષ ૧૯૮૯-૯૦ થી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ આ ગ્રાન્ટમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે? | (૨) યોજના શરૂ થઇ ત્યારથી તા.૩૧-૧૨-૧૮ સુધીમાં યોજના હેઠળ અપાતી ધારાસભ્ય દીઠ વાર્ષિક ગ્રાન્ટમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | ધારાસભ્યશ્રી દીઠ નિયત કરેલ ગ્રાંટ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ૧૯૮૯-૯૦ | ૧૦.૦૦ |
| ૨ | ૧૯૯૦-૯૧ થી ૧૯૯૧-૯૨ | ૫.૦૦ |
| ૩ | ૧૯૯૨-૯૩ થી ૧૯૯૪-૯૫ | ૧૦.૦૦ |
| ૪ | ૧૯૯૫-૯૬ થી ૧૯૯૬-૯૭ | ૧૫.૦૦ |
| ૫ | ૧૯૯૭-૯૮ | ૨૦.૦૦ |
| ૬ | ૧૯૯૮-૯૯ થી ૧૯૯૯-૨૦૦૦ | ૨૫.૦૦ |
| ૭ | ૨૦૦૦-૨૦૦૧ થી ૨૦૦૧-૦૨ | ૩૦.૦૦ |
| ૮ | ૨૦૦૨-૨૦૦૩ થી ૨૦૧૩-૧૪ | ૫૦.૦૦ |
| ૯ | ૨૦૧૪-૧૫ થી ૨૦૧૭-૧૮ | ૧૦૦.૦૦ |
| ૧૦ | ૨૦૧૮-૧૯ થી | ૧૫૦.૦૦ |

---------

# ૧૪૫

## સુરત જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન

* ૧૨૨૧૭ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ સુરત જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે, જમીન સંપાદન પ્રક્રિયા ચાલુમાં છે.

| નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) |
|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૨૦-૦૮-૩૪ |
| ૨ | પલસાણા | ૨૭-૫૦-૫૩ |
| ૩ | કામરેજ | ૩૨-૧૭-૬૫ |
| ૪ | ઓલપાડા | ૧૭-૬૦-૭૨ |
| ૫ | માંગરોળ | ૧૨-૪૩-૧૨ |
| | **કુલ** | **૧૦૯-૮૦-૩૬** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત પ્રોજેક્ટ અન્વયે કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે, અને

**જવાબ**

(૨) સુરત જિલ્લામાં હાલના તબક્કે હે.૧૦૯-૮૦-૩૬ આરે.ચોમી. જમીન સંપાદન કરવાની થાય છે.

**પ્રશ્ન**

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોએ જમીન સંપાદન અંગે વાંધા ફરિયાદો રજૂ કરેલ છે?

**જવાબ**

(૩) નીચેની વિગતે તાલુકાવાર વાંધા/ફરીયાદો મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૭૯ |
| ૨ | કામરેજ | ૧૭૭ |
| ૩ | ઓલપાડા | ૪૯ |
| ૪ | પલસાણા | ૩૯ |
| ૫ | માંગરોળ | ૨૬ |
| | **કુલ** | **૩૭૦** |

---------

# ૧૪૬

## ભાવનગર અને વાડીનાર કોસ્ટલ પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ

* ૧૨૦૯૩ **શ્રી ભુપેન્દ્રસિંહ ખાંટ** (મોરવાહડફ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાગરતટ સુરક્ષા માટે રાત્રિના સમયે બોટ દ્વારા ભાવનગર અને વાડીનાર કોસ્ટલ પોલીસ સ્ટેશનો પરથી રાત્રિ પેટ્રોલીંગ બોટ દ્વારા કેટલા કલાકોનું પેટ્રોલિંગ થયેલ છે?

**જવાબ**

| અનુ.નં. | મરીન પો.સ્ટે. | રાત્રી પેટ્રોલીંગના કલાકો |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૭૩ |
| ૨ | વાડીનાર | ૭૭૨ |

---------

# ૧૪૭

## વડોદરા અને નર્મદા જિલ્લામાં વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી

* ૧૨૧૫૮ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત અને ગ્વોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં વડોદરા અને નર્મદા જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પુરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૪૮

## વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા બાબત

* ૧૨૨૫૯ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય બહાર રાષ્ટ્રીય હિત માટે પોતાની જાનનું બલિદાન આપેલ હોય તેવી વ્યક્તિના પરીવારને વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા માટેની કેટલી દરખાસ્તો વર્ષવાર સરકારને મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી દરખાસ્તો મંજુર કરી,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી દરખાસ્તો કયા કારણોસર નામંજુર કરી, અને

(૪) ઉક્ત મંજુર કરેલ દરખાસ્તો પૈકી વર્ષવાર કેટલી વ્યકિતઓને વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૪૯

## ગાંધીનગર જિલ્લામાં સરકારી પડતર દાખલ કરવાના હુકમો

* ૧૩૦૩૯ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામની કેટલી જમીન શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલા ગામની કેટલી જમીનનો કબ્જો સરકાર દ્વારા લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી જમીનનો કબ્જો લેવાના બાકી કારણો શાં છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

| અ.નં. | તાલુકાનું નામ | ગામની સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૦ | – |
| ૨ | દહેગામ | ૦૦ | – |
| ૩ | માણસા | ૦૦ | – |
| ૪ | કલોલ | ૦૧ | ૨૬૦ |

(૨) ૦૦

(૩) મહેસૂલ વિભાગ (વિવાદ) અમદાવાદ સમક્ષ ફેરતપાસની અરજી દાખલ થયેલ હોવાથી.

---------

# ૧૫૦

## નવસારી જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવેલ રકમ

* ૧૧૪૪૫ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે, અને | (૧) રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી ૯૫% રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઇન એઇડ તરીકે ફાળવવામાં આવે છે. |
| (૨) ઉક્ત સમયગાળામાં નવસારી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ.૩.૨૦ કરોડ. |

---------

# ૧૫૧

## બોટાદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં હક્ક પત્રક નોંધોનો નિકાલ

* ૧૧૪૬૭ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૯૨૬. |
| (૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

# ૧૫૨

## રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓ માટેના છાત્રાલયો

* ૧૨૨૫૬ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓ માટેના છાત્રાલયના બાંધકામ માટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે, | (૧) કન્યા છાત્રાલય માટે એસ્ટીમેટની રકમના ૯૦ ટકા અથવા રૂ.૪.૦૦ લાખ બે માંથી જે ઓછું હોય તેટલી સહાય |
| (૨) ઉકત સ્થિતિએ સહાયના દરો કયારથી અમલમાં છે, અને | (૨) તા.૧૩–૦૧–૧૯૯૮ |
| (૩) ઉકત સ્થિતિએ સહાયના દરોમાં છેલ્લે કયારે કેટલો વધારો કરવામાં આવ્યો ? | (૩) તા.૧૩–૦૧–૧૯૯૮ના ઠરાવથી રૂ.૧.૦૦ લાખનો વધારો |

---------

# ૧૫૩

## છોટા ઉદેપુર જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર લક્ષી તાલીમ આપવા બાબત

* ૧૩૦૫૧ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા રોજગાર અધિકારી છોટાઉદેપુર દ્વારા રોજગારલક્ષી તાલીમ બદલ કયા–કયા ટ્રસ્ટને કેટલી રકમ ચુકવવામાં આવી, | (૧) છેલ્લા ૨ વર્ષમાં રોજગારલક્ષી તાલીમ બદલ ગુજરાત લોકસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગુજરાત ફાયર એન્ડ સેફટી એકેડેમી, નદીસરતા, ગોધરા જિ.પંચમહાલને ચુકવવામાં આવેલ રકમની વિગત. |

| ક્રમ | કચેરીનું નામ | (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | જિલ્લા રોજગાર અધિકારી, છોટાઉદેપુર | ૨૬૮.૯૦ |
| | **કુલ** | **૨૬૮.૯૦** |

(૨) ઉક્ત કામગીરી સોંપવા માટે જાહેરાત/ટેન્ડર પ્રક્રિયા થયેલ નથી તે હકીકત સાચી છે,

(૨) હા.

(૩) જો, હા, તો તેની તપાસ કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૩) ૦૧ (એક)

(૪) આ ફરિયાદો પૈકી કેટલાની તપાસ થઈ અને કેટલાની તપાસ બાકી છે અને તપાસ ન થવાના કારણો શાં છે?

(૪) ૦૧ ની તપાસ કરવામાં આવી.
શૂન્ય
શૂન્ય

---------

# ૧૫૪

## વાઈબ્રન્ટ સમીટ-૨૦૧૭ અંતર્ગત ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોજી સેક્ટરમાં પ્રોજેક્ટ

* ૧૧૪૨૫ **હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોજી સેક્ટરમાં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને

(૧) કુલ ૭૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે?

(૨) કુલ ૨૪ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૧૫૫

## કચ્છ જિલ્લામાં બ્રોમીન ઉત્પાદન માટે ફાળવેલ જમીન

* ૧૧૪૮૩ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ બ્રોમીન ઉત્પાદન માટે છેલ્લાં એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી જમીનો ફાળવવામાં આવી?

શૂન્ય.

---------

# ૧૫૬

## વડોદરા જિલ્લામાં ગૌણ ખનિજનો જાહેર હરાજીથી નિકાલ

* ૧૧૪૫૧ **શ્રી શૈલેષભાઈ મેહતા** (ડભોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તે માટે સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ સન ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા ખનિજોનો જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવ્યો?

(૨) ઉક્ત સ્થિતિએ વડોદરા જિલ્લામાં સાદી રેતી અને બ્લેકટ્રેપ ખનિજોનો જાહેર હરાજીથી નિકાલની પ્રક્રિયા હેઠળ છે.

| વર્ષ | ખનિજ | જાહેર હરાજી માટે મૂકવામાં આવેલ બ્લોક | જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવેલ બ્લોકની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૭-૧૮ | - | - | - |
| ૨૦૧૮-૧૯ (તા.૩૧-૧૨-૧૮ ની સ્થિતિએ) | સાદી રેતી | ૧૦ | હરાજીની પ્રક્રિયા ચાલુમાં છે. |
| | બ્લેકટ્રેપ | ૦૮ | |
| | **કુલ** | **૧૮** | - |

---------

# ૧૫૭

**મહિસાગર અને પાટણ જિલ્લામાં જી.આઈ.ડી.સી.માં બંધ યુનિટ**

* ૧૨૧૭૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૧૮ની સ્થિતિએ મહિસાગર અને પાટણ જીલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જીલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને | (૧) મહિસાગર−૪<br>પાટણ−૨૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયાં? | (૨) મહિસાગર−૦૦<br>પાટણ−૧૩ |

---------

# ૧૫૮

**અમરેલી જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ**

* ૧૧૫૫૭ **શ્રી પ્રવિણભાઈ ધોધારી** (કરંજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧−૧૨−૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ લેવા માટે વિકસતિ જાતિના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) મળેલ અરજી<br>યુગલ−૫૩૨<br>સંસ્થા−૨૬ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) મંજૂર અરજી<br>યુગલ−૫૩૨<br>સંસ્થા−૨૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ચુકવેલ સહાય રૂ.૬૨.૫૮ લાખ |

---------

# ૧૫૯

**મોરબી અને રાજકોટ જીલ્લામાં વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી**

* ૧૨૧૫૦ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં મોરબી અને રાજકોટ જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પુરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી. |
| (૨) તે પૈકી તા.૩૧−૧૨−૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૬૦

**આઈ.વી.લીમીટ નક્કી કરવા રજુઆત/દરખાસ્ત**

* ૧૨૧૩૬ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧−૧૨−૨૦૧૮ની સ્થિતિએ આઈ.વી. લીમીટ નક્કી કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજુઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) એકપણ વખત રજુઆત/દરખાસ્ત કરવામાં આવેલ નથી. |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૬૧

**દલિત પરિવારો માટે આભડછેડ અંગે સેપ્ટને સોંપેલ કામગીરી**

* ૧૨૨૪૫ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૧૫૮૯ ગામોમાં દલિત પરિવારો સાથે પાળવામાં આવતી આભડછેડની ભાળ અંગે સેપ્ટ દ્વારા તા.૧૭–૦૪–૨૦૧૩ના રોજ અહેવાલ સરકારને સોંપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત અહેવાલ દ્વારા મુખ્ય કઈ ભલામણો કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) **શિક્ષણઃ–**

- સામાન્ય રીતે, મધ્યાહન ભોજન યોજના ઉચ્ચ પ્રાથમિક કક્ષા સુધી ચાલુ રાખવામાં આવે તેને ઉચ્ચતર કક્ષા સુધી વિસ્તારમાં આવે તો, બાળકોમાં કુપોષણ સકારાત્મક રીતે ઓછું થશે, એટલું જ નહિ પરંતુ સહભોજનના સામાજિક પરિણામો પણ મળશે.
- તદુપરાંત, અલ્પ અધિકાર ભોગવતા જુથના બાળકોની માધ્યમિક શિક્ષણની શાળામાં સંખ્યા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે તેઓના માતા–પિતાને નીચે જણાવેલી રીતે પ્રોત્સાહિત કરવા જોઈએ.
- શાળા સત્તાતંત્રો તરફથી આપવામાં આવતા હાજરી પત્રકના આધારે પરિવારના લાયક પ્રત્યેક બાળક સામે જાહેર વિતરણ વ્યવસ્થામાં વધારે ફાળવણી કરી શકાય.
- આવા બાળકના માતા–પિતાને રોકડ રકમ તબદીલ કરી શકાય. પરિવારની આવક વધારવા બાળકની શ્રમ ભાગીદારી વધુ જરૂરી હોય તેવા પરિવારોને અંશતઃ વળતર આપવા માટે આવું કરવું જરૂરી છે. જો પરિવારના કામ કરનાર મુખ્ય વ્યકિતને વર્ષમાં ૧૮૦ દિવસ એટલે કે મોસમી મજૂરીના લગભગ ૬ મહિના રોજગારી મળતી હોઈ તો, બાળકોને તમામ દિવસોમાં કરવાની જરૂર નહિ પડે. હકિકતમાં, અભ્યાસ પરથી એવું જાણવા મળ્યુ છે કે ઘણા લોકો સૌથી વધુ કામની મોસમમાં પણ અડધો દિવસ કામ કરે છે. પ્રતિ દિવસ અંદાજે રૂ.૭૦ના દૈનિક વેતન દીઠ ૯૦ દિવસ માટે શાળાનું હાજરી પ્રમાણપત્ર રજુ કરે તે પરિવારને વર્ષમાં રૂ. ૬૩૦૦ ચુકવવા. વર્તમાન શિષ્યવૃત્તિઓ અંત્યત અપૂરતી છે.
- અભ્યાસ દરમિયાન, શિક્ષકોની ફરિયાદ મળે છે કે શિક્ષણ સાથે સીધો સંબંધ ન હોય તેવી સરકારી કામગીરીઓ સોંપવાના કારણે વિદ્યાર્થીઓ સાથેના સંપર્કનો સમયગાળો ઘટી જાય છે. શિક્ષણની ગુણવત્તા વધારવા માટે આ બાબતમાં દરમિયાનગીરી કરવી જરૂરી છે.

- કેટલાંક ગામોમાં શિક્ષકોને ભાડાના મકાન શોધવાની તકલીફ પડેલ, ખાવડા જેવા મોટા ગામોમાં શિક્ષકોની વસાહત સ્થાપવાથી જુદા જુદા ગામોમાં કાર્યરત અને જુદી જુદી પશ્વાદભૂમિકામાંથી આવતી વ્યક્તિઓને એકસાથે રહેવા મળે છે. સમાજમાં હકારાત્મક અસર ઉભી કરવા આ પહેલ કરવી જરૂરી જણાય છે.
- મધ્યાહન ભોજન અને આંગણવાડી જેવી સાર્વત્રિક યોજનાઓ થકી જુદાજુદા સામાજિક જુથો વચ્ચે પરસ્પર ઘણા વ્યવહારો જોવા મળ્યા છે. આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓને જુદાં જુદાં ફળિયા અને નાના ગામડાઓમાં વિકેન્દ્રિત કરવામાં આવી છે. આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓથી દુર આવેલા નાના ગામડાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓ શરૂ કરવી જોઈએ.

**આરોગ્યઃ**

- યુવાનોમાં ખાસ કરીને બજાર માંગ આધારિત કૌશલ્ય વિકસે તેવા પગલાં લેવાં જરૂરી દા.ત. ત્રાસદ ગામમાં યુવાનો આઈટીઆઈ સાથે જોડાઈને તેઓના કૌશલ્યોનો વિકાસ કરી રહયા છે. જેથી આસપાસના દવા અને ઔષધ નિર્માણ કારખાનાઓમાં, તેઓ રોજગારી મેળવી શકે. તેથી, કૌશલ જરૂરિયાત અને કૌશલ તાલીમ મુકરર કરવા માટે ચોક્કસ તંત્ર હોવું જરૂરી છે.
- સાર્વત્રિક સરકારી આરોગ્ય સંભાળ વ્યવસ્થા પણ એક મહત્વની સંસ્થા છે. જે જુદી જુદી જ્ઞાતિઓ અને જ્ઞાતિઓના જુથોને નજીક લાવે છે. જો કે અન્ય કેટલાંક ગામોમાં આરોગ્ય કેન્દ્રો સુધારવા જરૂરી છે. ઉપર જણાવ્યા મુજબ, આંગણવાડીઓ મારફત આઈસીડીએસ, ઘણી મહત્વની ભુમિકા ભજવે છે અને તમામ સમાજોમાં તેની અસરકારક કામગીરી ઘણી ઉપયોગી થશે.

**આરોગ્ય સંભાળ**

- સાર્વત્રિક સરકારી આરોગ્ય સંભાળ વ્યવસ્થા પણ એક મહત્વની સંસ્થા છે. જે જુદી જુદી જ્ઞાતિઓ અને જ્ઞાતિઓના જુથોને નજીક લાવે છે. જોકે, અન્ય કેટલાંક ગામોમાં આરોગ્ય કેન્દ્રો સુધારવા જરૂરી છે.
- ઉપર જણાવ્યા મુજબ, આંગણવાડીઓ મારફત આઈસીડીએસ, ઘણી મહત્વની ભૂમિકા ભજવે છે અને તમામ સમાજોમાં તેની અસરકારક કામગીરી ઘણી ઉપયોગી થશે.

**અન્ય કાર્યક્રમો અને સંસ્થાગત તંત્ર–વ્યવસ્થાઓ**

- ગરીબો માટેની આવાસ યોજનાની પણ એક સારી અસર ઉભી થઈ હોવાનું જણાય છે, અને તેથી કલ્યાણકારી જરૂરિયાતો પૂર્ણ કરવા જ નહિ પરંતુ વિવિધ સમાજના લોકો સાથે રહેતા હોય ત્યારે સેતુરૂપ થવા તેને સંગીન બનાવવી જરૂરી છે.

- એનઆરઈજીએ (નરેગા) કાર્યક્રમનું જ્યાં જ્યાં અમલીકરણ કરવામાં આવે તેવા મોટા ભાગના ગામોમાં તેની યોગ્ય વિતરણ વ્યવસ્થા કરવી જરૂરી છે. કેટલાંક કિસ્સાઓમાં કામદારોના રોજગાર કાર્ડ અને બેંક પાસબુક તેઓને પરત સોંપવા વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ અહેવાલ અન્વયે સરકારે શાં પગલાં લીધા, અને

(૩) વિભાગના તા.૧૨-૦૨-૨૦૧૮ ના પત્રથી સંબંધિત વિભાગો/કચેરીને ભલામણો પરત્વે કાર્યવાહી કરવા જણાવેલ છે.

(૪) ઉક્ત ૧૫૮૯ ગામોમાં કયા જીલ્લાના કેટલા ગામોનો સમાવેશ થાય છે?

(૪)

| ક્રમ | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૧ |
| ૨ | સુરેન્દ્રનગર | ૬૧ |
| ૩ | પાટણ | ૦૭ |
| ૪ | ખેડા | ૩૦ |
| ૫ | અમદાવાદ | ૫૪ |
| ૬ | ભાવનગર | ૫૦ |
| ૭ | બોટાદ | ૦૭ |
| ૮ | મહેસાણા | ૦૫ |
| ૯ | રાજકોટ | ૦૭ |
| ૧૦ | સાબરકાંઠા | ૦૨ |
| ૧૧ | ગાંધીનગર | ૦૫ |
| ૧૨ | જામનગર | ૦૧ |
| ૧૩ | બનાસકાંઠા | ૦૧ |
| ૧૪ | પંચમહાલ | ૦૩ |
| ૧૫ | અમરેલી | ૦૪ |
| | **કુલ** | **૨૪૮** |

---------

# ૧૬૨

## સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૩૮ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૧) ૬,૦૨૧

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| વર્ષ | અરજી મંજુર કરેલ હોય તેવા એકમોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૨૭૮૫ |
| ૨૦૧૮ | ૨૪૮૬ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩) ૧૨,૬૨૯ એકમોને રૂ. ૨૨૫.૦૩ કરોડની વ્યાજ સહાય રકમની ચૂકવણી કરવામાં આવી.

---------

# ૧૬૩

## રાજ્યમાં કાર્યરત વિકસતી જાતિના સરકારી છાત્રાલયો

* ૧૨૨૪૭ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં વિકસતી જાતિના કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે,

(૧) ૬૩

(૨) તે પૈકી કન્યાઓ માટે કેટલા અને કુમાર માટે કેટલા છે, અને

(૨)

| કન્યા માટે | કુમાર માટે |
|---|---|
| ૨૧ | ૪૨ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા કુમાર અને કન્યા છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા ?

(૩) એક પણ નહીં.

---------

# ૧૬૪

**રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમને ફાળવેલ ગ્રાન્ટ**

* ૧૨૨૪૮ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૩.૮૫૦.૦૦ |
| ૨૦૧૮–૧૯ | ૩.૭૫૦.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમની ફાળવણી ઓછી કરવામાં આવી હોય તો તેના કારણો શાં છે?

(૨) જોગવાઈ પ્રમાણે ફાળવણી કરવામાં આવી છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૬૫

**વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત હેલ્થ–કેર એન્ડ ફાર્માસ્યુટીકલ સેકટરમાં પ્રોજેક્ટ**

* ૧૧૪૪૧ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત હેલ્થ–કેર એન્ડ ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૧) કુલ ૩૦૦ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા, અને

(૨) કુલ ૧૩૧ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે?

(૩) કુલ ૮૨ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૧૬૬

**રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં સિનિયર સિટિઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસ યોજનામાં રાહત**

* ૧૧૪૫૨ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યના સિનિયર સિટિઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસમાં રાહત આપવા અંગે કોઈ યોજના છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા તો, ઉક્ત યોજના અંતર્ગત કેટલી રાહત આપવામાં આવે છે, અને

(૨) ‘‘શ્રવણ તીર્થ દર્શન યોજના’’ હેઠળ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને બે રાત્રિ અને ત્રણ દિવસની મર્યાદામાં વર્ષમાં એકવાર એસ.ટી. નિગમની સુપર બસ (નોન એ.સી.)ના ભાડાની રકમ અથવા ખાનગી ટ્રાવેલ્સની બસનું ભાડું એ બે માંથી જે ઓછુ હોય તેના ૫૦% રકમની રાહત આપવામાં આવે છે.

(૩) તે હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં કેટલા યાત્રિકોએ ઉક્ત યોજનાનો લાભ લીધો?

(૩) તાઃ૩૧-૧૨-૨૦૧૮ સુધી રાજકોટ જિલ્લામાં ૧૪,૯૦૯ અને ગાંધીનગર જિલ્લામાં ૬,૦૯૬ યાત્રિકોએ લાભ લીધો છે.

---------

# ૧૬૭

## સ્માર્ટ સીટી અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૧૨૦૫૨ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાગંધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મિશન-સ્માર્ટ સીટી અન્વયે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્માર્ટ સીટી યોજના અંતર્ગત રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ | ૧૦૯ |
| ૦૧-૦૧-૨૦૧૮ થી ૩૧-૧૨-૨૦૧૮ | ૪૦૩ |
| **કુલ** | **૫૧૨** |

---------

# ૧૬૮

## સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૨૭ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૧) ૨,૬૭૪ અરજીઓ મંજુર કરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ?

(૨) ૧,૯૧૦ એકમોને રૂ.૯૭૬૨.૯૩ લાખ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

# ૧૬૯

## અમદાવાદ જીલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ

* ૧૧૩૬૧ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે,

(૧) ૬૨

(૨) સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,

(૨) ૫૩

(૩) ઉક્ત કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી,

(૩) ૬૦,૧૨૧

(૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૪) ૬૦,૧૨૧

(૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ?

(૫) ૦૦

---------

# ૧૭૦

## મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જી.આઈ.ડી.સી.માં બંધ યુનિટ

* ૧૨૧૬૫ **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જિલ્લાવાર કેટલા યુનિટો બંધ હાલતમાં છે, અને | (૧) મોરબી–૨૯<br>સુરેન્દ્રનગર–૯૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર બંધ યુનિટો પૈકી કેટલા યુનિટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયા? | (૨) મોરબી–૫<br>સુરેન્દ્રનગર–૫ |

---------

# ૧૭૧

## ભરૂચ અને નવસારી જિલ્લામાં જી.આઈ.ડી.સી.માં બંધ યુનિટ

* ૧૨૧૭૬ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ અને નવસારી જીલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જીલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને | (૧) ભરૂચ – ૨૯૧<br>નવસારી – ૨૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયા? | (૨) ભરૂચ – ૩૫<br>નવસારી – ૭ |

---------

# ૧૭૨

## નર્મદા અને બોટાદ જિલ્લામાં જી.આઈ.ડી.સી.માં બંધ યુનિટ

* ૧૨૧૭૫ **શ્રી પ્રેમસિંહ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ નર્મદા અને બોટાદ જીલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જીલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને | (૧) નર્મદા – ૭<br>બોટાદ – ૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયા? | (૨) નર્મદા – ૦૦<br>બોટાદ – ૧ |

---------

# ૧૭૩

## કેન્દ્ર સરકાર તરફથી મહાનગરપાલિકાને સર્વાંગી પરિવહન અને નવીનીકરણ માટે અટલ મિશન (અમૃત યોજના) હેઠળ મળેલ અનુદાન

* ૧૨૨૬૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાનગરપાલિકાને સહાયક અનુદાન માટે શહેરી સર્વાંગી પરિવહન અને નવીનીકરણ માટે અટલ મિશન (અમૃત યોજના) હેઠળ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ વર્ષ–૨૦૧૭માં રૂ.૧૪૦.૬૮ કરોડ તથા વર્ષ ૨૦૧૮માં રૂ.૭૧.૦૮ કરોડ રાજ્ય સરકારને મળેલ છે. |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવે છે?

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષ–૨૦૧૭માં રૂ.૧૪૦.૬૮ કરોડ તથા વર્ષ–૨૦૧૮માં ખર્ચ થયેલ નથી.

---------

# ૧૭૪

## પાટણ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

* ૧૧૫૩૨ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) ૨૫

(૨) ૪૭૨૨

---------

# ૧૭૫

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી

* ૧૨૧૫૨ **શ્રી ધવલસિંહ ઝાલા** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૭૬

## તાપી જિલ્લામાં વારસાઈ હક્ક અરજીઓ

* ૧૧૪૯૨ **શ્રી પુર્ણેશ મોદી** (સુરત પશ્ચિમ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|
| વ્યારા | ૧૨૩૩ |
| ડોલવણ | ૮૦૨ |
| વાલોડ | ૫૪૭ |
| સોનગઢ | ૧૦૫૯ |
| ઉચ્છલ | ૩૨૭ |
| નિઝર | ૨૨૩ |
| કુકરમુંડા | ૧૭૩ |
| **કુલ** | **૪૩૬૪** |

(૨)

| **પાડવામાં આવેલ નોંધો** | **મંજુર કરવામાં આવેલ નોંધો** | **નામંજુર કરવામાં આવેલ નોંધો** |
|---|---|---|
| ૪૩૬૪ | ૩૮૬૭ | ૧૫૭ |

(૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના કારણો શાં છે?

(૩) ઉક્ત નોંધો નામંજુર થવાના કારણો.

- પેઢીનામામાં વિસંગતતા હોવાના કારણે, કબજેદારના નામમાં વિસંગતતા હોવાના કારણે, મરણના દાખલામાં વિસંગતતા હોવાના કારણે,
- સાધનિક કાગળો પૂરતા ન હોવાના કારણે, અગાઉ નોંધ પાડેલ હોવાના કારણે, કાયદેસરના વારસદારો ઠરતા નહીં હોવાથી,
- સીધીલીટીના વારસદારોએ અરજી કરેલ ન હોવાથી, વારસોના જવાબમાં તમામની સહી ન હોવાથી, મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી,
- ગુજરનાર કબજેદારનું નામ, મરણના દાખલા, પેઢીનામામાં વિસંગતતા હોવાથી, કોર્ટ કેસ ચાલુ હોવાથી,
- સીધીલીટીના વારસદારો ન હોવાથી, સીધીલીટીના વારસો છુપાવેલ હોવાથી, મૃત ખાતેદારના નામમાં તફાવત હોવાથી, વિગેરે કારણોસર.

---------

# ૧૭૭

## રાજકોટ ગ્રીન ફીલ્ડ એરપોર્ટ માટે જમીન સંપાદન કરવા બાબત

* ૧૨૨૨૬ **શ્રી અમરિષભાઈ ડેર** (રાજુલા) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૭માં વડાપ્રધાને રાજકોટ ગ્રીન ફીલ્ડ એરપોર્ટનું ખાતમુહુર્ત કરેલ તે બનાવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કયા પ્રકારની, કેટલી જમીન, કોની પાસેથી સંપાદન કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે?

**જવાબ**

(૧) હે.૪૨–૩૧–૫૯ ચો.મી. જમીન સંપાદન હેઠળ છે.

(૨) ખેતીની હે.૪૨–૩૧–૫૯ ચો.મી. કૂલ ૬૫ જેટલા ખાતેદારો પાસેથી સંપાદન કરવાની પ્રક્રિયા ચાલુ છે.

(૩) બાકી રહેતી નથી.

---------

# ૧૭૮

## રાષ્ટ્રીય જમીન દફતર સંચાલન કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૧૨૨૩૧ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાષ્ટ્રીય જમીન દફતર સંચાલન કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે?

**જવાબ**

(૧) હા,

(૨)

| અ.નં. | નાણાંકીય વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ (રૂ.કરોડ) |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૧૦.૦૦ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૦૦.૦૦ |

---------

# ૧૭૯

## પાટણ જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૧૧૫૦૭ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપા નગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૫૪૮૬ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

# ૧૮૦

## ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબ દ્વારા જમીન પર કરેલ દબાણ

* ૧૨૨૩૪ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આવેલ ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબના માલિક દ્વારા ખરાબા અને પડતર જમીન પર દબાણ કરેલ અને રસ્તાઓ બંધ કરી દીધા હોવાની ફરિયાદ અન્વયે ડીસ્ટ્રીક્ટ ઇન્સ્પેક્ટરશ્રી, લેન્ડ રેકર્ડ પાસે માપણી કરીને અભિપ્રાય માંગેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત અભિપ્રાય ક્યારે માંગેલ છે, અને | (૨) તા.૨૦–૦૮–૨૦૧૮ ના રોજ. |
| (૩) ઉક્ત અભિપ્રાય મળેલ હોય તો ક્યારે મળેલ છે અને તેમાં ક્યા પ્રકારના દબાણો કર્યાનું સામે આવ્યું? | (૩) અભિપ્રાય મળેલ નથી. |

---------

# ૧૮૧

## ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં જી.આઈ.ડી.સી. માં બંધ યુનિટ

* ૧૨૧૬૮ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જિલ્લાવાર કેટલા યુનિટો બંધ હાલતમાં છે, અને | (૧) ગીર સોમનાથ – ૧<br>પોરબંદર – ૧૧૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર બંધ યુનિટો પૈકી કેટલા યુનિટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયા ? | (૨) ગીર સોમનાથ – ૧<br>પોરબંદર – ૩૧ |

---------

# ૧૮૨

## આશાપુરા માઈન કેમ.લિ.ની લીઝોની તપાસ/માપણી

* ૧૨૨૦૫ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ આશાપુરા માઈન કેમ.લિ.ની કેટલી લીઝોની ક્યારે તપાસ/માપણી કરવામાં આવેલ, | (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આશાપુરા માઈન કેમ લિ.ના નામની કોઈ લીઝ અસ્તિત્વ ધરાવતી નથી જેથી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તપાસ/માપણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૨) ઉક્ત તપાસ/માપણી વખતે ક્યા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે શા પગલાં લેવામાં આવ્યા ?

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૮૩

## સાબરકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૧૫૦૫ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| હિંમતનગર | ૧૭૦૯ |
| વડાલી | ૫૮૮ |
| ખેડબ્રહ્મા | ૫૭૨ |
| વિજયનગર | ૬૨૩ |
| પોશીના | ૩૧૨ |
| પ્રાંતિજ | ૧૪૫૪ |
| તલોદ | ૧૩૯૧ |
| ઈડર | ૧૫૭૩ |
| **કુલ** | **૮૨૨૨** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૮૨૨૨ | ૭૫૧૯ | ૧૮૫ |

(૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) ઉક્ત નોંધો નામંજુર થવાના કારણોઃ
- પેઢીનામામાં વારસદારો છુપાવેલ હોવાથી,
- જરૂરી આધાર પુરાવા સામેલ કરેલ ન હોવાથી,
- વારસદારોને ૧૩૫ ડી ની નોટીસની બજવણી થયેલ ન હોવાથી,
- અગાઉ વારસાઈ નોંધ પડાવેલ હોવાથી,
- નામમાં વિસંગતતા હોવાથી, વિગેરે કારણોસર

---------

# ૧૮૪

## અમદાવાદ શહેરમાં પોન્ઝી સ્કીમ ચલાવતી કંપનીઓ/સંસ્થાઓ

* ૧૨૧૦૬ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૦–૧૨–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં પોન્ઝી સ્કીમ બનાવી નાગરીકો સાથે છેતરપીંડી કરતી કેટલી કંપનીઓ/સંસ્થાઓ પકડાઈ,

(૨) ઉક્ત સ્થિતિએ સંચાલકોએ કેટલા નાગરીકો સાથે કેટલી રકમની છેતરપીંડી કરી હતી, અને

(૧) અને (૨)
પત્રક – અ %

(૩) ઉક્ત સ્થિતિએ આરોપીઓ સામે શી કાર્યવાહી કરાઈ છે ?

(૩) આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક – અ**

| અ. નં. | વર્ષ | છેતરપિંડી કરતી કંપનીઓ/ સંસ્થાની સંખ્યા | છેતરપિંડી કરતી કંપનીઓ/સંસ્થાનું નામ | ભોગ બનેલ નાગરીકોની સંખ્યા | નાગરીકો પાસેથી કરવામાં આવેલ છેતરપીંડીની રકમ (કિંમત) |
|---|---|---|---|---|---|
| ૧ | તા.૩૧–૧૨–૨૦૧૬ થી તા.૩૦–૧૨–૨૦૧૭ | ૪ | (૧) રાજમોરાલ ઈન્વેસ્ટ્મેન્ટ ફાઈનન્સ | ૧૮૮ | રૂ. ૬૩૯૦૮૦૪૪/– |
| | | | (૨) શ્રી ખેતેશ્વર અર્બન ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટી લી. | ૧ | રૂ. ૪૪૦૦૦૦/– |
| | | | (૩) ગુડલક હોટલ પ્રા. લી. | ૩૨૫ | રૂ. ૧૪૨૦૦૦/– |
| | | | (૪) સર્ટન ઈન્ફાકોર્ન પ્રા. લી. | ૩૪૭ | રૂ. ૨૩૮૯૪૮૩૧/– |
| ૨ | તા.૩૧–૧૨–૨૦૧૭ થી તા.૩૦–૧૨–૨૦૧૮ | ૩ | (૧) આર્ચેર કેર કંપની | ૩ | રૂ. ૭૫૦૦૦/– |
| | | | (૨) વર્લ્ડ કલેવરેક્ષ સોલ્યુસન કંપની | ૪ | રૂ. ૧૦૯૨૦૦૦/– |
| | | | (૩) ડ્રીમ પેસેફિક વિઝન | ૮ | રૂ. ૨૩૦૮૦૦૦/– |
| | **કુલ** | **૭** | **––** | **૮૭૬** | **રૂ. ૯૧૮૫૯૮૭૫/–** |

---------

# ૧૮૫

## મહિલા સુરક્ષા સમિતિની બેઠક

* ૧૩૧૩૦ **શ્રી જવાહરભાઈ ચાવડા** (માણાવદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૯–૯–૨૦૧૮ (પહેલી બેઠક) ના વારામાં ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૧૧૫૯ (અગ્રતા–૨૯૮) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૨૦–૮–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં મહિલા સુરક્ષા સમિતિની એકપણ બેઠક મળી નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) તા.૧૬–૦૭–૨૦૧૪ ના ઠરાવથી રચાયેલ રાજ્ય મહિલા સુરક્ષા સમિતિની મુદત તા.૧૫–૦૭–૧૬ ના રોજ પૂર્ણ થયેલ હોઈ, મહિલા સુરક્ષા સમિતિની બેઠક મળી શકેલ નથી. |
| (૩) ઉક્ત સમિતિની બેઠકો નિયમિત રીતે મળે તે માટે સરકારે શા આદેશો આપ્યા છે ? | (૩) નિયમોનુસાર મહિલા સુરક્ષા સમિતિની બેઠક વર્ષમાં ૪ (ચાર) વખત યોજાવાનું ઠરાવવામાં આવેલ છે. |

---------

# ૧૮૬

## વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ અંતર્ગત એમએસએમઈ સેક્ટરમાં પ્રોજેક્ટ

* ૧૧૪૩૫ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ સેક્ટરમાં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને | (૧) કુલ ૧૩૩૯૮ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ? | (૨) કુલ ૧૬૭૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૧૮૭

## રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં સિનિયર સિટીઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસ યોજનામાં રાહત

* ૧૧૪૫૬ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યના સિનિયર સિટીઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસમાં રાહત આપવા અંગે કોઈ યોજના છે કે કેમ,

(૨) જો હા તો, ઉક્ત યોજના અંતર્ગત કેટલી રાહત આપવામાં આવે છે, અને

(૩) તે હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં કેટલા યાત્રિકોએ ઉક્ત યોજનાનો લાભ લીધો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ''શ્રવણ તીર્થ દર્શન યોજના'' હેઠળ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને બે રાત્રિ અને ત્રણ દિવસની મર્યાદામાં વર્ષમાં એકવાર એસ.ટી. નિગમની સુપર બસ (નોન એ.સી.)ના ભાડાની રકમ અથવા ખાનગી ટ્રાવેલ્સની બસનું ભાડું એ બે માંથી જે ઓછુ હોય તેના ૫૦% રકમની રાહત આપવામાં આવે છે.

(૩) તાઃ૩૧–૧૨–૨૦૧૮ સુધી રાજકોટ જિલ્લામાં ૧૪,૯૦૯ અને ગાંધીનગર જિલ્લામાં ૬,૦૯૬ યાત્રિકોએ લાભ લીધો છે.

---------

# ૧૮૮

## વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં પ્રોજેક્ટ બાબત

* ૧૧૪૨૮ **શ્રી દુષ્યન્તભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૨) તે પૈકી કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ?

**જવાબ**

(૧) કુલ ૪૦૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે.

(૨) કુલ ૧૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૩) કુલ ૩૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૧૮૯

## મહીસાગર જિલ્લામાં ઈન્દિરાગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ અરજીઓ

* ૧૧૫૬૪ **શ્રી રતનસિંહ રાઠોડ** (લુણાવાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં ઈન્દિરાગાંધી રાષ્ટ્રિય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, કેટલી નામંજુર કરી, અને

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૯૮૯૧

(૨) ઉક્ત પૈકી ૮૬૩૩ અરજીઓ મંજુર કરી, ૧૦૮૪ અરજીઓ નામંજુર કરી છે.

(૩) નામંજુરીના કારણો નીચે મુજબ છે.

| ક્રમ | નામંજુરીના કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧ | નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી | ૪૪૯ |
| ૨ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી | ૬૩૫ |
| | **કુલ** | **૧૦૮૪** |

---------

# ૧૯૦

## રાજ્યના બંદરો પર સુરક્ષા વ્યવસ્થા અંગે રાજ્ય સરકારે કરેલ રજૂઆતો

* ૧૨૦૯૧ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી રાજ્યના ૧૧ મધ્યમ કક્ષાના તથા ૨૯ નાના બંદરો પર સુરક્ષા વ્યવસ્થા અપૂરતી હોવા અંગે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો કરવામાં આવી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શો પ્રતિભાવ મળ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૯૧

## અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોની કેપિટલ સબસીડી યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૦૮ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપિટલ સબસીડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૨૫૮ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૧૨૫૪ એકમોને રૂ.૫૬૫૪.૮૬ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

# ૧૯૨

## ગીર સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અરજીઓ

* ૧૧૫૬૦ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૭૬૨ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૭૬૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧૧૩૪૫ |

---------

# ૧૯૩

## બોટાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૧૧૪૯૯ **શ્રી આર.સી. મકવાણા** (મહુવા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૯૨૬ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

# ૧૯૪

## અમરેલી જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ

* ૧૧૫૫૮ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ લેવા માટે વિકસતિ જાતિના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) યુગલ– ૫૩૨<br>સંસ્થા– ૨૬ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) યુગલ– ૫૩૨<br>સંસ્થા– ૨૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૬૨.૫૮ લાખ |

---------

# ૧૯૫

## રાજ્યમાં ભારે વરસાદ અને પુરની નુકસાનીના વળતર માટે સહાય

* ૧૨૨૨૮ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુલાઈ–૨૦૧૭માં રાજ્યમાં આવેલ અતિ ભારે વરસાદ અને પુરની નુકસાનીના વળતર માટે સહાય આપવા કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલી રકમની માંગણી કરી હતી, | (૧) રૂ.૨૦૯૪.૯૨ કરોડની માંગણી કરવામાં આવેલ હતી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે ક્યારે કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવી, અને | (૨) ભારત સરકારની એનડીઆરએફની હાઈ લેવલ કમિટિની તા.૨૬–૦૨–૨૦૧૮ ની બેઠકમાં રૂ.૧૦૫૫.૦૫ કરોડની સહાય એનડીઆરએફ માંથી નીચેની શરતે મંજૂર કરવી તેમ નિર્ણય લીધેલ.<br>રાજ્યની એસડીઆરએફની તા.૦૧–૦૪–૨૦૧૭ ના રોજ સિલક રૂ.૩૪૯૩.૪૩ કરોડ હતી. જેના ૫૦% ૧૭૪૬.૭૧ કરોડ થાય. હાઈ લેવલ કમિટિ દ્વારા મંજૂર કરાયેલ રકમ રૂ.૧૦૫૫.૦૫ કરોડ, ઉક્ત ૫૦% રકમ કરતાં ઓછી હોય, રાજ્યને ખરેખર મળવાપાત્ર રકમ 'શૂન્ય' થાય તેવો પ્રત્યુત્તર કેન્દ્ર સરકારના તા.૦૯–૦૩–૨૦૧૮ના પત્રથી મળેલ છે. જેથી કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ફાળવણીનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) ઉકત માંગણી મુજબ પુરી રકમ ન મળી હોય તો પુરી રકમ મેળવવા ઉકત સ્થિતિએ સરકારે શા પ્રયાસો કર્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૯૬

## દાહોદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૧૫૦૨ **શ્રી શૈલેષ ભાભોર** (લિમખેડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| ફતેપુરા | ૯૯૩ |
| ઝાલોદ | ૧૮૯૪ |
| લીમખેડા | ૬૨૨ |
| દાહોદ | ૧૭૫૮ |
| ગરબાડા | ૮૭૮ |
| દેવગઢ બારીઆ | ૮૭૦ |
| ધાનપુર | ૭૯૪ |
| સંજેલી | ૩૯૨ |
| સીંગવડ | ૧૯૯ |
| **કુલ** | **૮૪૦૦** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૮૪૦૦ |
| મંજૂર નોંધો | ૭૩૦૬ |
| નામંજૂર નોંધો | ૩૮૧ |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. સાધનિક કાગળો અપૂર્તતાના કારણે તથા મરણના દાખલા તથા ૭/૧૨ની નકલમાં નામમાં વિસંગતતા હોવાથી.
૨. વિધવા પત્નીનો ઉલ્લેખ ન હોવાના કારણે.
૩. વારસદારોમાં સ્ત્રી વારસદારોનો સમાવેશ ન થવાને કારણે.
૪. ૧૩૫ ડી ની નોટીસમાં તમામ ખાતેદારોની સહી ન હોવાથી.
૫. પેઢીનામું રજુ ન હોવાથી.

---------

# ૧૯૭

## ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માટેનાં અનુદાન માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત

* ૧૨૦૫૮ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માટેનું અનુદાન ફાળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ તા.૧૭–૫–૨૦૧૬ના પત્રથી રજૂઆત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શો પ્રતિભાવ મળ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી રકમનું અનુદાન ક્યારે રાજ્ય સરકારને મળ્યું ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) શહેરી વિકાસ મંત્રાલય ભારત સરકારનાં તા.૧૦–૦૬–૨૦૧૬ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માટે ગ્રાન્ટની ફાળવણી કરી શકાય તેમ નથી, આથી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જુન–૨૦૧૬ બાદ છેલ્લા બે વર્ષમાં કોઈ રજૂઆત કેન્દ્ર સરકારમાં કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૯૮

## રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયો

* ૧૨૨૫૫ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયના બાંધકામ માટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે, | (૧) કુમાર છાત્રાલય માટે એસ્ટીમેટની રકમના ૭૫ ટકા અથવા રૂ.૪.૦૦ લાખ બે માંથી જે ઓછું હોય તેટલી સહાય. |
| (૨) ઉક્ત સ્થિતિએ સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને | (૨) તા.૦૩–૧૦–૧૯૯૭ |
| (૩) ઉક્ત સ્થિતિએ સહાયના દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો ? | (૩) તા.૦૩–૧૦–૯૭ના ઠરાવથી રૂ.૧.૦૦ લાખનો વધારો |

---------

# ૧૯૯

## વડોદરા અને રાજકોટ જિલ્લામાં વિદેશી દારૂના પરવાના

* ૧૨૦૮૬ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વડોદરા અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના પરવાનેદારો કેટલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવાના કેટલા નવા પરવાનાઓ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવામાં આવ્યું, અને

(૪) ઉક્ત સ્થિતિએ સરકારને છેલ્લાં બે વર્ષમાં ઉક્ત પેટે કુલ કેટલી આવક મળી ?

**જવાબ**

(૧)

| જિલ્લા | પરવાનેદારની સંખ્યા |
|---|---|
| વડોદરા | ૦૭ |
| રાજકોટ | ૦૫ |

(૨) એકપણ નહીં.

(૩)

| વિદેશી દારૂ (કિલો લીટર) | બિયર (કિલો લીટર) |
|---|---|
| ૩૦૮.૮૩૮ | ૧૯૮૩.૬૩૪ |

(૪) રૂ. ૧૦.૧૨ કરોડ.

---------

# ૨૦૦

## ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના છાત્રાલયો

* ૧૧૫૫૩ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા છાત્રાલયો ચાલે છે, | (૧) ૩૯ |
| (૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૧૮૯૯ |
| (૩) વર્ષ ૨૦૧૭–૧૮માં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૧૮૫૨ |
| (૪) ઉક્ત છાત્રાલયોમાં શું સગવડતાઓ આપવામાં આવે છે ? | (૪) સરકારી તેમજ ગ્રાન્ટ–ઈન–એઈડ બન્ને છાત્રાલયોમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને મફત રહેવાની, જમવાની તથા રમત–ગમતના સાધનો, બુકબેંક પુસ્તકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. |

---------

# ૨૦૧

**રાજ્યમાં ઓનલાઈન એન.એ.**

* ૧૧૪૬૩ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ઓનલાઈન એન.એ.ની કાર્યપધ્ધતિ ક્યારથી અમલમાં આવી, અને | (૧) તા.૧૨–૧૨–૨૦૧૮ થી, |
| (૨) ઉક્ત સ્થિતિએ ઓનલાઈન એન.એ. કાર્યપધ્ધતિને કારણે રાજ્યના નાગરિકોને શું ફાયદો થયેલ છે ? | (૨) (૧) ઓનલાઈન એન.એ. કાર્યપધ્ધતિને કારણે રાજ્યના નાગરિકોને કચેરીઓની મુલાકાતમાંથી મુક્તિ મળેલ છે.<br>(૨) અરજદારોને મહેસુલી રેકર્ડ રજુ કરવામાંથી મુક્તિ મળેલ છે.<br>(૩) નિર્ણય પ્રક્રિયા ઝડપી બનેલ છે.<br>(૪) રાજ્યના નાગરિકોને ઘરબેઠા નેટ બેન્કિંગ દ્વારા અરજી ફી અને અન્ય કરવેરાની ભરપાઈ માટે ઓનલાઈન પેમેન્ટની સેવા મળેલ છે.<br>(૫) અરજી પ્રક્રિયાની એસએમએસ–ઇ.મેઈલ દ્વારા અરજદારને જાણકારી મળે છે. |

---------

# ૨૦૨

**કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ભાડાપટ્ટે અપાયેલ જમીનના ભાડા અને વેરાની બાકી વસુલાત**

* ૧૨૨૩૦ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને સુરેન્દ્રનગર જીલ્લામાં મરીન કેમીકલ માટે મીઠાના અગરો ભાડાપટ્ટે અપાયેલ જમીનના ભાડાની તથા અન્ય વેરાની વસુલાત બાકી છે, તે હકીકત સાચી છે, અને | (૧) 'ના'. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા મરીન કેમીકલ એકમની કેટલી જમીન સામે ભાડા, શૈક્ષણિક ઉપકર, બીનખેતી કરની કેટલી રકમ વસુલ કરવાની થાય છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૨૦૩

**ભરૂચ–અંકલેશ્વર શહેરી સત્તામંડળના જાહેરનામામાં ભુલો બાબત**

* ૧૨૦૬૩ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૫–૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ–અંકલેશ્વર શહેરી સત્તા મંડળની વિકાસ યોજનામાં પ્રાથમિક જાહેરનામામાં કરેલ ગંભીર ભૂલો સુધાર્યા સિવાય આખરી વિકાસ યોજના અમલી બનાવેલ છે, તેમાં રહેલ ભુલો અને વિસંગતતા દુર કરવા માટે કેટલી ફરિયાદ/રજૂઆત સરકારને મળી, અને | (૧) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૧૯ની જોગવાઈ મુજબ સત્તામંડળે મંજૂર અમલી વિકાસ યોજનામાં રહેલ ભુલો અને વિસંગતતા દૂર કરવા માટે તેમાં ફેરફાર કરવાની દરખાસ્ત રાજ્ય સરકારશ્રીને કરવાની થાય છે. ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના જણાવ્યા મુજબ આવી ૧૫ રજૂઆતો તેઓને મળેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદ/રજૂઆત અન્વયે રાજ્ય સરકારે શું કાર્યવાહી કરી ?

(૨) સદર રજૂઆત પરત્વે એક દરખાસ્ત સરકારશ્રીને પાઠવાયેલ છે, જે સરકારશ્રીની વિચારણાધીન છે.

---------

# ૨૦૪

**નવસારી જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવેલ રકમ**

* ૧૧૪૪૪ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે, અને | (૧) ૯૫ ટકા |
| (૨) ઉક્ત સમયગાળામાં નવસારી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે ? | (૨) રૂ.૩.૨૦ કરોડ. |

---------

# ૨૦૫

**વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત એમએસએમઈ સેક્ટરમાં પ્રોજેક્ટ**

* ૧૧૪૨૧ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ સેક્ટરમાં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ કેટલા પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા, અને | (૧) કુલ ૧૩૩૯૮ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે ? | (૨) કુલ ૧૬૭૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૨૦૬

**અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટની કામગીરી**

* ૧૨૦૭૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ ક્યા તબક્કે છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ પ્રથમ તબક્કાની બાંધકામની કામગીરી ચાલી રહી છે. |
| (૨) ઉક્ત મેટ્રો રેલના રૂટમાં ક્યારે ફેરફાર કરવામાં આવ્યો અને તેની વિગત શી છે, | (૨) વર્ષ ૨૦૧૪માં મેટ્રોનાં નોર્થ–સાઉથ (જીવરાજ પાર્કથી વાડજ) રૂટને ખસેડીને કોરિડોર સાથે લેવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૩) પ્રથમ તબક્કાનો વસ્ત્રાલથી એપેરેલ પાર્ક સુધીનો ૬.૫ કિ.મીટર સુધીનો રૂટ માર્ચ, ૨૦૧૯ સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે અને ફેઝ–૧ ની કામગીરી ડિસેમ્બર–૨૦૨૦ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) ઉક્ત પ્રોજેક્ટ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) છેલ્લા ૨ (બે) વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૮ સુધીમાં કુલ રૂપિયા ૨૯૮૭.૯૧ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૦૭

## રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં સિનિયર સિટિઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસ યોજનામાં રાહત

* ૧૧૪૫૪ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યના સિનિયર સિટિઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસમાં રાહત આપવા અંગે કોઈ યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત યોજના અંતર્ગત કેટલી રાહત આપવામાં આવે છે, અને | (૨) ‘‘શ્રવણ તીર્થ દર્શન યોજના’’ હેઠળ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને બે રાત્રિ અને ત્રણ દિવસની મર્યાદામાં વર્ષમાં એકવાર એસ.ટી. નિગમની સુપર બસ (નોન એ.સી.) ના ભાડાની રકમ અથવા ખાનગી ટ્રાવેલ્સની બસનું ભાડું એ બે માંથી જે ઓછું હોય તેના ૫૦% રકમની રાહત આપવામાં આવે છે. |
| (૩) તે હેઠળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં કેટલા યાત્રિકોએ ઉકત યોજનાનો લાભ લીધો ? | (૩) તા.૩૧–૧૨–૨૦૧૮ સુધી રાજકોટ જિલ્લામાં ૧૪,૯૦૯ અને ગાંધીનગર જિલ્લામાં ૬,૦૯૬ યાત્રિકોએ લાભ લીધો છે. |

---------

# ૨૦૮

## નલીયા સેકસ રેકેટની તપાસ માટેના જસ્ટીસ દવે કમિશન પાછળ ખર્ચ

* ૧૨૧૦૨ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના નલીયા સેક્સ રેકેટની તપાસ માટે જસ્ટીસ દવે કમિશનની નિમણુંક કરવામાં આવેલ છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કમિશન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) રૂ.૭૦,૨૭,૨૩૮/– |

---------

# ૨૦૯

## આણંદ અને પંચમહાલ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માં બંધ યુનિટ

* ૧૨૧૭૯ **શ્રી કાન્તીભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ આણંદ અને પંચમહાલ જિલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી. માં જીલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને | (૧) આણંદ–૩૮<br>પંચમહાલ–૭૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયાં ? | (૨) આણંદ–૧૧<br>પંચમહાલ–૧૨ |

---------

# ૨૧૦

**વાયબ્રન્ટ સમિટ–૨૦૧૯ માં ભાગ લીધેલ દેશોના પ્રતિનિધિ**

* ૧૩૧૨૬ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૯માં કેટલા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો,

(૨) ઉક્ત સમિટ દરમિયાન પાર્ટનર દેશો કયા હતા,

(૩) આ સમિટ દરમિયાન કેટલા અને કયા સેમિનાર યોજવામાં આવ્યા હતા, અને

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૯માં ૧૩૫ થી વધારે દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

(૨) ઉક્ત સમિટ દરમિયાન ૧૫ પાર્ટનર દેશો હતા, જે નીચે મુજબ છે.

(૧) ઓસ્ટ્રેલિયા (૨) કેનેડા (૩) સીચેક રિપબ્લિક (૪) ડેનમાર્ક (૫) ફ્રાન્સ (૬) જાપાન (૭) મોરોકકો (૮) નોર્વે (૯) પોલેન્ડ (૧૦) દક્ષિણ આફ્રિકા (૧૧) કોરીયા (૧૨) થાઈલેન્ડ (૧૩) નેધરલેન્ડ (૧૪) યુએઈ (૧૫) ઉઝબેકિસ્તાન.

(૩) આ સમિટ દરમિયાન ૧૮ થીમ સેમિનાર, ૦૬ સ્ટેટ સેમિનાર અને ૨૪ કન્ટ્રી સેમિનાર યોજવામાં આવ્યા હતા, જે નીચે મુજબ છે.

**થીમ સેમિનાર**

(૧) ઈન્ટરનેશનલ રાઉન્ડટેબલ એન્ડ કોન્ફરન્સ ઓન સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરીંગ એન્ડ મેથેમેટીકસ (સ્ટીમ).

(૨) મેક ઈન ઈન્ડિયા–મેકીંગ ઈન્ડિયા એ ગો–ટુ ડેસ્ટીનેશન ફોર મેન્યુફેકચરીંગ.

(૩) પોર્ટ લીડ ડેવલપમેન્ટ એન્ડ સ્ટ્રેટીજીકસ ટુ એસ્ટાબ્લિશ ઈન્ડિયા એસ ધ ટ્રાન્સીપમેન્ટ હબ ઓફ એશિયા.

(૪) ગીફ્ટ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસીસ સેન્ટર: એ ન્યુ ફાયનાન્સિયલ ગેટવે ઓફ ઈન્ડિયા.

(૫) ઓપોર્ચ્યુનિટીસ ફોર ઈન્ડસ્ટ્રી ઈન ડિફેન્સ એન્ડ એરોસ્પેસ.

(૬) આફ્રિકા ડે

(૭) એમએસએમઈ કન્વેન્શન.

(૮) ગ્લોબલ કોન્કલેવ ઓફ ઈન્ટરનેશનલ ચેમ્બર્સ.

(૯) ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઈએસએ) ફોરમ.

(૧૦) ગુજરાત સ્પ્રિન્ટ–૨૦૨૨

(૧૧) સેમિનાર ઓન બાયલેટ્રલ ટ્રેડ (ટ્રેડ એન્ડ એક્ષ્પોર્ટસ)

(૧૨) શેપિંગ એ ન્યૂ પેરાડિગ્મ ઈન મેડીકલ એન્ડ ફાર્મા સર્વિસીસ.

(૧૩) મોબિલિટી લેડ અર્બન ડેવલપમેન્ટ.

(૧૪) ટેક્ષ્ટાઈલ કોન્કલેવ–એક્ષપ્લોરીંગ ગ્રોથ પોટેન્સિયલ ઓફ ટેક્ષ્ટાઈલ ફોર બિલ્ડીંગ ન્યૂ ઈન્ડિયા.

(૧૫) રિન્યુએબલ એનર્જી–ઓપોર્ચ્યુનિટીસ ઈન ગુજરાત એન્ડ ઈન્ડિયા.

(૧૬) રિપોસીશનીંગ ઈન્ડિયન ટેલેન્ટ પુલ ઓન એ ગ્લોબલ ફાઉન્ટર.

(૧૭) સસ્ટેનેબલ ટેકનોલોજી ડ્રિવન એગ્રિકલ્ચર ફોર ન્યૂ ઈન્ડિયા.

(૧૮) સેમિનાર ઓફ હેલ્થકેર (આફ્રિકા ડે)

**સ્ટેટ સેમિનાર**

(૧) હિમાચલ પ્રદેશ (૨) આંધ્રપ્રદેશ (૩) હરિયાણા (૪) કર્ણાટક (૫) ઝારખંડ (૬) ઓરિસ્સા.

**કન્ટ્રી સેમિનાર**

(૧) ઓસ્ટ્રેલિયા (૨) કેનેડા (૩) સીચેક રિપબ્લિક (૪) ડેનમાર્ક (૫) ફ્રાન્સ (૬) જાપાન (૭) મોરોકકો (૮) નોર્વે (૯) પોલેન્ડ (૧૦) દક્ષિણ આફ્રિકા (૧૧) કોરીયા (૧૨) થાઈલેન્ડ (૧૩) નેધરલેન્ડ (૧૪) યુએઈ (૧૫) ઉઝબેકિસ્તાન (૧૬) સાયપ્રસ (૧૭) માલ્ટા (૧૮) ટાયટ્રા (૧૯) ફ્રી સ્ટેટ ઓફ ગેટવે ટુ યુરોપીયન માર્કેટ એન્ડ ઈનોવેશન (૨૦) યુએસઆઈબીસી (૨૧) યુએસઆઈએસપીએફ (૨૨) સીડબલ્યુઈઆઈસી (૨૩) એસઆઈસીસીઆઈ (૨૪) ડયુકમ (ઓમાન).

(૪) ઉકત યોજાયેલ સેમિનાર દીઠ પાર્ટનર કોણ હતા ?

(૪) ઉકત યોજાયેલ સેમિનાર દીઠ પાર્ટનર નીચે મુજબ હતા.

(૧) ડેનમાર્ક કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૨) ઉઝબેકિસ્તાન કન્ટ્રી સેમિનાર (ફિકકી)
(૩) ઓસ્ટ્રેલિયા કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૪) નેધરલેન્ડ કન્ટ્રી સેમિનાર (ફિકકી)
(૫) જાપાન કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૬) યુએએસ ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (યુએસઆઈબીસી) કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૭) ઝારખંડ સ્ટેટ સેમિનાર (સીઆઈઆઈ)
(૮) યુએઈ કન્ટ્રી સેમિનાર (ફિકકી)
(૯) સાઉથ કોરીયા કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૧૦) મહારાષ્ટ્ર સ્ટેટ સેમિનાર (સીઆઈઆઈ)
(૧૧) સીઝેક રિપબ્લિક કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૧૨) થાઈલેન્ડ કન્ટ્રી સેમિનાર (ફિકકી)
(૧૩) નોર્વે કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૧૪) તાઈવાન એક્ષ્ટર્નલ ટ્રેડ ડેવલપમેન્ટ કાઉન્સિલ (ટાયટ્રા) કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૧૫) પોલેન્ડ કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૧૬) હિમાચલ પ્રદેશ સ્ટેટ સેમિનાર (ફિકકી)
(૧૭) ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઈએસએ) ફોરમ સેમિનાર (ફિકકી)
(૧૮) ફ્રાન્સ કન્ટ્રી સેમિનાર (ફિકકી)
(૧૯) યુએસ–ઈન્ડિયા સ્ટ્રેટીજીક પાર્ટનરશીપ ફોરમ (યુએસઆઈએસપીએફ) સેમિનાર (સીઆઈઆઈ).
(૨૦) કર્ણાટક સ્ટેટ સેમિનાર (સીઆઈઆઈ)
(૨૧) કેનેડા: યોર સ્ટાર્ટઅપ ગેટવે સેમિનાર (ફિકકી)
(૨૨) દક્ષિણ આફ્રિકા કન્ટ્રી સેમિનાર (સીઆઈઆઈ)
(૨૩) મોરોક્કો કન્ટ્રી સેમિનાર (ફિકકી)
(૨૪) આંધ્રપ્રદેશ સ્ટેટ સેમિનાર (ફિકકી)
(૨૫) પંજાબ સ્ટેટ સેમિનાર (સીઆઈઆઈ)
(૨૬) સિંગાપોર ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (એસઆઈસીસીઆઈ) સેમિનાર (ફિક્કી)
(૨૭) ઈકોનોમિક એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પોટેન્સિયલ ઓફ ટાયુમેન રિઝન (રશિયા) સેમિનાર (ફિકકી)

(૨૮) ધ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ઓફ ડાયકમ (ઓમાન) સેમિનાર (ફિકકી)
(૨૯) મિનિસ્ટ્રી ઓફ શીપીંગ સેમિનાર (સીઆઈઆઈ)
(૩૦) હરિયાણા સ્ટેટ સેમિનાર (સીઆઈઆઈ)
(૩૧) સાયપ્રસ કન્ટ્રી સેમિનાર (ફિકકી)

---------

# ૨૧૧

## બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે શિક્ષણ/સંશોધન ક્ષેત્રે પગલા

* ૧૧૩૭૭ **શ્રી હસમુખભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા કોઈ પગલા લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે શા પગલાં લેવામાં આવેલ છે? | (૨) • રાજ્યમાં બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને વેગ આપવા માટે ગુજરાત સરકારના બાયોટેકનોલોજી મિશન દ્વારા છેલ્લા બે વર્ષોમાં, કુલ રૂ.૧૧૮ લાખના ખર્ચે રાજ્યની ૧૨ (બાર) શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓને બાયોઈન્ફોર્મેટીકસ લેબની રચના માટે સહાય આપવામાં આવેલ છે.<br>• રાજ્યની ૩ (ત્રણ) જુદી–જુદી સંસ્થાઓમાં સુપર કોમ્પ્યુટીંગ ફેસેલીટી સ્થાપવામાં આવી છે.<br>• બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે રાજ્ય સરકારે ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરની રચના કરી છે. જેમાં બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે સંશોધન માટેની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.<br>• ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરને ‘‘શેયર્ડ ફેસેલીટી’’ તરીકે જાહેર કરવામાં આવેલ છે. |

---------

# ૨૧૨

## વાઈબ્રન્ટ સમીટ–૨૦૧૭ અંતર્ગત કેમિકલ્સ પેટ્રોકેમિકલ્સ એન્ડ જીઆઈડીસી લાર્જ પ્રોજેકટ

* ૧૧૪૩૨ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત કેમિકલ્સ પેટ્રોકેમિકલ્સ એન્ડ જીઆઈડીસી લાર્જ પ્રોજેકટ સેકટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા, | (૧) કુલ ૨૭૧ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન થયા. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા, અને | (૨) કુલ ૪૩ પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા. |
| (૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે ? | (૩) કુલ ૧૨૩ પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૨૧૩

## સુરત અને ગાંધીનગર જિલ્લામાં વિદેશી દારૂના પરવાના

* ૧૨૦૮૮ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સુરત અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના પરવાનેદારો કેટલા છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવાના કેટલા નવા પરવાનાઓ આપવામાં આવ્યા,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવામાં આવ્યું, અને

(૪) ઉકત સ્થિતિએ સરકારને છેલ્લાં બે વર્ષમાં ઉકત પેટે કુલ કેટલી આવક મળી ?

**જવાબ**

(૧)

| જિલ્લા | પરવાનેદારની સંખ્યા |
|---|---|
| સુરત | ૦૫ |
| ગાંધીનગર | ૦૩ |

(૨) એકપણ નહીં.

(૩)

| વિદેશી દારૂ (કિલો લીટર) | બિયર (કિલો લીટર) |
|---|---|
| ૨૫૦.૨૦૩ | ૩૮૦૧.૫૪૪ |

(૪) રૂ.૮.૯૯ કરોડ.

---------

# ૨૧૪

## ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના કામો માટે ગ્રાન્ટ

* ૧૧૪૦૩ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન.ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે ક્યારથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ આ ગ્રાન્ટમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન.ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે વર્ષ ૧૯૮૯–૯૦ થી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૨) યોજના શરૂ થઈ ત્યારથી તા.૩૧–૧૨–૧૮ સુધીમાં યોજના હેઠળ અપાતી ધારાસભ્ય દીઠ વાર્ષિક ગ્રાન્ટમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ધારાસભ્યશ્રી દીઠ નિયત કરેલ ગ્રાંટ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ૧૯૮૯–૯૦ | ૧૦.૦૦ |
| ૨ | ૧૯૯૦–૯૧ થી ૧૯૯૧–૯૨ | ૫.૦૦ |
| ૩ | ૧૯૯૨–૯૩ થી ૧૯૯૪–૯૫ | ૧૦.૦૦ |
| ૪ | ૧૯૯૫–૯૬ થી ૧૯૯૬–૯૭ | ૧૫.૦૦ |
| ૫ | ૧૯૯૭–૯૮ | ૨૦.૦૦ |
| ૬ | ૧૯૯૮–૯૯ થી ૧૯૯૯–૨૦૦૦ | ૨૫.૦૦ |
| ૭ | ૨૦૦૦–૨૦૦૧ થી ૨૦૦૧–૦૨ | ૩૦.૦૦ |
| ૮ | ૨૦૦૨–૨003 થી ૨૦૧૩–૧૪ | ૫૦.૦૦ |
| ૯ | ૨૦૧૪–૧૫ થી ૨૦૧૭–૧૮ | ૧૦૦.૦૦ |
| ૧૦ | ૨૦૧૮–૧૯ થી | ૧૫૦.૦૦ |

---------

# ૨૧૫

## રાજ્યમાં વયવંદના યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૧૨૨૪૬ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વયવંદના યોજના (રાષ્ટ્રીય વૃધ્ધ સહાય) હેઠળ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨)

| ક્રમ | વર્ષ | રકમ |
|---|---|---|
| ૧ | ૧–૧–૨૦૧૭ થી ૩૧–૧૨–૨૦૧૭ | રૂ.૬૦૯૨.૩૬ લાખ. |
| ૨ | ૧–૧–૨૦૧૮ થી ૩૧–૧૨–૨૦૧૮ | રૂ.૧૩૫૭૭.૯૫ લાખ. |

---------

# ૨૧૬

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોકસાઈટ લીઝ

* ૧૨૨૦૭ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : ચૌદમી વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૮–૦૩–૨૦૧૮ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૦૪૦૩ (અગ્રતાક્રમ–૭૩) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લીઝ હોલ્ડર દ્વારા લીઝની જમીન સિવાયની સરકારી જમીનમાંથી બોકસાઈટ ખોદીને લઈ જવાની ગેરરીતિ સંબંધે એક કિસ્સામાં કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉકત સ્થિતિએ ગેરકાયદેસર ખોદકામ કરવામાં આવેલ બોકસાઈટના જથ્થાની કેટલી કિંમત અંદાજવામાં આવેલ છે, અને

(૩) ઉકત ગેરકાયદેસર ખોદકામ અને બોકસાઈટની કિંમત વસુલવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) સુનાવણીના તબક્કે છે.

(૨) રૂ.૭,૮૬,૪૯,૪૨૬/– (અંકે રૂપિયા સાત કરોડ છયાંસી લાખ ઓગણપચાસ હજાર ચારસો છવ્વીસ પુરા).

(૩) ગુજરાત મીનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ, ૨૦૧૭ અંતર્ગત લીઝધારકશ્રીને પુરતી તક આપી નિર્ણય લેવાનો થતો હોઈ લીઝધારકશ્રી દ્વારા રજુ કરેલ આધાર પુરાવા અન્વયે હાલ સુનાવણીની કાર્યવાહી ચાલુમાં છે.

---------

# ૨૧૭

## વડોદરા જિલ્લામાં ગૌણ ખનિજનો જાહેર હરાજીથી નિકાલ

* ૧૧૪૪૯ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તે માટે સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા તો, ઉકત સ્થિતિએ સન ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા ખનિજોનો જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉકત સ્થિતિએ વડોદરા જિલ્લામાં સાદી રેતી અને બ્લેકટ્રેપ ખનિજોનો જાહેર હરાજીથી નિકાલની પ્રક્રિયા હેઠળ છે.

| વર્ષ | ખનિજ | જાહેર હરાજી માટે મુકવામાં આવેલ બ્લોક | જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવેલ બ્લોકની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | – | – | – |
| ૨૦૧૮–૧૯ (તા.૩૧–૧૨–૧૮ ની સ્થિતિએ) | સાદી રેતી | ૧૦ | હરાજીની પ્રક્રિયા ચાલુમાં છે. |
| | બ્લેકટ્રેપ | ૦૮ | |
| **કુલ** | | **૧૮** | **–** |

---------

# ૨૧૮

### વડોદરા જિલ્લામાં ગૌણ ખનિજનો જાહેર હરાજીથી નિકાલ

* ૧૧૪૫૦ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તે માટે સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા તો, ઉકત સ્થિતિએ સન ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા ખનિજોનો જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉકત સ્થિતિએ વડોદરા જિલ્લામાં સાદી રેતી અને બ્લેકટ્રેપ ખનિજોનો જાહેર હરાજીથી નિકાલની પ્રક્રિયા હેઠળ છે.

| **વર્ષ** | **ખનિજ** | **જાહેર હરાજી માટે મુકવામાં આવેલ બ્લોક** | **જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવેલ બ્લોકની સંખ્યા** |
|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | – | – | – |
| ૨૦૧૮–૧૯ (તા.૩૧–૧૨–૧૮ ની સ્થિતિએ) | સાદી રેતી | ૧૦ | હરાજીની પ્રક્રિયા ચાલુમાં છે. |
| | બ્લેકટ્રેપ | ૦૮ | |
| | **કુલ** | **૧૮** | **–** |

---------

# ૨૧૯

### સુરત અને ભરૂચ જીલ્લાના રાજપારડી બ્લોકની દક્ષિણનો વિસ્તાર જીઆઈપીસીએલને ફાળવવા

* ૧૨૨૦૮ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જીઆઈપીસીએલને સુરત અને ભરૂચ જીલ્લાના રાજ પારડી બ્લોકની દક્ષિણે આવેલ કુલ ૭૮૩૦.૭૭.૩૨ હેકટર વિસ્તારનો માઈનીંગ અન્ડર ગ્રાઉન્ડકોલ ગેસીફિકેશન માટે ફાળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લાં બે વર્ષમાં કેટલી રજૂઆતો કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યારે શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૨૦

### વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત હેલ્થ–કેર એન્ડ ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં પ્રોજેક્ટ

* ૧૧૪૩૧ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત હેલ્થ–કેર એન્ડ ફાર્માસ્યુટીકલ સેકટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા, અને

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે ?

**જવાબ**

(૧) કુલ ૩૦૦ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે.

(૨) કુલ ૧૩૧ પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા.

(૩) કુલ ૮૨ પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે.

---------

# ૨૨૧

## માહિતી ખાતા દ્વારા પ્રસિધ્ધ થતું ગુજરાત અંગ્રેજી મેગેઝીન

* ૧૨૧૪૪ **શ્રી સોમાભાઈ કોળી પટેલ** (લીંબડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર માહિતી ખાતા દ્વારા પ્રસિધ્ધ થતા ગુજરાત અંગ્રેજી મેગેઝીનની અંકવાર કેટલી નકલ છાપવામાં આવી, અને

**જવાબ**

(૧) માહિતી નિયામક કચેરી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતા ''ધ ગુજરાત'' ત્રિમાસિક અંગ્રેજી મેગેઝીનની તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અંકવાર છાપવામાં આવેલ નકલોની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ ૨૦૧૭ (તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૮ સુધી** | **નકલો** |
|---|---|
| અંક નં.–૧ જાન્યુઆરી–૧૭ | ૫,૦૦૦ |
| અંક નં.–૨ એપ્રિલ–૧૭ | ૧૦,૦૦૦ |
| અંક નં.–૩ જુલાઈ–૧૭ | ૫,૦૦૦ |
| અંક નં.–૪ ઓકટોબર–૧૭ | ૫,૦૦૦ |
| **કુલ નકલો** | **૨૫,૦૦૦** |
| **વર્ષ ૨૦૧૮ (તા.૧–૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ સુધી)** | **નકલો** |
| અંક નં.–૧ જાન્યુઆરી–૧૮ | ૫,૦૦૦ |
| અંક નં.–૨ એપ્રિલ–૧૮ | ૫,૦૦૦ |
| અંક નં.–૩ જુલાઈ–૧૮ | ૫,૦૦૦ |
| અંક નં.–૪ ઓકટોબર–૧૮ | ૧,૫૦૦ |
| **કુલ નકલો** | **૧૬,૫૦૦** |

(૨) ખાનગી પ્રેસમાં છાપવામાં આવી હોય તો તેના માટે ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ક્યા ખાનગી પ્રેસને ચૂકવવામાં આવી ?

(૨) ''ધ ગુજરાત'' ત્રિમાસિક અંગ્રેજી મેગેઝીન સરકારી પ્રેસમાં છપાવવામાં આવેલ છે. તેથી આ ખંડની માહિતી આપવાની રહેતી નથી.

---------

# ૨૨૨

## રાજીવ આવાસ યોજનામાં રાજયને મળતી સહાયમાં વધારો

* ૧૨૦૭૯ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી ગૃહ નિર્માણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી રાજીવ આવાસ યોજનામાં મળવાપાત્ર સહાયની રકમમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં રાજીવ આવાસ યોજનામાં મળવાપાત્ર સહાયની રકમમાં વધારો કરવા બાબતે કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૨૩

## સાબરકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૧૫૦૩ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| હિંમતનગર | ૧૭૦૯ |
| વડાલી | ૫૮૮ |
| ખેડબ્રહ્મા | ૫૭૨ |
| વિજયનગર | ૬૨૩ |
| પોશીના | ૩૧૨ |
| પ્રાંતિજ | ૧૪૫૪ |
| તલોદ | ૧૩૯૧ |
| ઈડર | ૧૫૭૩ |
| **કુલ** | **૮૨૨૨** |

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૮૨૨૨ | ૭૫૧૯ | ૧૮૫ |

(૩) ઉકત નોંધો નામંજુર થવાના કારણોઃ

- પેઢીનામામાં વારસદારો છુપાવેલ હોવાથી,
- જરૂરી આધાર પુરાવા સામેલ કરેલ ન હોવાથી,
- વારસદારોને ૧૩૫ ડી ની નોટીસની બજવણી થયેલ ન હોવાથી,
- અગાઉ વારસાઈ નોંધ પડાવેલ હોવાથી,
- નામમાં વિસંગતતા હોવાથી, વિગેરે કારણોસર.

---------

# ૨૨૪

## ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસ કામો માટે ગ્રાન્ટ

* ૧૧૩૯૭ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન.ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે ક્યારથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ આ ગ્રાન્ટમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં માન.ધારાસભ્યશ્રીઓને મત વિસ્તારના વિકાસના કામો માટે વર્ષ ૧૯૮૯–૯૦ થી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૨) યોજના શરૂ થઈ ત્યારથી તા.૩૧–૧૨–૧૮ સુધીમાં યોજના હેઠળ અપાતી ધારાસભ્ય દીઠ વાર્ષિક ગ્રાન્ટમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ધારાસભ્યશ્રી દીઠ નિયત કરેલ ગ્રાન્ટ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ૧૯૮૯–૯૦ | ૧૦.૦૦ |
| ૨ | ૧૯૯૦–૯૧ થી ૧૯૯૧–૯૨ | ૫.૦૦ |
| ૩ | ૧૯૯૨–૯૩ થી ૧૯૯૪–૯૫ | ૧૦.૦૦ |
| ૪ | ૧૯૯૫–૯૬ થી ૧૯૯૬–૯૭ | ૧૫.૦૦ |
| ૫ | ૧૯૯૭–૯૮ | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૬ | ૧૯૯૮–૯૯ થી ૧૯૯૯–૨૦૦૦ | ૨૫.૦૦ |
| ૭ | ૨૦૦૦–૨૦૦૧ થી ૨૦૦૧–૦૨ | ૩૦.૦૦ |
| ૮ | ૨૦૦૨–૨૦૦૩ થી ૨૦૧૩–૧૪ | ૫૦.૦૦ |
| ૯ | ૨૦૧૪–૧૫ થી ૨૦૧૭–૧૮ | ૧૦૦.૦૦ |
| ૧૦ | ૨૦૧૮–૧૯ થી | ૧૫૦.૦૦ |

---------

# ૨૨૫

**કચ્છ જિલ્લામાં બ્રોમીન ઉત્પાદન માટે ફાળવેલ જમીન**

* ૧૧૪૮૨ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ બ્રોમીન ઉત્પાદન માટે છેલ્લાં એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી જમીનો ફાળવવામાં આવી ?

**જવાબ**

શૂન્ય.

---------

# ૨૨૬

**મોરબી જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ**

* ૧૧૪૭૦ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| માળિયા | ૫૮૭ |
| મોરબી | ૧૩૭૯ |
| ટંકારા | ૫૭૩ |
| હળવદ | ૧૨૮૭ |
| વાંકાનેર | ૧૦૦૫ |
| **કુલ** | **૪૮૩૧** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૪૮૩૧ |
| મંજૂર નોંધો | ૪૪૩૭ |
| નામંજૂર નોંધો | ૧૩૧ |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. વારસાઈ આંબા અને સોગંદનામામાં ભૂલ હોવાથી.

૨. તમામ વારસદારે જાહેર ન થતાં લગત વારસદારના હક્ક ડુબતા હોવાથી.

૩. વારસદારોમાં વિસંગતતા હોવાથી.

૪. સીધીલીટીના વારસદારો ન હોવાથી.

૫. વારસદારો બાબતે તકરાર ઉપસ્થિત થવાથી.

૬. મરણનો દાખલો રજુ ન થવાના કારણે.

૭. નામ.કોર્ટનું પ્રોબેટ રજુ ન થવાથી.

૮. છુટાછેડાના કેસમાં પુરતા આધારો રજુ ન કરવાના કારણે.

---------

# ૨૨૭

## મહેસાણા જીલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ

* ૧૧૩૬૫ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૯૨ |
| (૨) સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૫ |
| (૩) ઉકત કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૧,૦૬,૩૯૨ |
| (૪) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૧,૦૬,૩૮૪ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ? | (૫) ૮ |

---------

# ૨૨૮

## વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત એમએસએમઈ સેકટરમાં પ્રોજેકટ બાબત

* ૧૧૪૨૦ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ સેકટરમાં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા, અને | (૧) કુલ ૧૩૩૯૮ પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે ? | (૨) કુલ ૧૬૭૫ પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૨૨૯

## મહિસાગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૧૧૪૭૮ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૧૫૦ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

# ૨૩૦

## દાહોદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૧૧૫૫૦ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં દાહોદ જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧) કુલ મળેલ અરજીઓ–૯૫

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧–૧–૧૮ થી ૩૧–૧૨–૧૮ સુધી મળેલ અરજી |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૧ |
| ૨ | ઝાલોદ | ૨૨ |

| | | |
|---|---|---|
| ૩ | ગરબાડા | ૧૪ |
| ૪ | સંજેલી | ૬ |
| ૫ | ધાનપુર | ૦ |
| ૬ | લીમખેડા | ૨૫ |
| ૭ | દેવગઢબારીઆ | ૭ |
| ૮ | ફતેપુરા | ૦ |
| ૯ | સીંગવડ | ૦ |
| | **કુલ** | **૯૫** |

(૨) ઉકત પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, કેટલી નામંજુર કરી, અને

(૨) મંજુર અરજીઓ – ૮૧

નામંજુર અરજીઓ – ૧૪

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૭ | ૪ |
| ૨ | ઝાલોદ | ૨૨ | ૦ |
| ૩ | ગરબાડા | ૧૨ | ૨ |
| ૪ | સંજેલી | ૩ | ૩ |
| ૫ | ધાનપુર | ૦ | ૦ |
| ૬ | લીમખેડા | ૨૧ | ૪ |
| ૭ | દેવગઢબારીઆ | ૬ | ૧ |
| ૮ | ફતેપુરા | ૦ | ૦ |
| ૯ | સીંગવડ | ૦ | ૦ |
| | **કુલ** | **૮૧** | **૧૪** |

(૩) ઉકત અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

(૩) નામંજુરીના કારણો નીચે મુજબ છે.

| ક્રમ | નામંજુરીના કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧ | નિયત આવક કરતાં આવક વધુ હોવાથી | ૩ |
| ૨ | પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૪ |
| ૩ | ઉંમર ઓછી હોવાથી | ૨ |
| ૪ | સ્થળે રહેતા ન હોવાથી | ૪ |
| ૫ | અવસાન થવાથી | ૧ |
| | **કુલ** | **૧૪** |

---------

# ૨૩૧

## રાજીવ આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૧૨૦૭૭ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજીવ આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય મળે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યારે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળી ?

(૨)

| વર્ષ | કેન્દ્ર દ્વારા વર્ષવાર મળેલ કુલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૭ | ૩૯૨૩.૮૧ |
| ૨૦૧૮ | ૬૬૨.૬૭ |

---------

# ૨૩૨

**કચ્છ જિલ્લામાં બ્રોમીન ઉત્પાદન માટે ફાળવેલ જમીન**

* ૧૧૪૬૪ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બ્રોમીન ઉત્પાદન માટે કચ્છ જિલ્લામાં કેટલી જમીનો ફાળવવામાં આવી ? | શૂન્ય. |

---------

# ૨૩૩

**રાજ્યમાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કારીગર તાલીમ માટે રકમ**

* ૧૨૨૩૮ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કારીગર તાલીમ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૨૩૪

**રાજ્ય સરકાર દ્વારા ગુજરાત બિન અનામત વિકાસ નિગમને ગ્રાન્ટ**

* ૧૨૧૩૦ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧)

**(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **ફાળવેલ રકમ** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | રૂ.૧૦૦.૦૦ |
| ૨૦૧૮–૧૯ (તા.૩૧–૧૨–૨૦૧૮ અંતિત) | રૂ.૧૧૮૦૦.૦૦ |

(૨) ઉકત સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી ?

(૨)

**(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **ખર્ચ** | **વણવપરાયેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ | રૂ.૦.૦૦ | રૂ.૧૦૦.૦૦ |
| ૨૦૧૮–૧૯ (તા.૩૧–૧૨–૨૦૧૮ અંતિત) | રૂ.૪૮૬.૨૩ | રૂ.૧૧૩૧૩.૭૭ |

---------

# ૨૩૫

**દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લામાં જી.આઈ.ડી.સી. માં બંધ યુનિટ**

* ૧૨૧૭૭ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી. માં જિલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને | (૧) દાહોદ–૦૦<br>છોટાઉદેપુર–૪ |

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયા ?

(૨) દાહોદ-૦૦
છોટાઉદેપુર-૦૦

---------

# ૨૩૬

## વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા બાબત

* ૧૨૨૫૨ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય બહાર રાષ્ટ્રીય હિત માટે પોતાની જાનનું બલિદાન આપેલ હોય તેવી વ્યકિતના પરિવારને વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા માટેની રચાયેલ રાજ્ય કક્ષાની પસંદગી સમિતીની બેઠકો વર્ષવાર ક્યારે મળી, | (૧) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય બહાર રાષ્ટ્રીય હિત માટે પોતાની જાતનું બલિદાન આપેલ હોય તેવી વ્યકિતના પરિવારને વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા માટેની કોઈ દરખાસ્ત રાજ્યકક્ષાની પસંદગી સમિતીને મળેલ નથી, તેથી એકપણ બેઠક મળેલ નથી. |
| (૨) ઉકત સ્થિતિએ બેઠકવાર કેટલા વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા માટેની દરખાસ્તની વિચારણા કરવામાં આવી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ બેઠકવાર કેટલા વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા માટેની ભલામણ કરવામાં આવી ? | |

---------

# ૨૩૭

## અમરેલી રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો

* ૧૧૫૨૭ **શ્રી વી.ડી.ઝાલાવાડિયા** (કામરેજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતે કેટલા રોજગાર વાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૧૨૪૫૬ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ? | (૨) ૪૩૧૦ |

---------

# ૨૩૮

## અમદાવાદ શહેર મેટ્રો સીટી જાહેર થાય તે બાબતે કેન્દ્ર સરકારને કરેલ રજુઆત/દરખાસ્ત

* ૧૨૦૭૦ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ શહેર મેટ્રો સીટી તરીકે જાહેર થાય તે માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી દરખાસ્ત/રજૂઆત કરી, અને | (૧) એકપણ નહીં. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શો પ્રતિસાદ મળ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૨૩૯

## ગુજરાત રાજ્યની અન્ય રાજ્યોને જોડતી સીમાઓ પરથી પકડાયેલ વિદેશી દારૂ

* ૧૨૧૧૬ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગુજરાત રાજ્યની મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, દીવ અને દમણને જોડતી સીમાઓ ઉપરની કેટલી ચેકપોસ્ટ ઉપરથી વર્ષવાર કુલ કેટલી વિદેશી દારૂ, બિયરની બોટલો પકડવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત પકડાયેલ દારૂ, બિયર સંદર્ભે કેટલા આરોપી પકડવામાં આવ્યા અને કેટલા પકડવાના બાકી છે, અને

(૩) નોંધાયેલ ફરિયાદો પૈકી એક કરતા વધારે ફરિયાદ નોંધાઈ હોઈ તેવા આરોપી કેટલા છે અને ઉકત સ્થિતિએ તેઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | ચેક પોસ્ટની સંખ્યા | વિદેશી દારૂ (બોટલોની સંખ્યા) | બિયર (બોટલોની સંખ્યા) |
|---|---|---|---|
| ૧–૧–૨૦૧૭ થી ૩૧–૧૨–૨૦૧૭ | ૩૨ | ૪,૫૮,૯૩૦ | ૪૯,૨૧૪ |
| ૧–૧–૨૦૧૮ થી ૩૧–૧૨–૨૦૧૮ | ૩૨ | ૬,૦૫,૭૯૭ | ૪૭,૨૧૯ |

(૨) પકડાયેલ આરોપીઓની સંખ્યાઃ ૨૨૮૧
પકડવાના બાકી આરોપીઓની સંખ્યાઃ ૨૩૪

(૩) કુલ ૨ આરોપીઓ સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

# ૨૪૦

## તાપી જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

* ૧૧૪૭૧ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વ્યારા | ૧૨૩૩ |
| ડોલવણ | ૮૦૨ |
| વાલોડ | ૫૪૭ |
| સોનગઢ | ૧૦૫૯ |
| ઉચ્છલ | ૩૨૭ |
| નિઝર | ૨૨૩ |
| કુકરમુંડા | ૧૭૩ |
| **કુલ** | **૪૩૬૪** |

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૪૩૬૪ | ૩૮૬૭ | ૧૫૭ |

(૩) ઉકત નોંધો નામંજુર થવાના કારણોઃ

- ➢ પેઢીનામામાં વિસંગતતા હોવાના કારણે, કબજેદારના નામમાં વિસંગતતા હોવાના કારણે, મરણના દાખલમાં વિસંગતતા હોવાના કારણે.
- ➢ સાધનિક કાગળો પૂરતા ન હોવાના કારણે, અગાઉ નોંધ પાડેલ હોવાના કારણે, કાયદેસરના વારસદારો ઠરતા નહીં હોવાથી.

- સીધીલીટીના વારસદારોએ અરજી કરેલ ન હોવાથી, વારસોના જવાબમાં તમામની સહી ન હોવાથી, મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી,
- ગુજરનાર કબજેદારનું નામ, મરણના દાખલા, પેઢીનામામાં વિસંગતતા હોવાથી, કોર્ટ કેસ ચાલુ હોવાથી,
- સીધીલીટીના વારસદારો ન હોવાથી, સીધીલીટીના વારસો છુપાવેલ હોવાથી, મૃત ખાતેદારના નામમાં તફાવત હોવાથી, વિગેરે કારણોસર.

---------

# ૨૪૧

## મોરબી જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

* ૧૧૪૬૯ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ પૂર્વ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| માળિયા | ૫૮૭ |
| મોરબી | ૧૩૭૯ |
| ટંકારા | ૫૭૩ |
| હળવદ | ૧૨૮૭ |
| વાંકાનેર | ૧૦૦૫ |
| **કુલ** | **૪૮૩૧** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૪૮૩૧ |
| મંજૂર નોંધો | ૪૪૩૭ |
| નામંજૂર નોંધો | ૧૩૧ |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. વારસાઈ આંબા અને સોગંદનામામાં ભૂલ હોવાથી.
૨. તમામ વારસદારે જાહેર ન થતાં લગત વારસદારના હક્ક ડુબતા હોવાથી.
૩. વારસદારોમાં વિસંગતતા હોવાથી.
૪. સીધીલીટીના વારસદારો ન હોવાથી.
૫. વારસદારો બાબતે તકરાર ઉપસ્થિત થવાથી.
૬. મરણનો દાખલો રજુ ન થવાના કારણે.
૭. નામ. કોર્ટનું પ્રોબેટ રજુ ન થવાથી
૮. છુટા છેડાના કેસમાં પૂરતા આધારો રજુ ન કરવાના કારણે.

---------

# ૨૪૨

## આણંદ જિલ્લામાં વારસાઈ હક્ક અરજીઓ

* ૧૧૪૯૪ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૪૪૮૬ |
| આણંદ (શહેર) | ૯૫ |
| ઉમરેઠ | ૧૭૯૨ |

| | |
|---|---|
| આંકલાવ | ૧૬૧૦ |
| બોરસદ | ૩૩૩૬ |
| ખંભાત | ૨૬૫૧ |
| તારાપુર | ૧૪૪૫ |
| સોજીત્રા | ૯૧૦ |
| પેટલાદ | ૨૪૪૫ |
| **કુલ** | **૧૮૭૭૦** |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૧૮૭૭૦ |
| મંજૂર નોંધો | ૧૬૬૭૫ |
| નામંજૂર નોંધો | ૮૬૬ |

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. વારસાઈ માટે જરૂરી પેઢીનામુ રજુ કરેલ ન હોઈ અથવા અધુરી વિગતે રજુ કરેલ હોય.

૨. મરણના દાખલા રજુ કરેલ ન હોય.

૩. અન્ય કોર્ટમાં કેસ ચાલુમાં હોય.

૪. જરૂરી આધાર પુરાવાઓ રજુ કરેલ ન હોય.

---------

# ૨૪૩

## કચ્છ જિલ્લામાં સરકારી પડતર, ખરાબા કે ગૌચરની જમીનો આપવા બાબત

* ૧૨૨૨૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી પડતર, ખરાબા કે ગૌચરની જમીનો ભાડાપટ્ટે કે વેચાણથી આપેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ક્યારે અને શાં ભાવે કયા હેતુસર કોને ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત જમીનોમાં ઉપયોગ/હેતુફેર સબબે કોઈ મંજૂરી આપવામાં આવી હોય તો મંજૂરી મેળવનાર પાસેથી છેલ્લા બે વર્ષમાં પ્રિમિયમ કે ભાવ તફાવત પેટે કેટલી રકમ મળેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) વર્ષ ૨૦૧૭માં વેચાણથી આપેલ જમીનની માહિતી *પત્રક–૧ મુજબ.

વર્ષ ૨૦૧૭માં ભાડાપટ્ટે આપેલ જમીનની માહિતી *પત્રક–૨ મુજબ.

વર્ષ ૨૦૧૮માં વેચાણથી આપેલ જમીનની માહિતી *પત્રક–૩ મુજબ.

વર્ષ ૨૦૧૮માં ભાડાપટ્ટે આપેલ જમીનની માહિતી *પત્રક–૪ મુજબ.

(૩) આવી કોઈ મંજૂરી આપવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૨૪૪

## વાયબ્રન્ટ સમિટ ૨૦૧૫ અને ૨૦૧૭માં થયેલ ખર્ચ

* ૧૨૧૯૧ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૫ અને ૨૦૧૭માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટવાર કુલ કેટલો ખર્ચ થયો,

**જવાબ**

(૧) સને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ પાછળ કુલ રૂ. ૭૯,૭૨,૯૫,૬૪૫.૦૦નો ખર્ચ થયો અને ૨૦૧૭માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ પાછળ તા. ૩૧–૦૩–૨૦૧૮ સુધી કુલ રૂ. ૮૧,૦૬,૬૧,૪૬૬.૦૦નો ખર્ચ થયો.

(૨) ઉક્ત સમિટવાર કયા સેક્ટરના ઉદ્યોગો માટે કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૫માં કુલ ૨૧૩૦૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનશન મંજુર થયા હતા.
વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭માં કુલ ૨૪૭૭૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયા હતા. આ સમીટમાં મૂડી રોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ તે પૈકી કેટલા એમ.ઓ.યુ. વાસ્તવિક રોકાણમાં પરિણમ્યા, કેટલા યુનિટોમાં ઉત્પાદન શરૂ થયું અને કેટલુ મૂડીરોકાણ થયું ?

(૩) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ કુલ મંજુર થયેલ ૨૧૩૦૪ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેનશન પૈકી ઉત્પાદનમાં ગયેલ ૧૫૦૩૪ પ્રોજેક્ટોમાં રૂા. ૨૮૬૦૦૨.૮૦ કરોડનું મૂડી રોકાણ થયું.
વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ કુલ મંજુર થયેલ ૨૪૭૭૪ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેનશન પૈકી, ઉત્પાદનમાં ગયેલ ૧૪૭૬૬ પ્રોજેક્ટોમાં રૂા. ૨૮૯૪૩૭.૦૦ કરોડનું મૂડી રોકાણ થયું.

---------

# ૨૪૫

## વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં પ્રોજેકટ બાબત

* ૧૧૪૪૦ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અંતર્ગત એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા, | (૧) કુલ ૪૦૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને | (૨) કુલ ૧૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ? | (૩) કુલ ૩૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

# ૨૪૬

## તાપી જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં હક્ક પત્રક નોંધોનો નિકાલ

* ૧૧૪૬૫ **શ્રી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૩૨૭ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

# ૨૪૭

## રાજ્ય સરકાર હસ્તકના અને ખાનગી કંપની હસ્તકના સીંગલ બાયો મુવીંગ

* ૧૨૧૩૩ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં બંદરો પર ક્રુડ ઓઈલની હેરફેર માટે રાજ્ય સરકાર હસ્તકના અને ખાનગી કંપની હસ્તકના કેટલાં સીંગલ બાયો મુવીંગ ઉપલબ્ધ છે, | (૧) તા. ૩૦-૯-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં બંદરો પર ક્રુડ ઓઈલની હેરફેર માટે રાજ્ય હસ્તકના ૦ (શૂન્ય) અને ખાનગી હસ્તકના ૭ (સાત) સીંગલ બાયોમુવીંગ (એસ.બી.એમ.) ઉપલબ્ધ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ નવા સીંગલ બાયો મુવીંગ સ્થાપવા માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ તે અંગે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

(૩) (૧) મે.એચ.પી.સી.એલ.– રાજસ્થાન રીફાઈનરી લી. એચ.આર.એલ. દ્વારા કચ્છ જીલ્લામાં માંડવી પાસે મોઢવા ખાતે એસ.બી.એમ. સ્થાપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને તા. ૧૭–૦૧–૨૦૧૮થી ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા સર્વેની મંજુરી આપવામાં આવેલ છે. હાલ સર્વેની કામગીરી પ્રગતીમાં છે.

(૨) હાલમાં મે. એચ.એમ.પી.એલ. મીત્તલ પાઈપલાઈન લી. દ્વારા કચ્છ જીલ્લામાં મુન્દ્રા બંદર ખાતે એસ.બી.એમ. સ્થાપવા દરખાસ્ત કરવામાં આવેલ છે, જેની સૈધ્ધાંતિક મંજુરી ગુજરાત મેરીટાઇમ બોર્ડની તા. ૦૩–૦૧–૨૦૧૯ની ૨૫૫ મી બોર્ડ મીટીંગમાં નિર્ણય લીધા મુજબ સરકારશ્રીમાં મંજુરી અર્થે મોકલવામાં આવશે.

---------

# ૨૪૮

## જામનગર જિલ્લામાં ઉદ્યોગ માટે જમીન બિનખેતીમાં ફેરવવાના હુકમો

* ૧૧૪૭૨ **શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડિયા, કાલાવાડ અને જામનગર તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી જમીનોને ઉદ્યોગ માટે બિનખેતીમાં ફેરવવા માટેના હુકમો થયા છે,

(૨) ઉક્ત સ્થિતિએ નિયત સમયમર્યાદામાં ઉદ્યોગ સ્થાપી ન શક્યા હોય તેવા ઉદ્યોગો સામે શરતભંગના પગલાં લીધેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ચો.મી. ૧૨,૧૦,૦૦૬–૦૦

(૨) કોઈ પણ કેસમાં શરતભંગ થયેલ નથી.

---------

# ૨૪૯

## અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે કરેલ રજૂઆતો

* ૧૨૦૮૨ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સાથેનાં પડતર પ્રશ્નો પૈકી અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે કેન્દ્રીય સહાય મેળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો ?

**જવાબ**

(૧) અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–૧નો ડીપીઆર ભારત સરકારની મંજૂરી માટે તા. ૦૪–૦૪–૨૦૧૪ના રોજ મોકલી આપેલ જેના અનુસંધાને ભારત સરકારે તા. ૧૭–૧૧–૨૦૧૪ના રોજ કુલ રૂ. ૧૦,૭૩૩ કરોડના પ્રોજેક્ટની મંજૂરી આપેલ. જેની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

ફેઝ–૨ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અમદાવાદ ફેઝ–૨નો ડીપીઆર તા. ૨૪–૧૦–૨૦૧૭ના રોજ ભારત સરકારને મોકલી આપેલ, જે ભારત સરકારે પુનઃ ચકાસણી કરવા તા. ૧૭–૦૧–૨૦૧૮ના રોજ પરત કરેલ ત્યારબાદ ફરીવાર તા. ૧૨–૦૯–૨૦૧૮ના રોજ ડીપીઆરની મંજૂરી માટે ભારત સરકારને મોકલી આપેલ, જે હાલમાં મંજૂરીની પ્રક્રિયામાં છે.

(૨) અમદાવાદ મેટ્રો રેલ ફેઝ–૨નો મોટેરા સ્ટેડિયમની મહાત્મા મંદિર અને જીએનએલયુ–પીડીપીયુ–ગીફ્ટ સીટીને આવરી લેતો ૨૮.૨૬ કિ.મીટરનાં રૂટની ડીપીઆરની મંજૂરી માટે હાલ ભારત સરકારની પ્રક્રિયા હેઠળ છે.

---------

# ૨૫૦

### મહેસાણા અને ગાંધીનગર જીલ્લામાં વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી

* ૧૨૧૪૭ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી. |
| (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૨૫૧

### અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોની કેપિટલ સબસીડી યોજના હેઠળ અરજીઓ

* ૧૧૪૨૬ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપિટલ સબસીડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૨૨૫૮ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું ? | (૨) ૧૨૫૪ એકમોને રૂ.૫૬૫૪.૮૬ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

# ૨૫૨

### રાજીવ આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૧૨૦૭૫ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજીવ આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉકત મળેલ રકમ પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | કેન્દ્ર દ્વારા મળેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૭ | ૩૯૨૩.૮૧ |
| ૨૦૧૮ | ૬૬૨.૬૭ |

(૨)

| વર્ષ | કરેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૭ | ૩૯૨૩.૮૧ |
| ૨૦૧૮ | ૬૬૨.૬૭ |

---------

# ૨૫૩

### નર્મદા જિલ્લા રોજગાર કચેરી દ્વારા શિબિરોનું આયોજન

* ૧૧૫૩૭ **શ્રી જીતેન્દ્ર સુખડીયા** (સયાજીગંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ નર્મદા જિલ્લા રોજગાર કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૩ |
| (૨) ઉકત શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યાં હતા? | (૨) ૨૪૨૭ |

---------

# ૨૫૪

## ડાંગ જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૧૧૪૭૪ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૫૨૪

(૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

---------

# ૨૫૫

## વાયબ્રન્ટ સમીટ–૨૦૧૯ના પ્રચાર માટે કરેલ ખર્ચ

* ૧૨૧૯૯ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૫–૧–૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૯ના પ્રચાર અને વિદેશી રોકાણકારોને સમીટની પૂર્વભૂમિકા આપવા કેટલા સનદી અધિકારીઓને ક્યા દેશોમાં ક્યારે મોકલવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૨૫–૧–૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૯ના પ્રચાર અને વિદેશી રોકાણકારોને સમિટની પૂર્વભૂમિકા આપવા અંગે જે સનદી અધિકારીઓને વિવિધ દેશોમાં મોકલવામાં આવેલ તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | અધિકારીનું નામ | દેશ | તારીખ |
|---|---|---|---|
| ૧ | શ્રી પંકજ કુમાર, આઇએએસ અધિક મુખ્ય સચિવ મહેસુલ વિભાગ | ઓસ્ટ્રેલિયા | ૧૨–૯–૨૦૧૮ થી ૨૩–૯–૨૦૧૮ |
| ૨ | શ્રીમતી ડી.થારા, આઇએએસ ઉપાધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ | જાપાન, તાઈવાન | ૧૮–૧૦–૨૦૧૮ થી ૨૬–૧૦–૨૦૧૮ |
| ૩ | શ્રી મુકેશ પુરી, આઇએએસ અગ્ર સચિવ, શહેરી વિકાસ વિભાગ | ચાઈના, દક્ષિણ કોરીયા | ૪–૯–૨૦૧૮ થી ૧૫–૯–૨૦૧૮ |
| ૪ | શ્રી રાજકુમાર બેનિવાલ, આઈએએસ મેનેજિંગ ડિરેક્ટર ઈન્ડેક્ષ્ટબી | મલેશિયા, સિંગાપોર, થાઈલેન્ડ | ૩૦–૯–૨૦૧૮ થી ૯–૧૦–૨૦૧૮ |
| ૫ | શ્રી રાજીવ કુમાર ગુપ્તા, આઇએએસ અધિક મુખ્ય સચિવ વન અને પર્યાવરણ વિભાગ | સાઉદી અરેબિયા કતાર | ૬–૧૦–૨૦૧૮ થી ૧૨–૧૦–૨૦૧૮ |
| ૬ | શ્રી સંજય પ્રસાદ, આઇએએસ અધિક મુખ્ય સચિવ કૃષિ અને સહકાર વિભાગ | રશિયા ફ્રાન્સ | ૧૭–૯–૨૦૧૮ થી ૨૫–૯–૨૦૧૮ |
| ૭ | શ્રીમતી મમતા વર્મા, આઇએએસ ઉદ્યોગ કમિશનર, ઉદ્યોગ કમિશનરની કચેરી, | જર્મની, યુએઈ ઓમાન | ૨૩–૯–૨૦૧૮ થી ૩–૧૦–૨૦૧૮ |
| ૮ | શ્રી એમ.કે.દાસ, આઇએએસ અધિક મુખ્ય સચિવ ઉદ્યોગ અને ખાણ વિભાગ | યુ.કે. નેધરલેન્ડ | ૧૭–૯–૨૦૧૮ થી ૨૧–૯–૨૦૧૮ |
| ૯ | શ્રી જે.પી.ગુપ્તા, આઇએએસ અગ્ર સચિવ, પાણી પુરવઠા વિભાગ | દક્ષિણ આફ્રિકા, કેન્યા, તાન્ઝાનિયા | ૫–૯–૨૦૧૮ થી ૧૪–૯–૨૦૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | શ્રી અરવિંદ અગ્રવાલ આઇએએસ અધિક મુખ્ય સચિવ, નાણાં વિભાગ | યુએસએ | ૨૪-૯-૨૦૧૮ થી ૫-૧૦-૨૦૧૮ |
| ૧૧ | શ્રી એસ.જે.હૈદર, આઇએએસ અગ્ર સચિવ, પ્રવાસન | ઈજીપ્ત, તુર્કી, મોરોક્કો | ૫-૯-૨૦૧૮ થી ૧૫-૯-૨૦૧૮ |
| ૧૨ | શ્રી અશ્વિની કુમાર, આઇએએસ માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવ | ડેન્માર્ક, ફિન્લેન્ડ, સ્વિડન | ૨૪-૯-૨૦૧૮ થી ૪-૧૦-૨૦૧૮ |

(૨) ઉકત સ્થિતિએ સમિટની કામગીરી અર્થે વિદેશ ગયેલ આ અધિકારીઓના ખર્ચાઓ પેટે કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) ઉકત સ્થિતિએ સમિટની કામગીરી અર્થે વિદેશ ગયેલ આ અધિકારીઓના ખર્ચાઓ પેટે તા.૫-૨-૨૦૧૯ સુધીમાં કુલ રૂ.૪,૯૯,૭૨,૬૧૯.૦૦ નો ખર્ચ કરેલ છે અને સદરહું ખર્ચ હજુ આખરી થયેલ નથી.

---------

# ૨૫૬

## રાજ્યમાં અનુસૂચિત જાતિના છાત્રાલયો બાંધવા માટે મળેલ રકમ

* ૧૨૨૪૩ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયનું બાંધકામ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ રકમ રાજ્ય સરકારને મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષવાર કેટલી રકમ મળી, અને

(૩) ઉકત મળેલ રકમ પૈકી ક્યા સ્થળે છાત્રાલય બાંધવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

---------

# ૨૫૭

## વલસાડ અને ડાંગ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માં બંધ યુનિટ

* ૧૨૧૭૧ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી. માં જીલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયા ?

**જવાબ**

(૧) વલસાડ-૧૭૨
ડાંગ-વસાહત નથી.

(૨) વલસાડ-૧૯
ડાંગ-વસાહત નથી.

---------

# ૨૫૮

## રાજ્યમાં અછતગ્રસ્ત અને અર્ધઅછતગ્રસ્ત તાલુકાઓ બાબત

* ૧૨૨૨૧ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૮માં અનિયમિત અને ઓછા વરસાદના કારણે તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ કેટલા તાલુકાઓ અછતગ્રસ્ત અને અર્ધઅછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ અછતગ્રસ્ત અને અર્ધઅછતગ્રસ્ત તાલુકા તરીકે કોઈ તાલુકા જાહેર કરાયેલ નથી પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા અમલી કરાયેલ મેન્યુઅલ ફોર ડ્રાઉટ મેનેજમેન્ટ માં જણાવ્યા મુજબ ૫૧ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે.

(૨) ઉકત અછતગ્રસ્ત તાલુકાઓમાં ઘાસચારો, પીવાના પાણીની વ્યવસ્થા અને અછતને આનુષાંગિક સમસ્યાઓના નિવારણ માટે શા પગલાં ભરવામાં આવ્યા ?

(૨) ઉકત દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં ઘાસચારો, પીવાના પાણીની વ્યવસ્થા અને અછતને આનુષાંગિક સમસ્યાઓના નિવારણ માટે નીચેની વિગતે પગલાં ભરવામાં આવેલ છે.

**ઘાસચારો**

દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં પશુધારક દીઠ મહત્તમ પાંચ પશુઓની મર્યાદામાં ઘાસ કાર્ડ ઉપર પ્રતિ દિન રૂ.૨/- પ્રતિ કિલોના રાહતદરે એકી સાથે એક અઠવાડિયા માટે ઘાસ વિતરણ કરવામાં આવી રહેલ છે.

**પશુ સહાય**

દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં આવેલ રજીસ્ટર્ડ ગૌશાળા તથા રજિસ્ટર્ડ પાંજરાપોળોને પ્રતિ પશુ પ્રતિ દિન રૂ.૨૫/- ની પશુ સહાય આપવામાં આવેલ છે. જે માહે ફેબ્રુઆરી-૨૦૧૯થી પ્રતિ પશુ પ્રતિ દિન વધારીને રૂ.૩૫/- કરવામાં આવેલ છે.

**પીવાના પાણીની વ્યવસ્થા**

અછતગ્રસ્ત તાલુકાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા અને અછતને આનુષાંગિક સમસ્યાઓના નિવારણ માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા હયાત જુથ પાણી પુરવઠા યોજનામાં સુધારણા નવીન ટયુબવેલ, હેન્ડપંપ અને ટેન્કરની જોગવાઈ જેવી કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

**અછતને આનુષાંગિક સમસ્યાઓના નિવારણ હેતુ લેવાયેલ પગલાં**

**ક્રોપ ઈનપુટ સબસીડી**

દુષ્કાળગ્રસ્ત વિસ્તારના ખેડૂતોને SDRF ના ધોરણો મુજબ ખાતા દીઠ વધુમાં વધુ બે હેકટરની મર્યાદામાં પ્રતિ હેકટરદીઠ રૂ.૬૮૦૦/- ના ધોરણે ક્રોપ ઈનપુટ સબસીડીનું ચુકવણું કરવામાં આવી રહેલ છે.

**રોજગારી**

દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લોકોને મનરેગા યોજના હેઠળ રોજગારી પૂરી પાડવામાં આવી રહેલ છે. જેમાં ૧૦૦ દિવસની મહત્તમ મર્યાદામાં રોજગારીમાં વધારો કરીને ૧૫૦ દિવસ કરવામાં આવેલ છે.

**અન્ન સલામતી**

દુષ્કાળગ્રસ્ત જાહેર કરેલ તાલુકાઓની કુલ રેશનકાર્ડ ધારક જનસંખ્યા પૈકી NFSA (અન્ન સલામતી) હેઠળ આવરી લેવાયેલ જનસંખ્યાને અનાજનું વિતરણ કરવામાં આવી રહેલ છે.

**અગ્રતાના ધોરણે વીજ કનેકશન**

ઉકત દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં પશુઓ માટે ઘાસચારાના વાવેતરની ખાતરી આપે તેવા અરજદારોને આઉટ ઓફ ટર્ન વીજ જોડાણો આપવા અંગે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા નીતિ નક્કી કરવામાં આવેલ છે.

---------

# ૨૫૯

**અમદાવાદ અને સુરત જિલ્લામાં ઝોન ફેરની માગણીઓ/દરખાસ્તો**

* ૧૨૦૫૯ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ અને સુરત શહેરમાં કેટલી જમીનોમાં ઝોન ફેરફાર કરવાની માંગણીઓ/દરખાસ્તો સરકારમાં પડતર છે, અને

**જવાબ**

(૧) અમદાવાદ શહેરની કુલ-૧૦
સુરત શહેરની કુલ-૦૦

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી જમીનોમાં ઝોન ફેરફાર કરવાની મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવી ?

(૨) વર્ષ ૨૦૧૭ માં અમદાવાદની કુલ–૦૪ અને સુરતની કુલ–૦૦

વર્ષ ૨૦૧૮ માં અમદાવાદની કુલ–૦૦ અને સુરતની કુલ–૦૧

---------

# ૨૬૦

## અમદાવાદ અને મહેસાણા જીલ્લામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૪ અને કલમ ૩૭૩ હેઠળ નોંધાયેલ ગુનાઓ

* ૧૨૧૨૨ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને મહેસાણા જીલ્લાના કેટલા ઈસમો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૪ (એક કરતા વધુ લોકોએ સાથે મળી કાવતરું ઘડવું) અને ૩૭૩ (સગીર વયના બાળકોની દેહ વિક્રયમાં ધકેલવા અથવા તત્સમ ઈરાદાથી ખરીદ વેચાણ કરવા) હેઠળના કેટલા ગુના નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે,

(૩) ઉકત પકડવામાં આવેલ ઈસમોને આવા કેટલા બાળકોને દેહ વિક્રયમાં ધકેલેલ અને ખરીદ વેચાણ કરવાનું તપાસમાં સામે આવ્યું, અને

(૪) બાકી રહેલા ઉકત ઈસમોને પકડવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૬૧

## પોરબંદર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે અરજીઓ

* ૧૧૫૪૯ **શ્રી બાબુભાઈ બોખીરિયા** (પોરબંદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા. ૧–૪–૨૦૧૮ થી તા. ૩૧–૧૨–૨૦૧૮ દરમિયાન કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૪૮

(૨) ૧૧૬

(૩) કુલ ૧૧૬ લાભાર્થીઓને રૂ. ૧,૮૫,૬૪૩/– (અંકે રૂપિયા એક લાખ પંચ્યાંસી હજાર છસ્સો તેંતાલીસ પુરા)ની રકમ ચૂકવવામાં આવી.

---------

# ૨૬૨

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જી.આઈ.ડી.સી.માં બંધ યુનિટ

* ૧૨૧૬૯ **શ્રી વલ્લભભાઈ ધારવિયા** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જીલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયાં ?

**જવાબ**

(૧) જામનગર – ૩૬
દેવભૂમિ દ્વારકા – ૯

(૨) જામનગર – ૧૯
દેવભૂમિ દ્વારકા – ૫

---------

# ૨૬૩

## સાબરકાંઠા જિલ્લામાં ગૌણ ખનિજનો જાહેર હરાજીથી નિકાલ

* ૧૧૪૪૬ **શ્રી હિતુ કનોડિયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તે માટે સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ ના વર્ષમાં કેટલા ખનિજોનો જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં સાદી રેતી અને ગ્રેનાઈટ ખનિજોનો જાહેર હરાજીથી નિકાલની પ્રક્રિયા હેઠળ છે.

| વર્ષ | ખનિજ | જાહેર હરાજી માટે મૂકવામાં આવેલ બ્લોક | જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવેલ બ્લોકની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | સાદી રેતી | ૧૦ | ૦૦ |
| ૨૦૧૮–૧૯ (તા. ૩૧–૧૨–૧૮ની સ્થિતિએ) | સાદી રેતી | ૦૩ | ૧૩ |
| | ગ્રેનાઈટ | ૧૬ | હરાજીની પ્રક્રિયા ચાલુમાં છે. |
| **કુલ** | | **૨૯** | **૧૩** |

---------

# ૨૬૪

## વાયબ્રન્ટ સમિટ ૨૦૧૫ અને ૨૦૧૭માં કરેલ એમ.ઓ.યુ.

* ૧૨૧૮૪ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૫ અને ૨૦૧૭માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં નવા ઉદ્યોગો માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ઉક્ત સમિટવાર કેટલા ઉદ્યોગો કેટલા મૂડીરોકાણ સાથે કાર્યાન્વિત થયા ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૫માં કુલ ૨૧૩૦૪ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેનશન મંજુર થયા હતા.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭માં કુલ ૨૪૭૭૪ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેનશન મંજુર થયા હતા. આ સમીટમાં મૂડી રોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કુલ મંજુર થયેલ ૨૧૩૦૪ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેનશન પૈકી ઉત્પાદનમાં ગયેલ ૧૫૦૩૪ પ્રોજેક્ટોમાં રૂા. ૨૮૬૦૦૨.૮૦ કરોડનું મૂડી રોકાણ થયું.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કુલ મંજુર થયેલ ૨૪૭૭૪ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેનશન પૈકી ઉત્પાદનમાં ગયેલ ૧૪૭૬૬ પ્રોજેક્ટોમાં રૂા. ૨૮૯૪૩૭.૦૦ કરોડનું મૂડી રોકાણ થયું.

---------

# ૨૬૫

## તાપી અને જૂનાગઢ જિલ્લામાં જી.આઈ.ડી.સી.માં બંધ યુનિટ

* ૧૨૧૭૪ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ તાપી અને જૂનાગઢ જીલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જીલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને | (૧) તાપી – ૧<br>જૂનાગઢ – ૧૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયાં ? | (૨) તાપી – ૦૦<br>જૂનાગઢ – ૪ |

---------

# ૨૬૬

## રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં સિનિયર સિટિઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસ યોજનામાં રાહત

* ૧૧૪૫૩ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યના સિનિયર સિટિઝનોને ગુજરાતના યાત્રાધામોના પ્રવાસમાં રાહત આપવા અંગે કોઈ યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત યોજના અંતર્ગત કેટલી રાહત આપવામાં આવે છે, અને | (૨) "શ્રવણ તીર્થ દર્શન યોજના" હેઠળ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને બે રાત્રિ અને ત્રણ દિવસની મર્યાદામાં વર્ષમાં એકવાર એસ.ટી. નિગમની સુપર બસ (નોન એ.સી.)ના ભાડાની રકમ અથવા ખાનગી ટ્રાવેલ્સની બસનું ભાડું એ બે માંથી જે ઓછું હોય તેના ૫૦% રકમની રાહત આપવામાં આવે છે. |
| (૩) તે હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને ગાંધીનગર જિલ્લામાં કેટલા યાત્રિકોએ ઉક્ત યોજનાનો લાભ લીધો ? | (૩) તા. ૩૧–૧૨–૨૦૧૮ સુધી રાજકોટ જિલ્લામાં ૧૪,૯૦૯ અને ગાંધીનગર જિલ્લામાં ૬,૦૯૬ યાત્રિકોએ લાભ લીધો છે. |

---------

# ૨૬૭

## બનાસકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૧૧૪૯૭ **શ્રી શશીકાંત પંડ્યા** (ડિસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૯૧૦૭ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) ઉક્ત બાકી નોંધોનો સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

# ૨૬૮

## નડિયાદ રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો

* ૧૧૫૩૦ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, નડિયાદ ખાતે કેટલા રોજગાર વાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૧૮૧૮૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ?

(૨) ૮૪૬૩

---------

# ૨૬૯

## ડાંગ અને વલસાડ જિલ્લામાં વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી

* ૧૨૧૫૪ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં ડાંગ અને વલસાડ જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૭૦

## અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

* ૧૧૫૧૦ **શ્રી જગદીશભાઈ પંચાલ** (નિકોલ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને

(૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૧

(૨) ૧૯૭૫૦

---------

# ૨૭૧

## બોટાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૧૧૫૦૦ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલિતાણા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૯૨૬

(૨) ઉકત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

---------

# ૨૭૨

## નડિયાદ રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો

* ૧૧૫૨૯ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, નડિયાદ ખાતે કેટલા રોજગાર વાંચ્છુઓ નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧) ૧૮૧૮૬

(૨) ઉકત સ્થિતએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

(૨) ૮૪૬૩

---------

# ૨૭૩

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ માટેની સમિતિ**

* ૧૨૧૧૦ **ડૉ.સી.જે.ચાવડા** (ગાંધીનગર–ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમના અમલ માટે ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાની સમિતિ રચવામાં આવેલ છે કે કેમ,

(૨) ઉકત જિલ્લાવાર, ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયારે જીલ્લા કક્ષાની સમિતિની બેઠક મળી, અને

(૩) ઉકત જીલ્લા કક્ષાની બેઠક નિયમિત ન મળતી હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) હા

(૨) કચ્છ – ભૂજ – તા.૦૩–૦૬–૨૦૧૭
બનાસકાંઠા – તા.૨૨–૦૩–૨૦૧૭ અને
તા.૦૧–૦૫–૨૦૧૮

(૩) કચ્છ–ભૂજમાં સન–૨૦૧૮માં વહીવટી કારણોસર બેઠક મળેલ નથી. બનાસકાંઠાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૭૪

**બિલ્ડીંગ એન્ડ અધર કંન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ પેટે જમા થયેલ રકમ**

* ૧૨૨૪૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ બિલ્ડીંગ એન્ડ અધર કંન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ પેટે કેટલી રકમ જમા થયેલ છે,

(૨) ઉકત જમા થયેલ રકમ કેવા હેતુઓ માટે વાપરવાની હોય છે, અને

(૩) જમા થયેલ રકમ પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ કયા હેતુ માટે વાપરવામાં આવી?

**જવાબ**

(૧) રૂા. ૨૩૩૩.૧૦ કરોડ

(૨) ઉકત જમા થયેલ રકમ બાંધકામ શ્રમિકોના કલ્યાણ અર્થે કલ્યાણકારી યોજનાઓના અમલ તથા આનુષાંગિક ખર્ચ અર્થે વાપરવાની હોય છે.

(૩) એનેક્ષર–એ મુજબ

**એનેક્ષર–એ**

**(ખર્ચ રૂપિયા લાખમાં)**

| ક્રમ | વર્ષ | યોજનાવાર થયેલ કુલ ખર્ચ | આનુષાંગિક ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | તા.૧–૧–૧૭ થી તા.૩૧–૧૨–૧૭ | ૯૩૦૮.૧૦ | ૩૧૪.૨૦ | ૯૬૨૨.૩૦ |
| ૨ | તા.૧–૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | ૭૯૩૦.૩૦ | ૧૫૭.૭૬ | ૮૦૮૮.૦૬ |
| | **કુલ** | **૧૭૨૩૮.૪૦** | **૪૭૧.૯૬** | **૧૭૭૧૦.૩૬** |

**છેલ્લા બે વર્ષ દરમ્યાન યોજનાવાર તેમજ આનુષાંગિક ખર્ચની માહિતી નીચે મુજબ છે.**

| ક્રમ | યોજનાનું નામ | તા.૧–૧–૧૭ થી તા.૩૧–૧૨–૧૮ |
|---|---|---|
* ૧૨૧૭૨ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જીલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી.માં જીલ્લાવાર કેટલા યુનીટો બંધ હાલતમાં છે, અને | (૧) અમરેલી - ૪૪<br>ભાવનગર - ૧૬૮ |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જીલ્લાવાર બંધ યુનીટો પૈકી કેટલા યુનીટો છેલ્લાં બે વર્ષમાં બંધ થયાં? | (૨) અમરેલી - ૭<br>ભાવનગર - ૧૫ |

---------

# ૩૨૬

**નલીયા ખાતે સેક્સકાંડ અંગે જસ્ટીસ દવે કમિશનનો રિપોર્ટ**

* ૧૩૧૨૭ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં ગૃહમાં તા.૨૧-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત ૯૭૯૧ (અગ્રતાક્રમ-૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના નલીયા ખાતે થયેલ ગુનાહિત સેક્સકાંડ અંગે રાજ્ય સરકારે નિમેલ જસ્ટીસ દવે કમિશનનો રીપોર્ટ કમિશનની પ્રથમ સીટીંગની તારીખથી ત્રણ માસ સુધીમાં રાજ્ય સરકારને સોંપવાનો થાય છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. બાદમાં આ મુદત તા.૩૧-૧૨-૨૦૧૮ સુધી લંબાવવામાં આવેલ. |
| (૨) જો હા, તો આ કમિશનની પ્રથમ સીટીંગ કયારે યોજવામાં આવી અને કમિશનનો અહેવાલ રાજ્ય સરકારને કયારે સોંપવામાં આવ્યો? | (૨) પ્રથમ સીટીંગ તા.૧૯-૦૩-૨૦૧૮એ યોજવામાં આવી અને તા.૩૧-૧૨-૨૦૧૮એ તપાસ અહેવાલ રાજ્ય સરકારને સોંપવામાં આવેલ છે. |

---------

# ૩૨૭

## રાજ્યમાં ઓનલાઇન એન.એ.

* ૧૧૪૮૫ **શ્રી હસમુખભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ઓનલાઇન એન.એ. ની કાર્યપદ્ધતિ ક્યારથી અમલમાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઓનલાઇન એન.એ. કાર્યપદ્ધતિને કારણે રાજ્યના નાગરિકોને શું ફાયદો થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૧૨–૧૨–૨૦૧૮ થી.

(૨) (૧) ઓનલાઇન એન.એ. કાર્યપદ્ધતિને કારણે રાજ્યના નાગરિકોને કચેરીઓની મુલાકાતમાંથી મુક્તિ મળેલ છે.

(૨) અરજદારોને મહેસુલી રેકર્ડ રજુ કરવામાંથી મુક્તિ મળેલ છે.

(૩) નિર્ણય પ્રક્રિયા ઝડપી બનેલ છે.

(૪) રાજ્યના નાગરિકોને ઘરબેઠા નેટ બેન્કિંગ દ્વારા અરજી ફી અને અન્ય કરવેરાની ભરપાઈ માટે ઓનલાઈન પેમેન્ટની સેવા મળેલ છે.

(૫) અરજી પ્રક્રિયાની એસએમએસ– ઈ.મેઈલ દ્વારા અરજદારને જાણકારી મળે છે.

---------

# ૩૨૮

## મહેસાણા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો

* ૧૧૫૧૬ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા ખાતે કેટલા રોજગાર વાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) ૨૪૩૦૬

(૨) ૧૦૩૬૨

---------

# ૩૨૯

## આણંદ જિલ્લામાં વારસાઈ હક્ક અરજીઓ

* ૧૧૪૯૩ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૪૪૮૬ |
| આણંદ (શહેર) | ૯૫ |
| ઉમરેઠ | ૧૭૯૨ |
| આંકલાવ | ૧૬૧૦ |
| બોરસદ | ૩૩૩૬ |
| ખંભાત | ૨૬૫૧ |
| તારાપુર | ૧૪૪૫ |

| | |
|---|---|
| સોજીત્રા | ૯૧૦ |
| પેટલાદ | ૨૪૪૫ |
| **કુલ** | **૧૮૭૭૦** |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૧૮૭૭૦ |
| મંજૂર નોંધો | ૧૬૬૭૫ |
| નામંજૂર નોંધો | ૮૬૬ |

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.
૧. વારસાઈ માટે જરૂરી પેઢીનામુ રજુ કરેલ ન હોઈ અથવા અધુરી વિગતે રજુ કરેલ હોય.
૨. મરણના દાખલા રજુ કરેલ ન હોય.
૩. અન્ય કોર્ટમાં કેસ ચાલુમાં હોય
૪. જરૂરી આધાર પુરાવાઓ રજુ કરેલ ન હોય

---------

# ૩૩૦

## માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા પ્રકાશિત થતા દિપોત્સવી અંકો

* ૧૨૧૪૫ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત દિપોત્સવી અંકોની કેટલી નકલો છપાવવામાં આવી અને વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છપાવેલ ગુજરાત દિપોત્સવી અંકોની નકલોની વિગત અને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | છપાવેલ નકલો | થયેલ ખર્ચ રૂ. |
|---|---|---|
| ૨૦૧૭ | ૧૫,૦૦૦ | ૨૨,૯૮,૫૩૨/– |
| ૨૦૧૮ | ૧૦,૦૦૦ | ૯,૬૨,૦૪૮/– |

(૨) ઉકત અંકો સરકારી પ્રેસમાં છાપવામાં આવ્યા કે ખાનગી પ્રેસમાં છાપવામાં આવ્યા અને જો ખાનગી પ્રેસમાં છાપવામાં આવ્યા હોય તો કોને કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૨) ઉકત અંકો સરકારી પ્રેસમાં છાપવામાં આવ્યા છે.

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલા અંકો મફત વિતરણ કરાયા અને કેટલા અંકો વેચાણથી આપવામાં આવ્યા અને ઉકત વેચાણ પેટે વર્ષવાર કેટલી આવક થઈ?

(૩) ઉકત અંકોની મફત વિતરણ કરાયેલ નકલો અને વેચાણથી આપેલ નકલો તથા વેચાણ પેટે થયેલ આવકની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મફત વિતરણ કરેલ નકલો | વેચાણ થી આપેલ નકલો | થયેલ આવક રૂ. |
|---|---|---|---|
| ૨૦૧૭ | ૮,૫૨૦ | ૬,૪૮૦ | ૧,૯૩,૫૬૦/– |
| ૨૦૧૮ | ૫,૦૯૧ | ૪,૯૦૯ | ૧,૩૦,૨૪૬/– |

---------

# ૩૩૧

## નર્મદા જિલ્લા રોજગાર કચેરી દ્વારા શિબિરોનું આયોજન

* ૧૧૫૨૫ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ નર્મદા જિલ્લા રોજગાર કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ, અને

(૧) ૩૩

(૨) ઉકત શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યાં હતા ?

(૨) ૨૪૨૭

---------

# ૩૩૨

## છોટાઉદેપુર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૧૪૮૦ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| જેતપુર પાવી | ૯૮૮ |
| છોટાઉદેપુર | ૫૫૯ |
| ક્વાંટ | ૬૦૧ |
| નસવાડી | ૫૧૪ |
| સંખેડા | ૮૭૦ |
| બોડેલી | ૧૦૧૬ |
| **કુલ** | **૪૫૪૮** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૪૫૪૮ |
| મંજૂર નોંધો | ૪૦૩૦ |
| નામંજૂર નોંધો | ૨૦૧ |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. પેઢીનામામાં વિસંગતતા હોવાથી.

૨. મરણના દાખલા રજુ કરેલ ન હોવાથી.

૩. ૧૩૫ ડી ની નોટીસો બજેલ ન હોવાથી..

૪. પેઢીનામાની ખાતરી કરતાં અન્ય વારસદારો બાકી રહેતા હોવાથી.

૫. નિયત નમૂનામાં પેઢીનામું રજુ કરેલ ન હોવાથી.

૬. આડી લીટીના વારસો દાખલ થતા હોવાથી

---------

# ૩૩૩

## મોરબી જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

* ૧૧૫૦૬ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| માળિયા | ૫૮૭ |
| મોરબી | ૧૩૭૯ |
| ટંકારા | ૫૭૩ |
| હળવદ | ૧૨૮૭ |
| વાંકાનેર | ૧૦૦૫ |
| **કુલ** | **૪૮૩૧** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૪૮૩૧ |
| મંજૂર નોંધો | ૪૪૩૭ |
| નામંજૂર નોંધો | ૧૩૧ |

| | |
|---|---|
| (૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ? | (૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.<br>૧. વારસાઈ આંબા અને સોગંદનામામાં ભૂલ હોવાથી.<br>૨. તમામ વારસદારે જાહેર ન થતાં લગત વારસદારના હક્ક ડુબતા હોવાથી.<br>૩. વારસદારોમાં વિસંગતતા હોવાથી.<br>૪. સીધીલીટીના વારસદારો ન હોવાથી.<br>૫. વારસદારો બાબતે તકરાર ઉપસ્થિત થવાથી.<br>૬. મરણનો દાખલો રજુ ન થવાના કારણે.<br>૭. નામ. કોર્ટનું પ્રોબેટ રજુ ન થવાથી<br>૮. છુટા છેડાના કેસમાં પૂરતા આધારો રજુ ન કરવાના કારણે. |

---------

# ૩૩૪

**મહેસાણા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો**

* ૧૧૫૧૮ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા ખાતે કેટલા રોજગાર વાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૨૪૩૦૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૦૩૬૨ |

---------

# ૩૩૫

**ગીર સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અરજીઓ**

* ૧૧૫૬૧ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૭૬૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૭૬૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧૧૩૪૫ |

---------

# ૩૩૬

**મહેસાણા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો**

* ૧૧૫૧૭ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા ખાતે કેટલા રોજગાર વાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૨૪૩૦૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૦૩૬૨ |

---------

# ૩૩૭

## પાટણ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

* ૧૧૫૩૧ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૨૫ |
| (૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૪૭૨૨ |

---------

# ૩૩૮

## મહીસાગર જિલ્લામાં ઈન્દિરાગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના

* ૧૧૫૪૬ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં ઈન્દિરાગાંધી રાષ્ટ્રિય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૯૮૯૧ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, કેટલી નામંજુર કરી, અને | (૨) ઉક્ત પૈકી ૮૬૩૩ અરજીઓ મંજુર કરી, ૧૦૮૪ અરજીઓ નામંજુર કરી છે. |
| (૩) ઉક્ત અરજીઓ નામંજુર થવાના કારણો શું છે ? | (૩) નામંજુરીના કારણો નીચે મુજબ છે. |

| ક્રમ | નામંજુરીના કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧ | નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી | ૪૪૯ |
| ૨ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી | ૬૩૫ |
| | **કુલ** | **૧૦૮૪** |

---------

# ૩૩૯

## કચ્છ જિલ્લામાં સરકારી પડતર જમીન ફાળવવા બાબત

* ૧૨૨૩૩ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મુંદ્રા અને માંડવી તાલુકામાં સરકારી પડતર જમીન મેરીટાઈમ બોર્ડ તેમજ મુંદ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન માટે ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મુંદ્રા અને માંડવી તાલુકામાં મેરીટાઇમ બોર્ડને કોઈ સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ નથી. જ્યારે મુંદ્રા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન માટે સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી કેટલી જમીન કોને, શાં ભાવે વેચાણથી કે ભાટાપટ્ટે આપવામાં આવી, અને | (૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી કોઈ જમીન વેચાણથી કે ભાડા પટ્ટે આપવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે સરકારને કેટલી આવક થઈ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૩૪૦

## અમરેલી જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ

* ૧૧૫૫૬ **શ્રી વી. ડી. ઝાલાવાડિયા** (કામરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ લેવા માટે વિકસતિ જાતીના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) મળેલ અરજી<br>યુગલ – ૫૩૨<br>સંસ્થા – ૨૬ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) મંજૂર અરજી<br>યુગલ – ૫૩૨<br>સંસ્થા – ૨૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ચુકવેલ સહાય<br>રૂ. ૬૨.૫૮ લાખ |

---------

# ૩૪૧

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી

* ૧૨૧૪૮ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૩૪૨

## તાપી જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૧૧૪૭૫ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૩૨૭ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

# ૩૪૩

## મોરબી જિલ્લામાં અનુસૂચિત જાતિના છાત્રાલયો

* ૧૧૫૫૧ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ–પૂર્વ) : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મોરબી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા છાત્રાલયો ચાલે છે, | (૧) ૦૨ (બે) |

(૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે,
(૨) ૧૧૫ (એક સો પંદર)

(૩) વર્ષ ૨૦૧૭-૧૮માં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને
(૩) ૧૦૬ (એક સો છ)

(૪) ઉક્ત છાત્રાલયોમાં શું સગવડતાઓ આપવામાં આવે છે?
(૪) સરકારી તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ બંને છાત્રાલયોમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને મફત રહેવાની, જમવાની તથા રમત-ગમતના સાધનો, બુકબેંક પુસ્તકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે.

---------

# ૩૪૪

**જેલ આધુનિકરણ યોજના અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

* ૧૨૧૦૪ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જેલ આધુનિકરણ-સુધારણા માટેની યોજના અન્વયે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો, હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૩૪૫

**કોમન જીડીસીઆરમાંથી અપીલ કમિટીની જોગવાઈ રદ કરવા બાબત**

* ૧૨૦૫૪ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ કોમન જીડીસીઆરમાંથી અપીલ કમિટિની જોગવાઈ રદ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો અપીલ કમિટિની જોગવાઈ રદ કરવાના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ અપીલ કમિટિ રદ કરવા માટે નાગરિકોના વાંધા-સૂચનો મંગાવવામાં આવેલ હતા કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૩૪૬

**રાજ્યમાં ઓનલાઈન એન.એ**

* ૧૧૪૮૬ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ઓનલાઈન એન.એ.ની કાર્યપદ્ધતિ ક્યારથી અમલમાં આવી, અને | (૧) તા.૧૨-૧૨-૨૦૧૮ થી, |
| (૨) ઉક્ત સ્થિતિએ ઓનલાઈન એન.એ. કાર્યપદ્ધતિને કારણે રાજ્યના નાગરિકોને શું ફાયદો થયેલ છે ? | (૨) (૧)ઓનલાઈન એન.એ. કાર્યપદ્ધતિને કારણે રાજ્યના નાગરિકોને કચેરીઓની મુલાકાતમાંથી મુક્તિ મળેલ છે.<br>(૨) અરજદારોને મહેસુલી રેકર્ડ રજુ કરવામાંથી મુક્તિ મળેલ છે.<br>(૩) નિર્ણય પ્રક્રિયા ઝડપી બનેલ છે.<br>(૪) રાજ્યના નાગરિકોને ઘરબેઠા નેટ બેન્કિંગ દ્વારા અરજી ફી અને અન્ય કરવેરાની ભરપાઈ માટે ઓનલાઈન પેમેન્ટની સેવા મળેલ છે. |

(૫) અરજી પ્રક્રિયાની એસએમએસ–ઈ.મેઈલ દ્વારા અરજદારને જાણકારી મળે છે.

---------

# ૩૪૭

## તાપી જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૧૪૯૧ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વ્યારા | ૧૨૩૩ |
| ડોલવણ | ૮૦૨ |
| વાલોડ | ૫૪૭ |
| સોનગઢ | ૧૦૫૯ |
| ઉચ્છલ | ૩૨૭ |
| નિઝર | ૨૨૩ |
| કુકરમુંડા | ૧૭૩ |
| **કુલ** | **૪૩૬૪** |

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૪૩૬૪ | ૩૮૬૭ | ૧૫૭ |

(૩) ઉક્ત નોંધો નામંજુર થવાના કારણો :

- પેઢીનામામાં વિસંગતતા હોવાના કારણે, કબજેદારના નામમાં વિસંગતતા હોવાના કારણે, મરણના દાખલામાં વિસંગતતા હોવાના કારણે,
- સાધનિક કાગળો પૂરતા ન હોવાના કારણે, અગાઉ નોંધ પાડેલ હોવાના કારણે, કાયદેસરના વારસદારો ઠરતા નહીં હોવાથી,
- સીધીલીટીના વારસદારોએ અરજી કરેલ ન હોવાથી, વારસોના જવાબમાં તમામની સહી ન હોવાથી, મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી,
- ગુજરનાર કબજેદારનું નામ, મરણના દાખલા, પેઢીનામા માં વિસંગતતા હોવાથી, કોર્ટ કેસ ચાલુ હોવાથી,
- સીધીલીટીના વારસદારો ન હોવાથી, સીધીલીટીના વારસો છુપાવેલ હોવાથી, મૃત ખાતેદારના નામમાં તફાવત હોવાથી, વિગેરે કારણોસર.

---------

# ૩૪૮

## દાણીલીમડા વિસ્તારમાંથી પકડાયેલ ગેરકાયદેસર કતલખાના બાબત

* ૧૨૦૯૮ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુલાઇ–૨૦૧૮ માં અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાંથી ગેરકાયદેસર કતલખાનું પકડવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ના, જી, આ હકીકત સાચી નથી. પરંતુ અસામાજીક તત્વો દ્વારા પશુઓની ગેરકાયદેસર કતલનાં ૩ બનાવો પોલીસ દ્વારા શોધી કાઢવામાં આવેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કતલખાનામાંથી કેટલો પશુ માંસનો જથ્થો કબ્જે કરાયો હતો,

(૨) કુલ–૨૨૦૦ કિલો.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી છે અને તેની સામે કઇ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, અને

(૩) ઉક્ત ૩ બનાવોમાં કુલ–૧૫ આરોપીઓની ધરપકડ કરી અલગ–અલગ ગુનાઓ દાખલ કરી 'ધી પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪' ની કલમ ૫, ૬, ૬(ક), ૭, ૮, બી.પી.એમ.સી એક્ટ–૧૯૪૯ની કલમ ૩૩૫, ૩૯૨ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કતલખાનામાં સંડોવાયેલા કેટલા ઇસમોની ધરપકડ બાકી છે ?

(૪) એકપણ નહિ.

---------

# ૩૪૯

## જામનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા શિબિરોનું આયોજન

* ૧૧૫૩૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા** (જામનગર–ઉત્તર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જામનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ, અને

(૧) ૫૬

(૨) ઉક્ત શિબિરોમાં કેટલાં ઉમેદવારો હાજર રહ્યાં હતા ?

(૨) ૧૫૩૧૬

---------

# ૩૫૦

## કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડ માંથી વર્ષવાર ખર્ચ.

* ૧૨૨૩૨ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુદરતી આફતો સબબે સ્ટેટ ડિઝાસ્ટર રિલિફ ફંડમાંથી નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | ૨૧૧.૬૬ |
| ૨ | ૨૦૧૭–૧૮ | ૧૮૦૫ |
| ૩ | ૨૦૧૮–૧૯ | ૮૦.૪૪ |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રકમ ફાળવવામાં આવી છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | ફાળવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | ૫૫૫ |
| ૨ | ૨૦૧૭–૧૮ | ૫૦૦ |
| ૩ | ૨૦૧૮–૧૯ | ૪૪૯.૯૫ |

(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ જમા છે?

(૩) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ, ઉક્ત ફંડમાં રૂ.૨૭૯૨.૯૯ કરોડ જમા છે.

---------

# ૩૫૧

## અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

* ૧૧૫૨૨ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૧ |
| (૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૧૯૭૫૦ |

---------

# ૩૫૨

## ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માટેનાં અનુદાન માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત

* ૧૨૦૬૪ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ભારત સરકાર સમક્ષ ગુજરાતની અગત્યની બાબતો વર્ષ–૨૦૧૫ પૈકી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માટેનું અનુદાન ફાળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆત કરવામાં આવી, અને | (૧) શહેરી વિકાસ મંત્રાલય ભારત સરકારનાં તા.૧૦–૦૬–૨૦૧૬ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માટે ગ્રાન્ટની ફાળવણી કરી શકાય તેમ નથી આથી જૂન–૨૦૧૬ બાદ છેલ્લા બે વર્ષમાં કોઈ રજૂઆત કેન્દ્ર સરકારમાં કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શો પ્રતિભાવ મળ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૩૫૩

## ખેડા અને આણંદ જીલ્લામાં વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી

* ૧૨૧૬૧ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં ખેડા અને આણંદ જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૩૫૪

## અમદાવાદના અડાલજ અને ગોતા વિસ્તારમાં પાવર ઓફ એટર્નીથી જમીનો પડાવવા બાબત

* ૧૨૨૨૫ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૮ની સ્થિતિએ અમદાવાદના અડાલજ અને ગોતા વિસ્તારમાં પાવર ઓફ અટર્નીથી જમીનો પડાવી લેવાની ફરીયાદથી સરકાર વાકેફ છે, | (૧) હા, |

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખોટા દસ્તાવેજો ઉભા કરીને જમીનો પડાવી લેવાના કેટલા કિસ્સાઓ સરકારના ધ્યાને આવ્યા, અને

(૨) ૨ (બે)

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા?

(૩) મોજે. અડાલજ જી.ગાંધીનગરના બંને કેસોમાં અરજદારોની રજુઆત ધ્યાને લઈ કેસો જિલ્લા સીટમાં દાખલ કરી વધુ તપાસ કરવાની થતી હોઈ, પ્રાંત અધિકારી ગાંધીનગર તથા પોલીસ અધિક્ષક ગાંધીનગરનો અહેવાલ મંગાવવામાં આવેલ છે.

---------

# ૩૫૫

**રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિકાસ અને કલ્યાણ માટે ફાળવેલ બજેટ**

* ૧૨૨૪૨ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા એસ.સી., ઓ.બી.સી.ના વિકાસ અને કલ્યાણ માટે કેટલું બજેટ ફાળવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને વર્ષવાર કેટલું બજેટ વણવપરાયેલ રહ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) અને (૨)

(રૂા.લાખમાં)

| વર્ષ | ફાળવેલ બજેટ | થયેલ ખર્ચ | વણવપરાયેલ બજેટ |
|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૬૭,૧૭૦.૧૧ | ૧૬૦,૨૪૮.૧૯ | ૯૨૯૪.૯૨ |
| ૨૦૧૮–૧૯ (ડિસે. અંતિત) | ૧૮૦,૯૭૭.૧૩ | ૧૦૫,૨૨૫.૪૫ | ૭૫,૭૫૧.૬૮ |

(૩)

૧. શૈક્ષણિક યોજનાઓમાં જે તે યોજનાઓની શૈક્ષણિક સંસ્થાઓ/શાળા/કોલેજો તરફથી શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્તો ઓછી મળવાના કારણે.

૨. માર્ગ અને મકાન બાંધકામ વિભાગ હસ્તકના સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાના મકાન બાંધકામના કામોની વહીવટી, તાંત્રિક મંજૂરીઓ તેમજ ટેન્ડર પ્રક્રિયામાં સમય જવાથી.

૩. વ્યકિતલક્ષી યોજનાના માપદંડો મુજબની અરજીઓ ઓછી મળવાના કારણે.

---------

# ૩૫૬

**બોમ્બે હાઈના ઓફ શોરથી મળતા ગેસની ફાળવણી**

* ૧૨૨૧૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બોમ્બે હાઈના ઓફ શોરથી મળતા ગેસની ફાળવણી ગુજરાત રાજ્યને થઈ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વર્ષવાર કેટલો જથ્થો રાજ્યને મળ્યો અને આ જથ્થાનો કેટલો ઉપયોગ કયા હેતુસર કરવા માટે ફાળવણી કે વેચાણ કરવામાં આવ્યુ?

**જવાબ**

(૧) મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ અને નેચરલ ગેસની તા.૩ ફેબ્રુઆરી–૨૦૧૪ની ગાઈડ લાઈન મુજબ રાંધણ ગેસ અને સીએનજી ગેસની ફાળવણી કરવામાં આવે છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે ગેસ ફાળવવામાં આવેલ છે અને રાંધણ ગેસ અને સીએનજી ગેસ ફાળવવામાં આવેલ ગેસ તે જ હેતુ માટે ગુજરાત ગેસ લિમિડેટ અને સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા વાપરવામાં આવેલ છે.

| વર્ષ (જાન્યુઆરી થી ડિસેમ્બર) | ગુજરાત ગેસ (MMSCM*) | સાબરમતી ગેસ (MMSCM*) |
|---|---|---|
| વર્ષ ૨૦૧૭ | ૪૬૪.૨૯ | ૧૨૩.૪૦ |
| વર્ષ ૨૦૧૮ | ૫૦૩.૨૨ | ૧૫૩.૦૮ |

*MMSCM (Million Metric Standard Cubic Meter)

---------

# ૩૫૭

## રાજ્યમાં ડી.વાય.એસ.પી. (એટ્રોસીટી)ની ખાલી જગ્યા

* ૧૨૨૫૮ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કયા જિલ્લાઓમાં ડી.વાય.એસ.પી. (એટ્રોસીટી)ની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી રહેલ તમામ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ખાલી જગ્યાઓની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | ક્યારથી ખાલી છે? |
|---|---|---|
| ૧ | મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એસ.સી./એસ.ટી.સેલ, રાજકોટ શહેર | ૨૧–૧૧–૧૮ |
| ૨ | નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી./એસ.ટી. સેલ, અમરેલી | ૨૧–૧૧–૧૮ |

(૨) આગામી બઢતી/બદલી પ્રસંગે વહીવટી અનુકૂળતાએ આ જગાઓ ભરવામાં આવશે.

---------

# ૩૫૮

## રાજ્યમાં લઘુમતીઓના વિકાસ માટે બજેટમાં રકમની જોગવાઈ

* ૧૨૨૫૧ **શ્રી વલ્લભભાઈ ધારવિયા** (જામનગર ગ્રામ્ય) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે નાણાકીય વર્ષમાં લઘુમતીઓના વિકાસ માટે રાજ્ય સરકારે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત રકમ વણવપરાયેલ રહી હોય તો કેટલી રકમ વણવપરાયેલ રહી અને તેના કારણો શાં છે?

**જવાબ**

(૧)

**(રકમ રૂ.લાખમાં)**

| વર્ષ | બજેટ જોગવાઈ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૫૧૬૬.૨૪ | ૩૭૪૨.૧૮ | ૧૪૨૪.૦૬ |
| ૨૦૧૮–૧૯ (ડિસે. ૧૮ સુધી) | ૬૬૮૪.૧૬ | ૪૨૦૩.૭૮ | ૨૪૮૦.૩૮ |

(૨) અને (૩)

૧. શૈક્ષણિક યોજનાઓમાં જે તે યોજનાની શૈક્ષણિક સંસ્થાઓ/શાળા/કોલેજો તરફથી શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્તો મોડી તેમજ ઓછી મળવાના કારણે.

૨. વ્યકિતલક્ષી યોજનાના માપદંડો મુજબની અરજીઓ ઓછી મળવાના કારણે.

૩. બહુક્ષેત્રીય વિકાસ કાર્યક્રમ હેઠળની માળખાકીય સુવિધાના કામોની દરખાસ્ત નહીં મળવાના કારણે.

---------

# ૩૫૯

## સાબરકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૧૫૦૪ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| હિંમતનગર | ૧૭૦૯ |
| વડાલી | ૫૮૮ |
| ખેડબ્રહ્મા | ૫૭૨ |
| વિજયનગર | ૬૨૩ |
| પોશીના | ૩૧૨ |
| પ્રાંતિજ | ૧૪૫૪ |
| તલોદ | ૧૩૯૧ |
| ઈડર | ૧૫૭૩ |
| **કુલ** | **૮૨૨૨** |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૮૨૨૨ | ૭૫૧૯ | ૧૮૫ |

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શાં છે ?

(૩) ઉક્ત નોંધો નામંજુર થવાના કારણો :

- પેઢીનામામાં વારસદારો છુપાવેલ હોવાથી,
- જરૂરી આધાર પુરાવા સામેલ કરેલ ન હોવાથી,
- વારસદારોને ૧૩૫ ડી ની નોટીસની બજવણી થયેલ ન હોવાથી
- અગાઉ વારસાઈ નોંધ પડાવેલ હોવાથી,
- નામમાં વિસંગતતા હોવાથી, વિગેરે કારણોસર.

---------

# ૩૬૦

## અમદાવાદ અને વડોદરા જિલ્લામાં વિદેશી દારૂના પરવાના

* ૧૨૦૮૭ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા જીલ્લામાં જીલ્લાવાર વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના પરવાનેદારો કેટલા છે,

(૧)

| જીલ્લા | પરવાનેદારની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૧૫ |
| વડોદરા | ૦૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, જીલ્લાવાર વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવાના કેટલા નવા પરવાનાઓ આપવામાં આવ્યા,

(૨)

| વર્ષ | જીલ્લા | પરવાનાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૭ | અમદાવાદ | – |
| | વડોદરા | – |
| ૨૦૧૮ | અમદાવાદ | ૦૨ |
| | વડોદરા | – |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવામાં આવ્યું, અને

(૩)

| વિદેશી દારૂ (કિલો લીટર) | બિયર (કિલો લીટર) |
|---|---|
| ૫૦૧.૯૩૮ | ૩૧૬૧.૬૮૮ |

(૪) ઉક્ત સ્થિતિએ સરકારને છેલ્લાં બે વર્ષમાં ઉક્ત પેટે કુલ કેટલી આવક મળી?

(૪) રૂ. ૧૪.૭૮ કરોડ

---------

# ૩૬૧

**તાપી અને સુરત જીલ્લામાં વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે રોજગારી**

* ૧૨૧૫૫ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં તાપી અને સુરત જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કેટલા સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં રોકાણકારો સૂચિત રોજગારીની માહિતી આપતા હોય છે. સ્થાનિક રોજગારીની અલગ માહિતી દર્શાવવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૬૨

**છોટાઉદેપુર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

* ૧૧૪૮૧ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| જેતપુર પાવી | ૯૮૮ |
| છોટાઉદેપુર | ૫૫૯ |
| કવાંટ | ૬૦૧ |
| નસવાડી | ૫૧૪ |
| સંખેડા | ૮૭૦ |
| બોડેલી | ૧૦૧૬ |
| **કુલ** | **૪૫૪૮** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૪૫૪૮ |
| મંજૂર નોંધો | ૪૦૩૦ |
| નામંજૂર નોંધો | ૨૦૧ |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. પેઢીનામામાં વિસંગતતા હોવાથી

૨. મરણના દાખલા રજુ કરેલ ન હોવાથી.

૩. ૧૩૫ ડી ની નોટીસો બજેલ ન હોવાથી

૪. પેઢીનામાની ખાતરી કરતાં અન્ય વારસદારો બાકી રહેતા હોવાથી

૫. નિયત નમુનામાં પેઢિનામું રજુ કરેલ ન હોવાથી.

૬. આડી લીટીના વારસો દાખલ થતા હોવાથી

---------

# ૩૬૩

## બનાસકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અરજીઓ

* ૧૧૫૫૯ **શ્રી શશીકાંત પંડ્યા** (ડીસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૨૩૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૩૧૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૧૭૯.૨૪ લાખ |

---------

# ૩૬૪

## ગાંધીનગર અને જૂનાગઢ જિલ્લામાં વિદેશી દારૂના પરવાના

* ૧૨૦૮૪ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર અને જૂનાગઢ જીલ્લામાં જીલ્લાવાર વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના પરવાનેદારો કેટલા છે,

(૧)

| જિલ્લા | પરવાનેદારની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૦૩ |
| જૂનાગઢ | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવાના કેટલા નવા પરવાનાઓ આપવામાં આવ્યા,

(૨) એકપણ નહીં.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદેશી દારૂ અને બિયરનું વેચાણ કરવામાં આવ્યું, અને

(૩)

| વિદેશી દારૂ (કિલો લીટર) | બિયર (કિલો લીટર) |
|---|---|
| ૫૪.૭૮૧ | ૪૧૬.૪૭૩ |

(૪) ઉક્ત સ્થિતિએ સરકારને છેલ્લાં બે વર્ષમાં ઉક્ત પેટે કુલ કેટલી આવક મળી ?

(૪) રૂ.૧.૨૪ કરોડ.

---------

# ૩૬૫

## અરવલ્લી જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ

* ૧૧૫૫૫ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૧૪૮૫ |
| (૨) ઉક્ત પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૪૮૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૬૪૧.૮૬ લાખ |

---------

# ૩૬૬

## ભાવનગર જિલ્લામાં લશ્કરી ભરતી તાલીમવર્ગનું આયોજન

* ૧૧૫૩૬ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮માં લશ્કરી ભરતી પૂર્વે કેટલા નિવાસી તાલીમવર્ગનું આયોજન કરવામાં આવ્યું, અને,

(૨) ઉક્ત ભરતી તાલીમવર્ગમાં કેટલા ઉમેદવારોને તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૨

(૨) ૬૦

---------

# ૩૬૭

## માહિતી કમિશ્નરની કચેરી દ્વારા પ્રકાશિત થતા મેગેઝીન

* ૧૨૧૪૩ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર–ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ માહિતી કમિશ્નરની કચેરી દ્વારા કેટલા મેગેઝીન ખાનગી અને સરકારી પ્રેસમાં છપાવવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રેસોમાં મેગેઝીન છપામણી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ તમામ મેગેઝીન સરકારી પ્રેસમાં નહીં છપાવવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૮ની સ્થિતિએ માહિતી કમિશ્નરની કચેરી દ્વારા બે મેગેઝીન સરકારી પ્રેસમાં તથા એક મેગેઝીન ખાનગી પ્રેસમાં છપાવવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પ્રેસોમાં મેગેઝીન છપામણીનો ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | સરકારી પ્રેસમાં છપાવેલ મેગેઝીનનો ખર્ચ | ખાનગી પ્રેસમાં છપાવેલ મેગેઝીનનો ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૭ | રૂ. ૨,૦૩,૬૪,૦૩૮/- | રૂ. ૬,૭૪,૬૮,૬૦૯/– |
| ૨૦૧૮ | રૂ. ૧,૦૪,૫૩,૨૦૨/– | રૂ. ૮,૫૭,૫૦,૨૩૨/– |

(૩) ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક, ધ ગુજરાત–અંગ્રેજી મેગેઝીન, અન્ય વિકાસલક્ષી તમામ પ્રકાશનો સરકારી પ્રેસમાં છપાવવામાં આવે છે. માત્ર ગુજરાત પાક્ષિક સરકારી પ્રેસમાં છપાવવામાં આવતું નથી. કારણ કે, ગુજરાત પાક્ષિક એ નિયમિત પ્રકારનું અને સમય મર્યાદામાં પ્રસિધ્ધ કરાતું રાજ્ય સરકારનું મહત્વપૂર્ણ પ્રકાશન છે. સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી પાસે વિધાનસભા, બજેટ સાહિત્ય, ચૂંટણી, એડમિશન કમિટી વગેરે જેવા રાજ્ય સરકારના મહત્વના સમયમર્યાદા વાળા મુદ્રણ કામો હોવાથી, ગુજરાત પાક્ષિકની પ્રત્યેક અંકની મોટી સંખ્યામાં નકલો સમયમર્યાદામાં મુદ્રિત કરી નિયમિતતા સાચવવી શક્ય ન હોવાથી નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર પાસેથી ગુજરાત પાક્ષિકના પ્રિન્ટીંગની અસમર્થતા દર્શાવતું એન.ઓ.સી. મેળવ્યા બાદ નિયત ટેન્ડર પ્રક્રિયા અનુસરીને યોગ્ય કક્ષાએથી મંજૂરી મેળવ્યા બાદ ગુજરાત પાક્ષિકનું છાપકામ ખાનગી પ્રેસ પાસે કરાવવામાં આવે છે.

---------

# ૩૬૮

## ગોધરા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો

* ૧૧૫૧૯ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ગોધરા ખાતે કેટલા રોજગાર વાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૧૩૪૮૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૭૪૦૮ |

---------

# ૩૬૯

## અમરેલી જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે અરજીઓ

* ૧૧૫૪૮ **શ્રી કાન્તિભાઈ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા. ૧–૪–૨૦૧૮થી તા. ૩૧–૧૨–૨૦૧૮ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૩૯૯ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૯૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૩૯૧ લાભાર્થીઓને રૂ. ૪,૮૭,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ સત્યાંસી હજાર પુરાની) રકમ ચૂકવવામાં આવી. |

---------

# ૩૭૦

## અરવલ્લી જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૧૧૫૬૫ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૧૪૮૫ |
| (૨) ઉક્ત પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૪૮૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૬૪૧.૮૬ લાખ |

---------

# ૩૭૧

## ભાવનગર જિલ્લામાં લશ્કરી ભરતી તાલીમવર્ગનું આયોજન

* ૧૧૫૩૫ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮માં લશ્કરી ભરતી પૂર્વે કેટલા નિવાસી તાલીમવર્ગનું આયોજન કરવામાં આવ્યું, અને, | (૧) ૨ |

(૨) ઉક્ત ભરતી તાલીમવર્ગમાં કેટલા ઉમેદવારોને તાલીમ આપવામાં આવી ?

(૨) ૬૦

---------

# ૩૭૨

## રાજ્યમાં અમૃત યોજના

* ૧૨૦૬૨ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં વધતાં જતા શહેરીકરણનું ભારણ ઘટાડવા રાજ્યના ૮ મહાનગરો માટે ભારત સરકારે અમૃત યોજના અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્ય સરકારે સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં કેટલી રકમનો એકશન પ્લાન કેન્દ્ર સરકારને ક્યારે મોકલ્યો, અને

(૩) તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) હા જી.

(૨) આ અન્વયે રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં વર્ષવાર અમૃત મિશન અંતર્ગતના ૩૧ શહેરો માટે નીચે મુજબની રકમના એકશન પ્લાન કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ.

| વર્ષ | સ્ટેટ એકશન પ્લાનની રકમ (રૂ. કરોડમાં) | તારીખ |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૮૧૦.૨૦ | ૧૯.૦૫.૨૦૧૬ |
| | ૧૬૯૨.૦૦૦૮ | ૦૮.૧૧.૨૦૧૬ |
| ૨૦૧૭–૧૮ | શૂન્ય | |

(૩) તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | સ્ટેટ એકશન પ્લાનની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૬૮.૩૧ |
| ૨૦૧૭–૧૮ | ૧૦૩.૩૪ |

---------

# ૩૭૩

## બનાસકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અરજીઓ

* ૧૧૫૪૪ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૩૧૯

(૨) ૨૩૧૯

(૩) રૂ. ૧૧૭૯.૨૪ લાખ

---------

# ૩૭૪

## અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પુરવઠો પૂરો પાડવા માટેનો પ્રોજેક્ટ

* ૧૨૦૭૪ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ૨૪ કલાક પૂરતા દબાણથી પાણી પુરવઠો આપવા માટે સરકાર દ્વારા અભ્યાસ કરાવ્યો હતો કે કેમ,

(૨) તે અન્વયે અમદાવાદ શહેરના કયા વોર્ડને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરવામાં આવેલ,

(૩) ઉક્ત સ્થિતિએ પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરાયેલ વોર્ડમાં પાઈપ લાઈન અને અન્ય આનુષાંગિક કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરાયેલ વોર્ડમાં ક્યારથી ૨૪ કલાક પાણી પુરું પાડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરનો ટોપોગ્રાફિક સર્વે, કન્ટુર સર્વે, કન્ઝયુમર સર્વે તથા નેટવર્ક સર્વેની કામગીરી કરવામાં આવેલ છે.

(૨) જોધપુર વોર્ડ તથા સ્ટેડીયમ વોર્ડ.

(૩) જોધપુર વોર્ડની સ્કીમમાં રૂ. ૩૫/– કરોડનો ખર્ચ અને સ્ટેડીયમ વોર્ડની સ્કીમમાં રૂ. ૧૦/– કરોડ.

(૪) હાલમાં ૬–૩૦ કલાક પાણી વિતરણ કરવામાં આવે છે. તબક્કાવાર ૨૪ કલાક પાણી પુરું પાડવામાં આવશે.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# ચૌદમી ગુજરાત વિધાનસભા

ત્રીજુ સત્ર, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નોત્તરી

મંગળવાર, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯

## શુધ્ધિપત્રક

| અ.નં. | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ | પા.નં. | વિગત | અશુધ્ધ | શુધ્ધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૨૧૦૮ | ૧૬ | ૮ | પ્રશ્ન ખંડ-૧ ની ત્રીજી લીટી | ગુનાઇત ઘટનામાં | ગુનાહિત ઘટનામાં |
| ૨ | ૧૨૨૧૯ | ૨૦ | ૧૦ | પ્રશ્ન ખંડ-૩ ની છેલ્લી લીટી | વાંધા ફરિયાદો | વાંધા / ફરિયાદો |
| ૩ | ૧૨૦૬૦ | ૩૧ | ૧૪ | પ્રશ્ન ખંડ-૧ ની છેલ્લી લીટી | કેટલી દરખાસ્ત માંગણી | કેટલી દરખાસ્ત/ માંગણી |
| ૪ | ૧૧૩૯૦ | ૫૨ | ૨૪ | સભ્યશ્રીનો મતવિસ્તાર | (રાજકોટ) | (રાજકોટ ગ્રામ્ય) |
| ૫ | ૧૨૧૪૬ | ૧૨૩ | ૪૮ | પ્રશ્ન ખંડ-૧ ની ચોથી લીટી | કેટલા સ્થાનિક બેરોજગારોને | કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને |
| ૬ | ૧૨૦૫૨ | ૧૬૭ | ૬૫ | પ્રશ્નનું શિર્ષક | સ્માર્ટ સીટી અન્વયે | મિશન સ્માર્ટ સીટી અન્વયે |
| ૭ | ૧૨૧૦૬ | ૧૮૪ | ૭૦ | જવાબ ખંડ-(૧) અને (૨) | પત્રક-અ% | પત્રક-અ |
| ૮ | ૧૧૫૦૨ | ૧૯૬ | ૭૫ | સભ્યશ્રીનું નામ | શ્રી શૈલેષ  ભાભોર | શ્રી શૈલેષભાઇ ભાભોર |
| ૯ | ૧૧૪૭૮ | ૨૨૯ | ૮૯ | સભ્યશ્રીનું નામ | શ્રી કુબેરભાઇ ડીડોર | શ્રી કુબેરભાઇ ડીંડોર |
| ૧૦ | ૧૧૪૬૫ | ૨૪૬ | ૯૬ | સભ્યશ્રીનું નામ | શ્રી સંગીતાબેન પાટીલ | શ્રીમતી સંગીતાબેન પાટીલ |
| ૧૧ | ૧૧૪૭૨ | ૨૪૮ | ૯૭ | પ્રશ્ન ખંડ-૧ ની છેલ્લી લીટી | થયા છે, | થયા છે, અને |
| ૧૨ | ૧૨૧૧૮ | ૨૭૯ | ૧૦૯ | પ્રશ્ન ખંડ-૧ ની છેલ્લી લીટી | મળેલ છે, | મળેલ છે કે કેમ, અને |

--------------------------------------------------------------------------------